સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

મે, ૨૦૨૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૨૫/-



## બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં ચરણે

## સ્મરણપુષ્પોની ભાવ-અંજલિ




સુરતમાં કણાદ ખાતે પરમ પૂજ્ય સ્વામીશ્રીના સાંનિધ્યમાં યોજાયો યુવાદિન. આ યુવાદિનમાં હજારો યુવાનોએ ઉત્સાહથી ભાગ લીધો.
ભિન્ન ભિન્ન નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની પ્રાણપ્રતિષ્ઠા વિધિ કરતા સ્વામીશ્રી. (સુરત)







# એ યોગીવર જ્ઞાનજીવન તણા પાયે નમું પ્રીતથી...


૩. સંપાદકીય

૪. મારાં સ્મરણપુષ્પોની એક ભાવ-અંજલિઃ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને...

૧૪. યોગી યુવક ઉપવાસ કૉલેજ - સાધુ ઈશ્વરચરણદાસ

૧૮. પ્રેમલક્ષણા ભક્તિની અસ્ખલિત રસધારાઃ યોગીજી મહારાજ - શ્રી ગુણવંત દાણી

૨૪. લિંબતરુ નીચે બિરાજતા ભગવાન શ્રી સ્વામિનારાયણ - ડૉ. વી. પી. રાવલ

૨૯. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સુરતમાં સ્વામીશ્રી...

૩૪. નવી દિલ્હી અક્ષરધામની દર્શન-મુલાકાતે પધાર્યા અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સ

૩૬. કેનેડાના પ્રધાનમંત્રીશ્રી માર્ક કાર્ની પધાર્યા ટોરન્ટો મંદિરની મુલાકાતે

૩૭. ઓસ્ટ્રેલિયન સંસદભવનમાં શ્રી જ્હોન ફુલબ્રુકે સંસ્થાને બિરદાવી

૩૮. સિડનીમાં યોજાઈ આધ્યાત્મિક પરિષદ

૩૯. નાઈજીરિયામાં સત્સંગનો શુભારંભ

૪૧. નૂતન મંદિરમાં ઊજવાયા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો

૪૫. સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં વૃત્ત

૫૦. અક્ષરવાસ


વર્ષો પહેલાંની વાત છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અમદાવાદમાં બિરાજતા હતા. આજુબાજુ યુવકો અને હરિભક્તોનો સમુદાય તેમને વીંટળાઈને બેઠો હતો. તેમાં વાત નીકળી એક સામયિકની. મુંબઈથી ભારતીય વિદ્યાભવન દ્વારા પ્રકાશિત 'Bhavan's Journal' નામનું અંગ્રેજીમાં પખવાડિક બહાર પડે છે. તેમાં 'How God came into my life' નામના મથાળા નીચે જુદા જુદા સંતો-પરમહંસોને ભગવાનનો સાક્ષાત્કાર કેવી રીતે થયો તેના પ્રસંગો આવતા. આ વાતનો નિર્દેશ કરીને ઈશ્વરચરણદાસ સ્વામીએ યોગીજી મહારાજને કહ્યું કે, 'આપને ભગવાનનાં દર્શન થયાં હોય એવા પ્રસંગો કહો, તો અમે મુંબઈથી પ્રકાશિત થતા ભવન્સ જર્નલ પખવાડિકમાં મોકલીએ.'

ત્યારે પ્રત્યુત્તરમાં યોગીજી મહારાજે સહજતાથી હસતાં હસતાં કહ્યું, 'અમારે તો અખંડ ભગવાનનું દર્શન છે!'

આ ઉચ્ચારણ એમ ને એમ નહોતું થયું, એમાં અનુભૂતિનો રણકાર હતો. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં ક્ષણિક દર્શન માટે પણ સદ્‌ભાગી બનનાર વ્યક્તિ અવશ્ય પામી જતો કે તેઓ રોમેરોમમાં પરમાત્માના સાક્ષાત્કારની અનુભૂતિથી છલકાય છે.

એટલે જ, સુખ-દુઃખ કે માન-અપમાનની અનેક વિકટ પરિસ્થિતિઓ વચ્ચે તેઓ સદાય દિવ્ય આનંદની સ્વાભાવિક લહેરોમાં મસ્ત રહેતા. એમના સહજ પ્રસંગમાં કંઈકના જીવનની ઉદાસીનતા ખરી પડતી, નિરાશાની નિશાને બદલે આશાનાં સૂર્યકિરણો ફૂટી નીકળતાં, હૈયે બળતી જ્વાળાઓ શમી જતી અને શીતળતા છવાઈ જતી. એટલે જ એક ભક્તકવિએ અનુભવથી ગાયું: *'સૌને શીતળ છાંયલડી યોગીબાપા દેતા...'* વિશ્વને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની ભેટ આપનાર બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે શાંતિ અને સુખનો એ આધ્યાત્મિક પ્રવાહ આજેય વહેતો રાખ્યો છે. વૈશાખ વદ બારસે, તેઓના ૧૩૩મા જન્મજયંતી દિને એ યોગીરાજની સ્મૃતિઓ સાથે 'પ્રકાશ'નો આ અંક એમનાં ચરણે પ્રસ્તુત છે...


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોऽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૭, અંક : ૫, મે, ૨૦૨૫**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ, સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ, સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ) : $ ૨૫(યુ.એસ.એ.)




**લેખો અંગે પત્રવ્યવહારઃ**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહારઃ**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય, સ્વામિનારાયણ અક્ષરપીઠ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

મારાં સ્મરણપુષ્પોની એક ભાવ-અંજલિ

# બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને...



‘અહો! જોગી જેવા સાધુ અનંત કોટિ બ્રહ્માંડમાં નથી. જોગી તે જોગી, સાક્ષાત્ ગુણાતીત સ્થિતિ!
પહેલેથી એક જ રહેણી. હરિભક્તો ઉપર બહુ જ પ્રેમ. સૌને હવે તેમનો જ આધાર છે.
જોગી મહારાજ પાસે તો કરોડ રૂપિયાની ઢગલી કરીએ તોપણ તે ઓછી ગણાય, એવા એ મોટા સાધુ છે.
આજ તો જોગીને સંભાર્યા તે શાંતિ શાંતિ થઈ ગઈ. જોગી મહારાજ વચનસિદ્ધ અને બહુ પ્રતાપી સંત છે.
તેમની છત્રછાયામાં રહીને તમારે સત્સંગ દીપાવવાનો છે.’

**– બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ**

•

‘યોગીજી મહારાજનો મને જે અનુભવ થયો છે, તેને હું શબ્દોમાં રજૂ કરી શકું તેમ નથી.
ઉપનિષદોમાં જે અનુભૂતિ છે તેનું તેઓ જીવંત-મૂર્તિમાન સ્વરૂપ હતા. એ વૃદ્ધ કાયામાંથી સહજ ફૂટી
નીકળતો સર્વાત્મા બ્રહ્મનો સર્વોચ્ચ આનંદ, જાણે દિવ્ય નિર્મળ પ્રેમની સુગંધીમાન લહેરરૂપે ધસમસતો,
એમની નજીક આવનારમાં પ્રવેશતો અને હૃદયને ભરી દેતો.
પછી ભલે તે એ દિવ્યપ્રેમ ઝીલવા સુપાત્ર ન હોય. એટલે જ કોઈપણ માણસ એમને,
એમના દિવ્ય સાંનિધ્યને છોડી શકતો નહીં.
એવા આધ્યાત્મિક સદ્ગુરુ માટે આપણે માત્ર પ્રણિપાત કરી શકીએ...’

**– સ્વામી ચિન્મયાનંદજી (ચિન્મય મિશન)**

•

‘પરમ પૂજ્ય યોગીજી મહારાજનું જીવન શુદ્ધ અને નિર્મળ છે.
એ મહાપુરુષે પોતાનું જીવન, સમાજને દૃષ્ટિમાં રાખીને એટલે માર્ગદર્શક બનીને વ્યતીત કર્યું છે.
એટલે એમણે આધ્યાત્મિક આનંદ ખૂબ ભોગવ્યો છે.
એમનું દર્શન કરતાં એ આપણને તરત જણાઈ આવે છે. એ ખૂબ આનંદમાં રહે છે
અને સાથીઓને આનંદ વહેંચે છે.’

**– પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ**

•

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના દિવ્ય જીવનની કંઈક ઝાંખી કરાવતાં આવાં અનેક અવતરણો અહીં ટાંકી શકાય તેમ છે. એ ઉચ્ચારણો કરનાર સર્વે મહાનુભાવો આધ્યાત્મિક અનુભવની દૃષ્ટિએ તેમજ વિદ્વત્તાની દૃષ્ટિએ પણ એક ઊંચાઈએ બિરાજતા હતા. પરંતુ યોગીજી મહારાજના આધ્યાત્મિક અને દિવ્ય વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને તેઓ જ્યારે તેમના વિશે ઉચ્ચારતા ત્યારે જાણે સમય, વાણી અને શબ્દોનો પ્રવાહ પણ થંભી જતો હતો. યોગીજી મહારાજ વિશેનો અનુભવ શબ્દોમાં ટાંકવો એ ભલભલા માટે એક મૂંઝવણનો વિષય બની રહેતો. કારણ કે એમની અનુભૂતિ એ શબ્દાતીત એવી સાક્ષાત્ બ્રહ્મની અનુભૂતિ હતી. એટલે જ એમના એકાદ વખતનાં દર્શનને પણ લોકો જીવનભર ભૂલી શકતા નહીં. યોગીજી મહારાજના જીવનમાં મોટાઈનો કોઈ દોરદમામ નહીં, આંજી નાંખવાની કોઈ ઝાકઝમાળ નહીં, વિદ્વત્તા કે જ્ઞાનનો કોઈ આડંબર નહીં. યોગીજી મહારાજ એટલે બાળસહજ નિર્દોષતા અને માનવમાત્ર પ્રત્યે અવિરત વહેતી કરુણાનો પ્રવાહ. અખંડ આનંદની વહેતી ગંગાધારા અને નિરંતર ઊડતા ઉત્સાહના સ્ફુલ્લિંગો. યોગીજી મહારાજ વિશેના આવા કંઈક અનુભવો ‘પ્રકાશ’ના પૂર્વાંકોમાં પ્રકાશિત થયા છે. યોગીજી મહારાજના જન્મોત્સવે તેમાંનાં કેટલાંક સ્મરણપુષ્પો એક ભાવાંજલિ રૂપે આ અંકમાં પુનઃ પ્રસ્તુત છે. તેમાં પ્રસિદ્ધ સાહિત્યકારોથી લઈને તેમના અંતેવાસી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી સહિત સૌની કલમનું અહીં આચમન કરીએ.



# શબ્દાતીત ચમત્કાર

■ **શ્રી ઝીણાભાઈ દેસાઈ** (સ્નેહરશ્મિ)
પ્રસિદ્ધ ગુજરાતી કવિ અને લેખક




'ફડીઆ મામા'ના વહાલસોયા નામથી જાણીતા શ્રી પુરુષોત્તમ ભોગીલાલ ફડીઆ મારા લગભગ અડધી સદીના પરમ આત્મીય છે. સ્વભાવે અત્યંત નિખાલસ અને સરળ છતાં માનવપોતના પરમ પરખંદા એ મિત્રે એકવાર મને પૂજ્ય યોગીજી મહારાજની વાત કરી. અન્યનાં જ્ઞાન, તપ કે શીલથી સહેજે પ્રભાવિત ન થાય એવા એમના સ્વભાવ સાથે યોગીજી મહારાજ માટેની એમની ભક્તિનો મેળ મેળવવો એ મારે માટે મુશ્કેલ હતું – અને એથી એમની વાતે મારા મનમાં મોટું કુતૂહલ જન્માવ્યું.

સદ્ભાગ્યે એમને મળવાની, એમની સાથે વાત કરવાની ને એમની અનુભવવાણીનું સુધાપાન કરવાની મને તક મળી. બાળક જેવી એમની સરળતા, મુગ્ધતા અને એથી પણ વધુ આકર્ષક કરુણાસાગર એમની દૃષ્ટિની પ્રથમ દર્શને જ મારા મન પર ઊંડી છાપ પડી. એમને જોતાંની સાથે જ એમના વ્યક્તિત્વની કોઈપણ એક બાજુ લઈ તેનું અવલોકન કરી, બીજી બાજુ પર નજર ફેરવી તેમના વ્યક્તિત્વનું માપ કાઢવાની કોઈ વાત જ મને યાદ ન આવી. એક અહોભાવથી મન સભર બની ગયું ને પ્રેમપ્લાવિત માનવતાની પરમ ભાગીરથીમાં લીન થઈ જવાની ધન્યતા મેં અનુભવી.

એમના ચમત્કારની વાતો પણ મેં સાંભળી હતી. આવી વાતોનું મને નહીં જેવું આકર્ષણ છે – પણ એમને જોતાં જ મેં ચમત્કાર અનુભવ્યો તે શબ્દાતીત છે. એ ચમત્કાર તે એક પ્રૌઢ માનવીનું હૃદય નાનકડા નિર્દોષ બાળકના હૃદયની ઋજુતાથી ભરેલું જોવાનું મળે અને એવો જ એ પુણ્યાત્માનો વર્તાવો હોય, એ હતો. આથી જ્યારે જ્યારે હું એમને મળ્યો છું ત્યારે એમણે વહાલથી વાંસામાં કેમ ધબ્બો માર્યો? એમણે કેવી રીતે કુશળ સમાચાર પૂછ્યા? એમણે બીજી શી વાતો કરી? એમાંનું કશું જ મેં યાદ નથી રાખ્યું - માત્ર મને યાદ રહ્યું છેઃ એમના વાત્સલ્યથી મઘમઘતું એમની ચોમેરનું હૂંફાળું વાતાવરણ.

એમની વાતચીતમાં જે નિર્વ્યાજ મનોહારિતા હતી તે તો એમના સાંનિધ્યથી જ સમજાય. એ વાતચીતમાં તોફાને ચડેલી ઊર્મિઓને નાજુક વિચિમાલામાં ફેરવવાનું જાદુભર્યું જોમ હતું. એમના સાંનિધ્યમાં સ્વભાવની લઘુતા ને રાગદ્વેષનાં સંક્રમણો વગેરે પલટાઈ જઈ સ્નેહની સુષમા ફોરી રહે. આ અનુભવને શબ્દોમાં હું નહીં મૂકી શકુંઃ એટલે હું એટલું જ પ્રાર્થું કે મારા જેવો અનુભવ અન્ય સૌને થાઓ ને મને એ અનુભવ ફરીથી ને ફરીથી લાધો. (૧૯૬૬) ◆



# હું કોને કહું કે...

■ **શ્રી અમૃતલાલ યાજ્ઞિક**
જાણીતા લેખક, સાહિત્યકાર



સમારંભ સાદો હતો, પણ મેળો સાચા સત્સંગીઓનો હતો. મુખ્ય સ્થાને યોગીજી મહારાજ બિરાજેલા હતા. તેમને જોતાં જ તેમની સાદાઈ અને સાત્ત્વિકતા તેમના વ્યક્તિત્વમાંથી નિરાળી તરી આવતી હતી. અનેક ભક્તોની

વંદનાનો ચાલુ પ્રવાહ જોયો. પણ ક્યાંયે દમામ નહોતો. કોઈ પ્રકારની આડંબરી છાયા નહોતી. તેમની મોટાઈનો ક્યાંયે રુઆબ નહોતો. સાત્ત્વિક સ્મિતથી ત્યાં આવેલા સમુદાયની સાથે એકતા અનુભવતા હોય તેવી સ્વાભાવિક મુખમુદ્રા જોઈને, આપોઆપ મારા હૃદયમાં આદરની અદમ્ય વૃત્તિ જન્મી ગઈ. કોણ જાણે કેમ, ક્યાંથી અચાનક મારા ચિત્તમાંથી સ્ફૂરણારૂપે સંત તુલસીદાસની ઉક્તિનો ઉદ્‌ગાર નીકળી ગયોઃ


*એક ઘડી, આધી ઘડી, આધી સે અધ હોય,*
*તુલસી સંગત સાધુ કી, જન્મ સફલ હો જાય.*

હું પ્રવચન કરવા ઊભો થયો ત્યારે મારાથી ઉપયુક્ત કડી બોલાઈ ગઈ. સત્સંગનો મહિમા મારાથી ગવાઈ ગયો. આ વિષે મારે પ્રવચન કરવાનું છે એવું મેં કદી વિચાર્યું નહોતું. પણ યોગીજી મહારાજના સાંનિધ્યમાં મેં અંતરની કોઈક એવી સાત્ત્વિક અનુભૂતિ અનુભવી કે હું કોઈક સત્સંગની નિર્મળ સરવાણીમાં નહાઈ રહ્યો હોઉં તેમ લાગ્યું. ગંભીર વિચારો કે વિદ્વત્તાનો બોજો ક્યાં ઊડી ગયો તેનો ખ્યાલ ન રહ્યો. સાત્ત્વિકતાના સંસ્પર્શે એક પ્રકારની અપૂર્વ માનસિક શાંતિ, કદાચ આધ્યાત્મિક પણ કહું, તે મેં અનુભવ્યું. તે દિવસનું મારું સમગ્ર વક્તવ્ય તેનાથી તરબોળ બન્યું હતું. એથી મને પોતાને ઘણું આશ્ચર્ય થયું હતું.

પછી યોગીજી મહારાજનું સમાપન હતું. એ વાણીમાં સાત્ત્વિકતાનો રણકાર હતો. તળપદી ગુજરાતી શૈલી હતી. વક્તૃત્વછટા તો હોય જ ક્યાંથી? વિદ્વત્તાનો તેમના પ્રવચનમાં જરાય ઓપ નહોતો. પણ સરળ અને સાદી ભાષામાં કોઈક એવું આકર્ષક તત્ત્વ હતું કે ભલભલી વક્તૃત્વ છટાથી જે અસર નહોતી થતી, તેવી કોઈક ઊંડી અને અદૃષ્ટ અસર મેં અનુભવી. મારે માટે આ નવો અનુભવ હતો. ઘરગથ્થુ બોલવાની રીત, તેમાં સ્થળે સ્થળે નિર્દોષ અને સાત્ત્વિક હાસ્ય અને છતાં ભક્તિ-તરબોળ ભાવોથી અમારું એટલે કે સમગ્ર સમુદાયનું હૃદય ભીંજાતું હતું.

એમનું સંબોધન પૂરું થયું અને પછી અનેક ભક્તો એમને વંદન કરવા જતા, તેમને હળવો ધબ્બો મારી જાણે તેમની સાત્ત્વિક શક્તિનો સંચાર ન કરતા હોય તેમ છાપ પડતી હતી. મને પણ એ ધબ્બાનો પ્રસાદ મળ્યો અને હું પણ તેમની કૃપાનો પ્રસાદ આસ્વાદી રહ્યો હોઉં તેવો ભાવ અનુભવ્યો. એમની નમ્રતા અવિસ્મરણીય હતી. મારા પ્રવચનથી તેમને જે આનંદ અને પ્રસન્નતા થયાં હતાં તેનો ઉમળકાભેર એમણે ઉલ્લેખ બધા પાસે કર્યો. હું કોને કહું કે તે દિવસનું પ્રવચન મારું નહોતું, પણ એમના સત્સંગના અદૃષ્ટ વાતાવરણે મારી પાસે કરાવેલા એમના જ ઉદ્‌ગાર હતા!

આજે યોગીજી મહારાજનું નામ લેતાં જ એ વખતની અનુભૂતિનો આનંદ રોમાંચ ખડો થાય છે. (૧૯૬૬) ◆



# એની મેળે વિકેટ પડે!


■ **શ્રી રમણલાલ સોની**
પ્રસિદ્ધ બાળ સાહિત્ય સર્જક




પૂજ્ય યોગીજી મહારાજ મોડાસા પધાર્યા! એમનાં દર્શન કર્યાં, એમની સમીપ બેઠા, એમની વાણી સાંભળી, પણ એ બધાં કરતાં વધારે અસર થઈ હૃદયને હચમચાવી નાખે એવી એમની બાળકના જેવી નિર્દોષ સહજ હાસ્યમુદ્રા જોઈને! પ્રભુનું ચૈતન્ય સંતોના અંગેઅંગમાંથી, અને એમના વિશિષ્ટ હાવભાવમાંથી સદા નીતરતું અને પ્રસરતું હોય છે. સંતોને વય શું? તેઓ કર્મથી પર છે, તેઓ આપણી વચ્ચે બેસે છે, છતાં નથી બેસતા, ઊભે છે છતાં નથી ઊભતા, કાર્ય કરે છે છતાં નથી કરતા. એમનું સમગ્ર ચૈતન્ય આપણી વચ્ચે રમમાણ હોય છે. પૂજ્ય યોગીજી મહારાજનાં દર્શન કર્યાં ત્યારે એ રમમાણ ચૈતન્યનો અનુભવ થયો. એમની હાજરીએ કાળને ભુલાવી દીધો, વાતાવરણને ભુલાવી દીધું. સ્થળનેય ભુલાવી દીધું. પરમ સુખ અને પરમ શાંતિનો ત્યાં પ્રવાહ વહી રહ્યો હતો.

દુન્યવી માનવીનું ગાંભીર્ય પૂજ્ય યોગીજી મહારાજમાં નથી. શા માટે હોય? એમને શાની ચિંતા ને શું કરવા?

કરમાં આમળાની પેઠે જે સૃષ્ટિને જોઈ શકે, માપી શકે, નોંધી શકે તેને આપણી ક્ષુલ્લક વાતોથીયે કેવળ આનંદ જ થાય! આપણી વાતનું રહસ્ય આપણે ન જાણીએ પણ તેઓ જાણે! સુખ ને દુઃખ, સાચું ને ખોટું, ઉપયોગી ને નિરુપયોગી, સાર્થ અને વ્યર્થ એવાં દ્વંદ્વો આપણને નડે છે. એમને નહીં! તેમની આગળ દ્વંદ્વ છૂટી ગયાં છે! અને જે પોતે છૂટી ગયું છે, મુક્ત છે, તે અન્યને બાંધી શકતું નથી.

પૂજ્ય યોગીજી મહારાજ બહુ થોડું બોલે. સભામાં પણ બહુ સાંભળે, તેમની રીતે. આવકારે તેમની રીતે. તમે હાર પહેરાવો તોય ભલે, ન પહેરાવો તોયે ભલે! પગે લાગો તોયે ભલે, પગે ના લાગો તોયે ભલે! તેમની વાત તમે સ્વીકારો તોય ભલે, ન સ્વીકારો તોયે ભલે! તેઓ તો તેમનામાં, સ્વયંમાં, નિજ-સ્વરૂપમાં મગ્ન! અને એમાં જ એમનો વિજય છે. વિકેટ પાડવા માટે એમને સામો દડો નાખવાની જરૂર નહીં, વિકેટ એની મેળે પડી જાય ને બેટધરનું બેટ એની મેળે છૂટી જાય! (૧૯૬૬) ◆



# સૌનું ભલું કરો...

■ શ્રી મોહનભાઈ પટેલ
પ્રસિદ્ધ સાહિત્ય સર્જક



યોગીજી મહારાજના વ્યક્તિત્વનું એક ઝળહળતું પાસું હતું - એમની વિશ્વ-કલ્યાણની ભાવના. આપણી સંસ્કૃતિનો સૌથી ઉજ્જ્વળ એવો આ અંશ એમના હૃદય-ધબકાર સમો બની ગયો હતો. એ સૌનું ભલું ઇચ્છતા. દેશનું ભલું થાય, લોકોનું ભલું થાય, ખૂબ વરસાદ પડે, સૌ સુખી થાય, સંપીને રહે, ભગવાન ભજે, એ એમની કાયમી ભાવના રહેતી. તેથી એ હંમેશાં બોલતા : 'ભગવાન સૌનું ભલું કરો.'

સર્વોચ્ચ શિખરોને આંબતી એમની આ ભાવના હતી, એમની વિશ્વ-કલ્યાણની મનીષામાં જડ અને ચેતન બંને સૃષ્ટિનો સમાવેશ થઈ જતો. માનવી, પશુ, પંખી, કીટક, જંતુ, ઝાડપાન અને પહાડ, પથ્થર, કોલસો જેવા જડ પદાર્થો પણ એમની આ ભાવનાનું ભાજન બનતા. નરસિંહ મહેતાએ જે કહ્યું: 'જડ અને ચેતન રસ કરી જાણવો, પકડી પ્રેમ-સંજીવની મૂળી' એ સ્વામીશ્રીએ આત્મસાત્ કર્યું હતું.

સ્વામીશ્રીની સુખની વ્યાખ્યા સાંકડી કે મર્યાદિત નહોતી. એમની નજર આગળ દૈહિક સુખ કરતાં આત્મિક સુખ વધારે રહેતું. માનવીઓને ભૌતિક સુખ-સુવિધાઓ પ્રાપ્ત થાય એવા માનવજાત ઉપર એમના આશીર્વાદ રહેતા જ, પણ વિશેષે કરીને એ પરમ શાંતિના આનંદનું સુખ અનુભવે, એનો મોક્ષ થઈ જાય, એ મુક્ત બને, એવી એમની કામના વિશેષ રહેતી.

એકવાર લગભગ સો જેટલા સંતો-હરિભક્તો સાથે સ્વામીશ્રી અક્ષરવાડી, પવઈ પધાર્યા હતા. સૌને કથા-કીર્તનનું સુખ આપી, રાજુલાવાળા ભીખાભાઈની તબિયત જોવા ઘાટકોપરની સર્વોદય હૉસ્પિટલમાં પધાર્યા. ત્યાંના સંચાલકો તથા ડૉક્ટરો પણ સ્વામીશ્રીના આશીર્વાદ મેળવવા એકત્રિત થઈ ગયા હતા.

ભીખાભાઈ ભાવવિભોર થઈ ગયા. સ્વામીશ્રીએ હેતથી તેમના ખબર-અંતર પૂછ્યાં. આશિષ આપ્યા. એવામાં હૉસ્પિટલના શેઠ કાંતિલાલ પણ આવી પહોંચ્યા. સ્વામીશ્રીને વંદન કરતાં એમણે અને ડૉક્ટરોએ વિનંતી કરી: 'સ્વામીજી! આપ દરેક દર્દીના ખાટલા પાસે પધારશો? દર્દીઓને નવું જીવન મળશે.'

સ્વામીશ્રી રાજી થકા સંમત થયા. હૉસ્પિટલના કેટલાક વૉર્ડમાં ફર્યા. છેલ્લે ત્યાં પધરાવેલી હનુમાનજીની મૂર્તિનાં દર્શન કરીને કહેઃ 'હનુમાન બાપા! બધા દર્દીનાં દુઃખ દૂર કરજો. સૌને સાજા કરજો.' એમ સહજ પ્રાર્થના કરી.

પછી કાંતિભાઈ શેઠની વિનંતીથી અનાજના કોઠારમાં પધાર્યા. સ્વામીશ્રી કહેઃ 'શેઠ બહુ સારા! પરોપકારનાં કાર્ય કરો છો તે ભંડાર ભરપૂર રહેશે. મહારાજ ખૂટવા નહીં દીયે.'

પછી સૌની ભાવભીની વિદાય લીધી. કાંતિભાઈ શેઠ ગદ્ગદ થઈ ગયા. ડૉક્ટરો પણ ભાવવિભોર થઈ ગયા. સ્વામીશ્રી મોટરમાં બિરાજ્યા અને કરુણાથી આર્દ્ર આંખો હૉસ્પિટલના મકાન પર ઠેરવી. સ્વગત બોલતા હોય તેમ

કહેઃ 'કોઈને રોગ ન રહે તો કેવું સારું!... ભગવાન સૌનું ભલું કરો... બધા દર્દીઓ સાજા થઈ જાય... મહારાજ બધાને સાજા કરશે...'

આ ઉદાત્ત ભાવના સ્વામીશ્રીના કરુણાપૂર્ણ વ્યક્તિત્વની અનોખી અભિવ્યક્તિ રૂપે બહાર આવતી સૌ જોઈ રહ્યા.

❀

એકવાર સૌરાષ્ટ્રની પંચતીર્થી સાથે રાજસ્થાનનાં તીર્થોની યાત્રાનો કાર્યક્રમ ગોઠવાયેલો હતો. આ યાત્રા ખાસ ટ્રેનથી થતી હતી. ચિત્તોડગઢ સ્ટેશને રાત્રે ૮-૩૦ વાગે યાત્રાટ્રેનનું એન્જિન એકાએક બગડતાં કેટલોક સમય ત્યાં ફરજિયાત રોકાણ થયું. યાત્રાની દોડધામમાં છેલ્લા ત્રણ-ચાર દિવસમાં સભાનું આયોજન થઈ શક્યું નહોતું. આ તક મળતાં સ્વામીશ્રીએ સ્ટેશનના વેઈટિંગ રૂમમાં સભા ભરી અને એ વખતે સંબંધથી થતા કલ્યાણની વાત કરતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ

'...જે ઝાડ નીચે આવા સંત બેસે, જે ઢોરનું દૂધ-દહીં જમે, એનું કલ્યાણ થાય. આ સાધુનો ગુણ લેશે તો કલ્યાણ થશે જ, પણ 'આ તો બંડિયા છે, ભગવાન થઈને પૂજાય છે' એમ બોલશે તોય કલ્યાણ થશે.'

અહીં સ્વામીશ્રીએ સંબંધને કેટલા બધા ઉદાર અર્થમાં લીધો! સંબંધ જોડનારના હેતુના નિરપેક્ષપણે, માત્ર સંબંધના કારણે જ કલ્યાણ સધાય છે. સંતનું ઘસાતું બોલે, તો પણ એ બોલનારનો સંબંધ સંત સાથે જોડાયો માટે એનું કલ્યાણ અવશ્ય થવાનું! આવી ભાવના તો, 'જેની દુકાનમાં ક્રોધ ન હોય' એ જ દાખવી શકે. સ્વામીશ્રી એવી વિરલ વ્યક્તિઓમાંના એક હતા, તેથી જ સંબંધનો આવો વ્યાપ એમની વાણીમાં સમાયો હતો.

❀

સ્વામીશ્રીની કલ્યાણની ભાવના સદ્‌ગતિની કામનાના રૂપમાં મૃતાત્માઓ માટે પણ ફેલાતી. સુરેન્દ્રનગરથી રાજકોટ જતાં રસ્તામાં ચમારજ સ્ટેશન આવે છે. એ સ્થળે કીર્તિ એક્સપ્રેસનો ભયંકર અકસ્માત થયો અને ઘણા માણસો માર્યાં ગયાં. એ પછી દોઢેક માસ બાદ એ માર્ગ ઉપર સ્વામીશ્રીને ટ્રેનમાં મુસાફરી કરવાનું થયું. સ્વામીશ્રી અચાનક ડબ્બામાં ઊભા થયા અને તે સ્થળે પ્રસાદીનું જળ છાંટવાની ઇચ્છા દર્શાવી. ઈશ્વરચરણદાસ સ્વામી પાણી આપતા ગયા અને ચાલુ ટ્રેને સ્વામીશ્રી હોનારતની જગ્યાના લગભગ એક માઈલના વિસ્તારમાં સ્વહસ્તે જળ છાંટતા ગયા અને શુભ સંકલ્પ કર્યોઃ 'જે જે અવગતિને પામ્યા છે તે બધાની સદ્‌ગતિ થાઓ. સત્સંગમાં જન્મ થાઓ અને ધામમાં જાઓ.'

સ્વામીશ્રીની કલ્યાણની ભાવનાને કાળનાં બંધન પણ નથી. વિદેશ-યાત્રા વખતે ઈંગ્લૅન્ડમાં સ્વામીશ્રીએ થેમ્સ નદીમાં ઠાકોરજીને નવડાવ્યા. એ પછી કહ્યુંઃ 'થેમ્સમાં ભગવાનને નવરાવ્યા. નદી પવિત્ર થઈ ગઈ. નદીમાં જે જે નાહશે તે તે બીજે જન્મે ભગવાનના આશ્રિત થાશે. આ સાગમટે નોતરું!'

હવે જ્યાં સુધી થેમ્સમાં જળ વહ્યા કરશે, ત્યાં સુધી માનવ-કલ્યાણનું સ્વામીશ્રીનું નોતરું અબાધિત રહેશે.

આવી જ રીતે વિદેશયાત્રા પછી ભારત પાછા ફરીને સ્વામીશ્રી એલેમ્બિકવાળા રમણભાઈને ત્યાં જમવા પધાર્યા હતા. બગીચામાં વિશાળ બાથ જોઈને નિર્દોષભાવે તેમણે પૂછ્યુંઃ 'આ શું છે?' એ સ્નાન માટે છે - એ જાણ્યા પછી સ્વામીશ્રીએ એમાં પુષ્પ છાંટ્યાં અને કહ્યુંઃ 'આમાં નહાય એનું કલ્યાણ.'

અમરેલીની નગરયાત્રાના સંબંધમાં સ્વામીશ્રીએ કહ્યું હતુંઃ '...આ નગરયાત્રા અને આ બધું અંતકાળે સાંભરી આવે તો ભગવાનના ધામમાં જવાય. જેણે જેણે આ નગરયાત્રાનાં દર્શન કર્યાં છે તેનો મોક્ષ થઈ ગયો.'

અડાલજની વાવે ગયા ત્યારે વાવ કરનાર, તેને માટે પથ્થર-ચૂનો આદિ માલ લાવનાર, વળી તેમાં જે જીવ-જંતુ હોય તે સર્વનું કલ્યાણ ઇચ્છ્યું!

મૈસુરમાં વૃંદાવન ગાર્ડન બનાવનાર, ત્યાં જોવા જનાર, ત્યાંના માળી વગેરે સર્વનું કલ્યાણ થાય એવા આશીર્વાદ ઉચ્ચાર્યા!

મદ્રાસ - રાયપુર સ્ટેશન સામે દરિયો જોવા ગયા. ત્યાં છેક દરિયા કિનારે પહોંચીને 'જય દરિયા દેવ' એમ બોલીને સ્વામીશ્રીએ સંકલ્પ કર્યો કે આ સમુદ્રમાં જેટલાં જીવ-જંતુ છે તે સર્વનું મહારાજ કલ્યાણ કરો.

આફ્રિકામાં મસીન્ડીમાં કેરાળાના રાવના ઘરમાં ઉતારો હતો. સ્વામીશ્રીએ કહ્યુંઃ 'આ ઘર તીર્થ થઈ ગયું. જે આમાં આવશે, તેનું સારું થઈ જશે.'

જંગલમાં ઊંડે ઊંડે શીખ હરિભક્ત નારાયણસિંગની સૉ મિલમાં મશીનો ઉપર પુષ્પો છાંટ્યાં. એક ઝાડનું મોટું થડ એક થાંભલા તરીકે ઊભું ગોઠવ્યું હતું. સ્વામીશ્રીએ એને થાબડ્યું અને બોલ્યા : 'આ થાંભલો સંભારજો. આ તીરથ થઈ ગયું.'

૧૯૭૦માં સ્વામીશ્રીના નૈરોબીમાં વિદાય સમારંભમાં સ્વામીશ્રીએ સંબોધન કરતાં કહ્યુંઃ 'અહીં દેશના હરિભક્તો પધાર્યા છે. તેમની નૈરોબીમંડળે સેવા કરી. અમૃત

મહોત્સવમાં આફ્રિકાથી ૫૦૦ હરિભક્તો આવેલા સ્ટીમરને સત્સંગ કરાવ્યો. દરિયાનુંય (તેમાં રહેલાં જળચર જીવ-જંતુઓનું) કલ્યાણ થઈ ગયું.

'આજે વિદાય સમારંભમાં નૈરોબી શહેરના હરિભક્તો આવ્યા છે. આખા શહેરનું કલ્યાણ થઈ જશે. સંતો આખા દેશનું હિત ઇચ્છે છે.

'પ્લેનમાં સાહેબો દર્શને આવે. અમે કહીએ, જાવ તમારું કલ્યાણ, જાવ તમારું કલ્યાણ. એમ છૂટા વાવટા મૂક્યા. કરોડો મનવારો આમ ભરાય.'

કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય - એ મહારાજની કહેલી વાત દોહરાવી સ્વામીશ્રીએ કહ્યું: 'મહારાજે રાજીપામાં આશીર્વાદ આપ્યા છે. બધાએ શ્રમ લઈ કાર્ય ઉપાડ્યું. તને, મને, ધને આપણે એકલા નહીં પણ આખું શહેર સુખી થાય તેવા આશીર્વાદ છે...'

❀

આફ્રિકામાં નૈરોબીથી સ્વામીશ્રી કિસુમુ પધાર્યા હતા. ઉતારે આવ્યા ત્યારે ખબર પડી કે કિસુમુ ઍરપોર્ટ ઉપર સ્વામીશ્રીની થૂંકદાની, શરતચૂકથી પ્લેનમાંથી ઉતારવાની રહી ગઈ છે. તપાસ કરાવી પણ મળી નહીં. થૂંકદાની દેશમાંથી સાથે લાવ્યા હતા. આ દેશમાં એવી થૂંકદાની મળે નહીં. એટલે એનો ખરખરો કરતાં સ્વામીશ્રીએ કહ્યું: 'આપણું પવાલું (થૂંકદાની) પ્લેનમાંથી કોઈ લઈ ગયો. જે લઈ ગયો તેનું સારું થશે.'

આ રીતે વસ્તુ ઉઠાવી જનારનું પણ સ્વામીશ્રી ભલું ઇચ્છતા.

❀

આફ્રિકામાં કિસુમુમાં બપોરે ચાર વાગ્યા પછી સ્વામીશ્રી બંગલાની આગળના ભાગમાં બગીચામાં ફર્યા. પછી પાછળના ભાગમાં પણ આંબા વગેરે વૃક્ષો હતાં ત્યાં જવાની ઇચ્છા કરી. દરવાજો બંધ હતો. ચાવી શોધતાં સમય ગયો. ચાવી આવી ત્યાં સુધી સ્વામીશ્રી ત્યાં ઊભા જ રહ્યા, પાછા ફર્યા નહીં. ચાવી આવી, દરવાજો ખૂલ્યો. સીધા આંબા નીચે પધાર્યા.



આંબા નીચે રહીને સ્વામીશ્રીએ કહ્યું: ''આ આંબાનાં કેટલાં ભાગ્ય કે આપણે આવીને અહીં બેઠા! મહારાજે કહ્યું: 'જે ઝાડ તળે બેસે, ફળફૂલ જમે તેનો મોક્ષ થાય છે ને સત્સંગમાં જન્મ લે છે.' તે આપણે આંહીં આવીને બેઠા તે આંબો કેટલાં વર્ષોથી તપ કરતો હશે!''

❀

કંપાલાથી નીકળ્યા પછી બપોરે ૩-૩૦ વાગે પ્લેન વિક્ટોરિયા સરોવર ઉપરથી જઈ રહ્યું હતું. સ્વામીશ્રી બેઠાં બેઠાં આંખો મીંચી માળા ફેરવી રહ્યા હતા. થોડી વારે આંખો ખોલતાં, બારીમાંથી સરોવર ઉપર દૃષ્ટિ પડતાં સ્વામીશ્રી બોલ્યા : 'આ સરોવરમાં જે સ્નાન કરશે તે બધાનું કલ્યાણ થશે. તળાવનાંય મોટાં ભાગ્ય કે તેના ઉપર સંત હાલ્યા. તે તળાવમાં જે બેસશે, હાલશે, તેનુંય કલ્યાણ.'

હરિભક્તો સ્વામીશ્રીને વિક્ટોરિયા સરોવરને કિનારે બિસ્માર્ક રોક ઉપર લઈ ગયા, ત્યારે સ્વામીશ્રીએ ખૂબ નિહાળીને એને જોયો. પછી ઠાકોરજીનો પ્રસાદીનો હાર હતો એમાંથી પુષ્પ લઈને મહંત સ્વામીને કહે : 'આ પથરા ઉપર છાંટો. એનું સારું થાય. બહુ તપ કરે છે.'

વિદેશયાત્રા પછી ભારત પાછા ફરતાં સ્વામીશ્રીએ નારાયણ ભગતની ડાયરીમાં ૪ થી ૫ પાનાં ભરીને પ્રવાસની વિગત લખી. તેમાં લખ્યું : 'આ ઍરોપ્લેન નીચેની ધરતી, તેના રહેનારા, જીવજંતુ બધાનું કલ્યાણ થઈ ગયું.'

❀

મ્વાન્ઝામાં સનાતન મંદિરમાં સ્વામીશ્રી સભામાં આવી રહ્યા હતા, ત્યારે મંદિરના દરવાજામાં લાલ મંકોડા બહુ હતા. થોડા સ્વામીશ્રીનાં કપડાંમાં ચડી ગયા. અંદર કરડ્યા પણ ખરા. સ્વામીશ્રીનાં કપડાં ઝાટકીને સંતોએ તે કાઢ્યાં. તે સમયે સ્વામીશ્રી સીધા સભામાં પધાર્યા.

લગભગ એક કલાકથી પણ વધુ સમય પછી સ્વામીશ્રી હૉલ બહાર બાથરૂમમાં જવા પધાર્યા. ત્યાં કહે : 'કંઈ

કરડે છે, જુઓ.' ધોતિયામાં જોયું તો થોડા મંકોડા આમ-તેમ ભરાઈ ગયેલા. એક-એક ચટકે સોયા ભોંકાય એવા લાલ મંકોડાના કરડ સ્વામીશ્રી આખી સભા દરમ્યાન સહી રહ્યા, પણ કશું બોલ્યા નહીં.

વળતી સાંજે મંદિરમાં જતાં સ્વામીશ્રી કહે : 'કાલે મંકોડા કરડી ગયા, એનો મોક્ષ થઈ ગયો.'

'બાપા! એ મોક્ષ ખોટો ને?' ઈશ્વરચરણદાસ સ્વામીએ કહ્યું.

'બરાબર કરડ્યા. આવા કોઈ વાર કરડ્યા નથી. એનો મોક્ષ થઈ ગયો! હવે એનો બીજો જન્મ મનુષ્યનો આવશે અને સત્સંગનો યોગ થશે.' સ્વામીશ્રીએ કહ્યું.

❀

આંબરડીમાં જાગા સ્વામીના જન્મ-સ્થાને દર્શન કર્યાં પછી પાછા ફરતી વખતે રાત્રે સ્વામીશ્રી બાઢડા નારણભાઈને ત્યાં પધાર્યા. બાઢડામાં નારણભાઈના ગાર-માટીનાં ઘરોમાં રાત્રે ઉંદરડા ઘણા ફરતા હતા. બહાર વરસાદ હતો તેથી બહાર નીકળ્યા નહોતા. આખી રાત ચૂં ચૂં કરતા રહ્યા.

સ્વામીશ્રી સવારે કહેઃ ''મારા મનમાં એમ કે ઇંજિન ચાલે છે, પણ ઉંદરડા ચૂં ચૂં કરતા હતા.' પછી કહેઃ 'આફ્રિકા જતી વખતે (સન ૧૯૫૯) આ ઘરમાં આ જ ઓરડામાં સૂતા હતા. ઉંદરડો માળા લઈ ગયો. અમે કહ્યુંઃ 'માળા ગોતજો.' પછી પત્રથી સમાચાર આવ્યા કે ઉંદરડે માળા ફોલી ખાધી છે. ઉંદરડાનુંય કલ્યાણ થઈ ગયું!'' સ્વામી હસતાં હસતાં બોલી રહ્યા હતા.

❀

ભાદરામાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અંગેની તૈયારીઓના દિવસોમાં, એક વખત નદીને સામે કાંઠે કૂવો ગાળવાના કાર્યને સ્વામીશ્રીએ નિહાળ્યું. પછી ઊંડ નદીને કિનારે ભગવાન સ્વામિનારાયણ સ્નાન કરતા, એ ઘાટ ઉપર વડલા નીચે છાંયામાં સભા ભરીને સ્વામીશ્રી બિરાજ્યા. તેમની પાઘ બાજુમાં મૂકી હતી. એ સમયે એકાએક ઉપરથી કોઈ પક્ષી ચરક્યું. તે સ્વામીશ્રીની પાઘની અંદર જ બરાબર પડ્યું. સૌ મોઢું બગાડીને ઘડીક ઊંચે તો ઘડીક નીચે આશ્ચર્યવત્ જોઈ રહ્યા હતા.

સ્વામીશ્રી તો પૂર્વવત્ પ્રસન્નચિત્ત! જાણે કંઈ બન્યું જ નથી! હાથનું હળવું લટકું કરતાં, હસતાં હસતાં ધીરેકથી સ્વામીશ્રી બોલ્યાઃ 'એનું કલ્યાણ થઈ ગયું!'

❀

એક વખત સ્વામીશ્રી સ્નાન કરવાની તૈયારી કરતા હતા. ત્યાં સગડીમાંથી કોલસો ઊડીને છાતીની ડાબી બાજુએથી છેક ગળા સુધી પહોંચ્યો. નાનો ફોડલો થઈ ગયો. ગુણવંતભાઈએ તરત પૂછ્યુંઃ 'બાપા! દાઝ્યા કે શું?' સૌ ચિંતામાં પડી ગયા. ત્યારે સ્વામીશ્રી હસતાં હસતાં કહેઃ 'તણખાનું કલ્યાણ થઈ ગયું. એને કલ્યાણ કરવું હતું એટલે વળગ્યો.'

બપોરે સ્વામીશ્રી આરામમાં પધાર્યા તે પહેલાં ગુણવંતભાઈ સ્વામીશ્રીને ગળા ઉપર બર્નોલ લગાડતા હતા. ત્યારે સ્વામીશ્રી કહેઃ 'આ તણખો ઊડ્યો તો તેનો સંબંધ થયો તે ઝાડનું કલ્યાણ થઈ ગયું. કયા જંગલમાં ઝાડ થયું હશે? તેનો કોલસો થયો.'

'ઠેઠ ઝાડનું કલ્યાણ થઈ ગયું?'

'હા, ગુરુ ! આ તો વાત જ જુદી છે.'

'આખા જંગલનુંય કલ્યાણ થઈ ગયું?'

ત્યારે સ્વામીશ્રીએ જવાબ આપ્યો : 'ના, એક ઝાડનું જ કલ્યાણ થયું.'

❀

રાજકોટ જતાં, બે માઈલ દૂર ગયા હશે ત્યાં સ્વામીશ્રી બોલ્યાઃ 'ગાડી પાછી લ્યો. પેલા પટેલના ખેતરમાં પગલાં કરવાં રહી ગયાં.'

બધાએ કહ્યુંઃ 'બાપા! પટેલ ભૂલી ગયા અને આપણેય ભૂલી ગયા. જવા દો ને! રાજકોટ ભેગા થઈ જઈએ.'

સ્વામીશ્રીએ કહ્યુંઃ 'ના, જવું પડે. જાવું જ છે.'

સ્વામીશ્રી ખેતર ઉપર આવ્યા. પેલા ખેડૂત ભક્ત તો રાજી રાજી થઈ ગયા.

સ્વામીશ્રી વિનુ ભગતનું કાંડું પકડીને ખેતરમાં ઢેફાંમાં ચાલતાં ખેતરના બીજે શેઢે પહોંચ્યા. ઢેફાંમાં ચાલવું બહુ કઠણ પડે એવું હતું.

સામે પહોંચ્યા પછી બે મજાના નાના નાના આંબા હતા. તેના થડને હાથ અડાડીને કહેઃ 'દસ હજાર વર્ષથી તપ કરે છે.'

એમ કહી આંબાને સ્પર્શ કરી પાછા ફર્યા. જાણે તેનું કલ્યાણ કરવા જ આટલે દૂર સુધી મુશ્કેલી વેઠીને પધાર્યા હતા!

આવી હતી એમની વૈશ્વિક કલ્યાણભાવના. પશુ-પંખી-જીવ-જંતુ-વૃક્ષ-વેલીથી લઈને જડ પથ્થર કે જડતા ધરાવતા માનવી વગેરે સૌ કોઈ માટે કલ્યાણની અવિરત ધારા એમના હૈયેથી વહ્યા કરતી. ક્ષણે ક્ષણે સૌનું ભલું કરવાની પ્રાર્થના હૈયે ધબક્યા કરતી. આ જ હતી એમની આગવી ઓળખ. આ જ હતી યોગીજી મહારાજની યોગી તરીકેની વિરલ છબી. એમને કોટિ કોટિ વંદન. (૧૯૯૨) ◆



# એ શબ્દો ભુલાતા નથી

■ **શ્રી બી. જી. વાઘેલા**
પ્રસિદ્ધ ઇતિહાસલેખક



મારી નોંધપોથી મુજબ એ શુભ દિવસ હતો - બુધવાર, સન ૧૯૬૪ની ૨૧મી તારીખ, માસ ઓક્ટોબર, શરદપૂર્ણિમા એટલે કે મૂળ અક્ષરમૂર્તિ ગુણાતીતાનંદ સ્વામીની જન્મજયંતી. એ અરસામાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનું આકર્ષણ મારે માટે પ્રબળ હતું. આમ તો પૂર્વ આફ્રિકામાં સન ૧૯૫૩માં એમનાં પહેલવહેલાં દર્શન થયાં. એ પણ યોગાનુયોગ હતો. એ સંતવર્યનો પ્રથમ પ્રેમાળ ધબ્બો ખાવાનું પરમ ભાગ્ય ભારતની ધરતી પર નહીં, પણ 'અંધારો ખંડ' કહેવાતા આફ્રિકાની ભૂમિ પર મને પ્રાપ્ત થયું. આફ્રિકામાં અક્ષરપુરુષોત્તમનું પહેલવહેલું મંદિર મોમ્બાસામાં બંધાયું હતું. એ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા કરવા યોગીજી મહારાજ પધાર્યા હતા. એ જ સમયે પૂર્વ આફ્રિકાની સર્વ સંગ્રહ જેવી ડિરેક્ટરી તૈયાર કરવા હું ત્યાં ગયો હતો. સ્વામીબાપાનાં એ પ્રથમ દર્શને જ મારા હૈયામાં એમની સતત પ્રેમસુધા વરસાવતી, નિર્દોષ હાસ્યપુષ્પો વેરતી પ્રેમાળ વાત્સલ્ય મૂર્તિ કોતરાઈ ગઈ.

સ્વદેશ આવ્યા બાદ ૧૯૫૮માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રકાશન અધિકારી તરીકે મારી નિયુક્તિ થઈ અને અમદાવાદમાં મારો વસવાટ ફરી આરંભાયો. તેથી જ્યારે જ્યારે યોગીજી મહારાજ અમદાવાદ પધારે, ત્યારે ત્યારે એમનાં અચૂક દર્શન કરવા જતો. નાદબ્રહ્મ જેવી તળપદી સોરઠી મધુરવાણી સાંભળવા - ખાસ તો સમગ્ર નાડીતંત્રને મધુર ઝણઝણાટી અનોખો અલૌકિક અનુભવ, અલૌકિક અનુભવ કરાવતો એમનો 'ધબ્બો' ખાવાનો સતત તલસાટ રહેતો.

એ દિવસોમાં અક્ષરમંદિરમાં મણિભાઈ બ્રહ્મભટ્ટ, રમેશભાઈ દલાલ અને પ્રભાશંકરભાઈ પંડ્યા સાથેનો પરિચય ગાઢ બન્યો. ૧૯૬૪ની શરદપૂર્ણિમાના ગોંડલના સમૈયામાં આ સ્નેહી ત્રિપુટી મને આગ્રહ કરીને તેમની સાથે ખેંચી ગઈ. આ પહેલાં ગોંડલનો શરદપૂર્ણિમાનો સમૈયો આવો ભવ્ય થતો હશે એની મને કલ્પના જ નહોતી.

તે સમયે સત્સંગ આજના જેવો ફૂલ્યોફાલ્યો નહોતો. તેમ છતાં સમૈયામાં હરિભક્તોની મેદની આશ્ચર્ય પમાડે તેવી હતી. ત્યારે સંતોની સંખ્યા પણ ઘણી ઓછી, પરંતુ યોગીબાપાનું દિવ્ય વ્યક્તિત્વ, હરિભક્તોનો પરસ્પર સુહૃદભાવ અને સ્વયંશિસ્તથી બધું કામ વગર ચીંધ્યે ઉપાડી લેવાની સેવા-ભાવનાથી સમૈયામાં કોઈ વાતની ઊણપ લાગે નહીં. યોગીબાપાને કઈ રીતે પ્રસન્ન કરવા એ જ બધાનું તાન. બહુ ઉમંગથી અને ઉત્સાહથી શરદપૂર્ણિમાનો સમૈયો પૂરો થયો. જાણે ચોતરફ દિવ્ય આનંદનો ગુલાલ ઊડતો હોય એવી સૌને અનુભૂતિ થતી હતી.

બીજે દિવસે મણિભાઈ, રમેશભાઈ અને પ્રભાશંકરભાઈ યોગીજી મહારાજની રજા લેવા ગયા. સાથે હું પણ હતો. સમૈયો પૂરો થઈ ગયો હતો. મંદિરના પ્રાંગણમાં રડ્યાખડ્યા માણસો દેખાતા હતા. લગભગ એકાંત જેવું હતું. યોગીજી મહારાજ સભામંડપમાં પગથિયાં પર બેઠા હતા. એમના મુખારવિંદ પર અલૌકિક તેજનું આભામંડળ હતું. ખૂબ પ્રફુલ્લ હતા. 'બાપા, અમારી પર કૃપા રાખજો. રજા માગવા આવ્યા છીએ.' અમે કહ્યું ને બાપા ખડખડાટ હસ્યા. 'જીવ માત્ર પર અમારી તો સદાય કૃપાદૃષ્ટિ હોય. તમે તો ભગવદીય સત્સંગી છો, એટલે પછી કહેવું જ શું?'

'બાપા! જે કોઈ તમને પગે લાગવા આવે, તે સૌ કાંઈ ને કાંઈ આશીર્વાદના લોભે આવે. તમેય બધાને 'ધબ્બો' આપો એટલે સહુ ખુશખુશાલ થઈને જાય.'

સમસ્ત જગત અને જગતના જીવો સર્વ જીવો પર મંગળમય કરુણાદૃષ્ટિ વરસાવતા યોગીજી મહારાજ ક્ષણેક અટકીને બોલ્યાઃ 'અહીં બધા પોતપોતાની મનોકામના લઈને આવે. કોઈને દીકરા જોઈએ, કોઈને કોર્ટમાં કેસ જીતવો હોય, કોઈને ધંધો મંદો હોય તે ધમધોકાર ચાલે - એમ મનમાં હોય, કોઈને દીકરો પરીક્ષામાં પાસ થાય એવી કામના હોય, કોઈને દીકરી માટે સારો મુરતિયો મળે એવી

ઇચ્છા હોય, કોઈને દેહનો કોઈ રોગ હોય તે મટાડવો હોય, એમ જાતજાતનાં આ જગતનાં દુઃખ નિવારવા અને સુખ પામવા આશીર્વાદ લેવા આવે.'

મણિભાઈ બોલ્યાઃ 'બાપા! આપનો આશીર્વાદનો ધબ્બો ફળે છે, સૌની મનોકામના પૂરી થાય છે. એટલે બધા આપની પાસે આવે છે.'

યોગીબાપા કહેઃ 'અમે તો સૌનું સદાય કલ્યાણ જ ઇચ્છતા હોઈએ, એટલે શ્રીજીમહારાજને સંભારી સૌને આશીર્વાદ આપીએ. એ ફળશે કે નહીં એની મહારાજને ચિંતા. પણ એક વાત કહું. અમારી હાઈકોર્ટમાં બધી જાતના કેસ આવે છે, પણ કોઈ 'બાપા અમારો મોક્ષ થાય' એવી માગણી લઈ આવતું નથી.'

આટલું કહી યોગીબાપા ફરી ખડખડાટ હસ્યા. આ એમનો કૃપાકટાક્ષ હતો. એ વાતમાં સંતવર્યના હૈયાની રહસ્યવાણી હતી. એમાં ભારોભાર કરુણા ભરી હતી. એ શબ્દો વર્ષો વીતી ગયાં છતાં ભુલાયા નથી. (૧૯૯૨) ◆



## મમતાના મેરુ

■ **શ્રી વલ્લભદાસ ટાંક** (રાજુલા)
જાણીતા સ્વામિનારાયણીય ભક્ત કવિ



યોગીજી મહારાજ ખાંભાથી રાજુલા જવા મોટરમાં નીકળ્યા હતા. ડ્રાઈવર અજાણ્યો, તેથી બીજા રસ્તા પર મોટર ચડાવી દીધી. માર્ગમાં એક ગામ આવ્યું. બોર્ડ પર રબારીવાસ ગામનું નામ વાંચવામાં આવ્યું. ત્યાં સ્વામીના મુખ પર એક પ્રકારનો અપૂર્વ સ્નેહભાવ નીતરવા લાગ્યો. સાથે પૂજ્ય મોટા સ્વામી પણ હતા. બીજે રસ્તે ચડી ગયા. તેથી તેઓ થોડા ગુસ્સામાં હતા. રાજુલાનો પંથ આ રસ્તે ઘણો લાંબો હતો. ત્યાં સ્વામીશ્રી બોલ્યાઃ 'અહીં ઊંટવાળા ગામના એક વીરા ભગત ધંધા માટે આવે છે. તેને મળવું જોઈએ.' ત્યારે મોટા સ્વામી કહેઃ 'એક તો રસ્તો ભૂલ્યા છીએ અને મોડા પડ્યા છીએ, માટે કોઈને મળવું નથી.'

પરંતુ સ્વામીશ્રીએ તો નિષ્ઠાવાન ભક્તરાજ વીરા ભગતને મળવાનો જાણે મનોમન નિશ્ચય કર્યો હતો. આથી, તેઓ લઘુશંકા કરવાનું નિમિત્ત લઈને મોટરમાંથી નીચે ઊતર્યા. મોટર જોઈ આબાલવૃદ્ધ સર્વે મોટર પાસે કુતૂહલ વૃત્તિથી આવ્યા. એ જમાનામાં ગામડામાં આવી મોટરનું પણ કુતૂહલ થતું. એટલે આવનારા લોકો કૌતુકથી મોટર પાસે આવીને જોવા લાગ્યા. તેમાંથી એક યુવાનને સ્વામીશ્રીએ પાસે બોલાવી પૂછ્યુંઃ 'અહીં અમારા વીરા ભગત રહે છે ને!'

'હા સ્વામીબાપા, વીરા ભગત જોડા સીવે છે ને અહીં ગામમાં જ છે.'

સ્વામીશ્રીએ હળવેક રહીને તેમને કહ્યુંઃ 'તમે બોલાવી લાવશો?' તે યુવાને હા પાડી.

'તેમને સંદેશો આપજો કે, તમારા ગુરુ ગામને ઝાંપે આવ્યા છે અને તમને મળવા માટે વાટ જુએ છે.'

નાનું એવું ગામ. એ તો ઝડપથી દોડ્યો. પછી સ્વામીશ્રી લઘુ કરવા માટે ઘણે દૂર સુધી એક ખેતર સુધી ગયા. સ્વામીશ્રી પાછા ફર્યા ત્યારે પેલા યુવક વીરા ભગતને બોલાવી લાવ્યા હતા. સ્વામીશ્રીનાં દર્શનથી ધન્યતા અનુભવતા વીરા ભગત તો દંડવત્ પ્રણામ કરવા લાગ્યા. તેમની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. વીરા ભગત ત્રણ ગામમાં કામ કરે, ત્યારે પેટ પૂરતું માંડ મળે. સુદામા જેવા પોતાના ભક્ત ઉપર અમી દૃષ્ટિ કરતાં સ્વામીશ્રીએ હેતથી તેમની પીઠ પર ધબ્બો માર્યો ને મમતાભરી વાણીમાં કહ્યું, 'વીરા ભગત, અમે તમારી જ વાટ જોતા હતા. દેશકાળ તો રૂડા છે ને? અમારી સાથે રાજુલા લઈ જવા છે. હાલો, અમારી હારે મોટરમાં બેસી જાવ!' વીરા ભગત તો સ્વામીશ્રીની આ કૃપાથી ઘેલા ઘેલા થઈ ગયા.

બીજી તરફ મોડું થવાથી પૂજ્ય મોટા સ્વામી ખૂબ અકળાઈ ગયા હતા. પરંતુ સ્વામીશ્રીની સદૈવ હાસ્ય ભરેલી વાણીથી તેમની અકળામણ પણ ઓસરી ગઈ.

મમતાના મેરુ સ્વામીશ્રીને મન ગરીબ અને તવંગર બંને પ્રકારના ભક્તો સમાન હતા. વરસો પછીયે આજે આ પ્રસંગ મારી નજરમાં એવો ને એવો તરવરે છે. (૧૯૯૨) ◆

# યોગી
# યુવક ઉપવાસ કૉલેજ

■ સાધુ ઈશ્વરચરણદાસ



તમને કદાચ નવાઈ લાગશે કે આ કઈ કૉલેજ? આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, ટૅક્નિકલ, મૅડિકલ વગેરે કૉલેજોનાં નામ તો તમે સાંભળ્યાં હશે, પણ આવું નામ તમે કદી નહીં સાંભળ્યું હોય.

આ એક નવી જ ફેકલ્ટી(સંસ્થા) છે. કદાચ વિદેશોમાં કે જ્યાં આગળ જીવનના નાના-મોટા, છાના-છૂપા વ્યવસાયોના -કર્મ-યોગોના અભ્યાસક્રમ ઘડાયેલા હોય છે અને તેના સ્નાતકો તૈયાર થતા હોય છે. ત્યાં આગળ પણ આ કૉલેજની હસ્તી જાણવામાં નથી આવી.

કારણ, આ ફેકલ્ટીનો ઉદ્ભવ ભારતવર્ષમાં જ થયો છે. જુગ જુગ જૂના એ જોગીઓએ એના પાયા નાખ્યા છે, ત્યાર પછી અનેક અવતારો, સંતો અને હરિભક્તોએ એ ઈમારતને સુદૃઢ કરી છે. પણ એમાં ભગવાન સ્વામિનારાયણે એક નૂતન દૃષ્ટિ આપી છે.

એમને તપ બહુ પ્રિય હતું. અગિયાર વર્ષના એ કિશોર, અડવાણે પગે સારાયે ભારતની ભૂમિને શ્રી ચરણારવિંદથી અંકિત કરી, રજે રજ પાવન કરી હતી. પ્રચંડ તાપ, મેઘ પ્રપાત અને શીત-વર્ષા એમણે અર્ધનગ્ન શરીર ઉપર સ્નેહથી ઝીલ્યાં હતાં. પુલહાશ્રમમાં કઠણ તપ કરીને દર્શન આપ્યાં હતાં. લોજ ગામે પધારી મુક્તાનંદ સ્વામીને એમણે સૌ પ્રથમ એ જ કહ્યું હતું કે રામાનંદ સ્વામીનાં દર્શન કરીને આપણે વનમાં ચાલ્યા જવું છે.

તેઓ કહેતાઃ 'જુઓને, મને બાળપણમાં સ્વામી કાર્તિકની પેઠે એવો જ વિચાર ઊપજ્યો જે, મારે મારા શરીરમાં માતાનો ભાગ જે રુધિર ને માંસ તે રહેવા દેવું નથી. માટે ઘણે જ પ્રયત્ને કરીને શરીર એવું સૂકવી નાખ્યું જે શરીરમાં કંઈક વાગે તો પાણીનું ટીપું નીસરે, પણ રુધિર તો નીસરે જ નહીં... અને અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે, જે તપે કરીને ભગવાનને રાજી કરવા...'

તે સત્ય એમણે આમ સમજાવ્યું કે 'એમ મનના ને શરીરના દોષને શરીરને દમવે કરીને ટાળવા અને શરીર ક્ષીણ થયા પછી જે મનના દોષ રહ્યા તેને વિચારે કરીને ટાળવા જે હું આત્મા છું, ને સંકલ્પ થકી ભિન્ન છું ને સુખરૂપ છું. એવી રીતે શરીરનું દમન ને વિચાર એ બે જેને હોય તે મોટો સાધુ છે.'

એમના સંતોએ અતિ આકરાં તપ આચર્યાં, અનેક કસોટીમાંથી ઉત્તીર્ણ થયા. છેવટમાં એમણે એ જ કહ્યું કે 'આટલું બસ નથી, ચૈતન્યને તમારું રૂપ માનો અને દેહને ભૂલી જાઓ.' આત્મવિચાર સાથે તપ કરવાની એક અનોખી દૃષ્ટિ એમણે આપી.

તપ, ત્યાગ, વૈરાગ્યનાં પ્રબળ આંદોલનો ભક્તિ-માર્ગમાં પ્રવર્તતાં હતાં, પણ આત્મવિચારરૂપ સહકારી બળ કેળવવાની વાત સૌ પ્રથમ એમણે સમજાવી. વિચાર વગરનું તપ શુષ્ક, નિર્બીજ ને ધ્યેયવિહોણું બની રહે છે. તમે કહેશો કે પેલી કૉલેજ તો તમે બતાવતા નથી ને આ બધી કથા શેની કરો છો? પણ આ તો આપણી વાતની જરા પૂર્વભૂમિકા બાંધી. ચાલો, તમને એ કૉલેજ બતાવું, પણ એનું નામ છે – ઉપવાસ કૉલેજ. જો એની મુલાકાત લેવી હોય તો એક શરત છેઃ તમારી ઉપવાસ કરવાની તૈયારી જોઈશે!

જુઓ, આ કૉલેજ કોઈ ભૌતિક-આધુનિક ઈમારતમાં સમાયેલી નથી. પણ નિત્ય આધુનિકતામાં પરિણમતા વિશ્વના વિશાળ ફલક ઉપર અને આભની છત નીચે, આમતેમ ઘૂમતી, હરતી-ફરતી, બોલતી-ચાલતી, પ્રકાશનો પુંજ પાથરતી, પ્રાચીન, ચૈતન્ય ઈમારત, એ જ આ કૉલેજ, અને આચાર્ય પણ એ જ. એમનું શુભ નામ એટલે સ્વામીશ્રી યોગીજી મહારાજ.

એમણે આજીવન વ્રત-ઉપવાસો જ કર્યાં. સાથે સેવા-ભક્તિ તો ખરી જ! તપ એમનું અમોઘ શસ્ત્ર. આજના યુવાનોને નીતિ-સદાચારને માર્ગે વાળવા અને ભૌતિક જીવનમાં શુદ્ધીકરણ આણવા સ્વામીશ્રી તપરૂપી રામબાણ ઔષધી જ આપે.

એક વાર પોતે સ્નાનથી પરવારી વસ્ત્ર પરિધાન કરતા હતા. ઘણું કરીને હંમેશાં એમની આસપાસ યુવાનો વીંટળાયેલા જ હોય. તે વખતે યોગીજી મહારાજે પાંચ-સાત યુવકોને બીજે દિવસે ઉપવાસ કરવા આજ્ઞા આપી હતી. તેટલામાં એક યુવક દર્શને આવી ચડ્યા. તુરત સ્વામીશ્રીએ એમને કહ્યું, 'કાલે ઉપવાસ કરશો ને?'

'હા બાપા!'

'નિર્જળ કરવાનો હોં! લ્યો થાપો.'

એમ કહી હસતાં હસતાં બોલ્યા, 'આ તો ઉપવાસની કૉલેજ છે. અહીં જે આવે એને ઉપવાસ મળે જ.' એક યુવકે ઉત્સાહમાં આવી જઈ સૂચન કર્યું, 'યોગી ઉપવાસ કૉલેજ.'

'ના, યોગી યુવક ઉપવાસ કૉલેજ.' સ્વામીશ્રીએ જાતે સુધારો કરી નામ વધાવી લીધું. પોતાના વહાલા યુવકોની સાથે એકરૂપ થયા વગર એમને હેત કેમ થાય? અને હેત વગર એમનું વચન પણ કેમ મનાય?

નાના બાળકો, કિશોરો, યુવાનો કે જે દિવસમાં ચાર-પાંચ વખત જમતા હોય, જે એક ટંક પણ ભૂખ્યા ન રહી શકે, તેઓ સ્વામીશ્રીના વચને નિર્જળ ઉપવાસ કરે અને તે પણ પ્રેમથી - સામેથી માગીને. યોગીજી મહારાજે એવો નિયમ

ઘડ્યો છે હતો પોતાની સેવામાં જે યુવકો આવે એમણે પાંચ દિવસે ઉપવાસ કરવો જ પડે. કોઈ નવા યુવકો આવે અને સ્વામીશ્રીની સેવાનો લાભ લે ત્યારે એમને પણ ઉપવાસ મળે જ. એક દિવસ યોગીજી મહારાજ સ્નાન કરતા હતા ને એક નવીન ચહેરો સેવામાં દેખાયો. તેઓએ પૂછ્યું:

'તમે કોણ?'

'બાપા! હું બાજુમાં રહું છું.'

'કયા ગામના છો?'

'વીરમગામનો, અહીં ભણું છું.'

'શું ભણો છો?'

'કોમર્સમાં છું.'

'શું નામ?'

'મહેન્દ્ર.'

'કાલે ઉપવાસ કરશો?'

એ યુવક હકારમાં માથું હલાવે છે. તુરત બાપા એનું માથું ખોળામાં લઈ, બે થાપા આપતાં કહે છે, 'કો' કરીશ.' અને એ યુવક હોંશે હોંશે કરે છે.

આવા પ્રસંગો રોજબરોજ બનતા. કેટલાક યુવકો પોતાની શાળાના અથવા કૉલેજના મિત્રને યોગીજી મહારાજનાં દર્શને લઈ આવે. એમાં અનેક રંગીલા ચહેરા હોય. કેટલાક કુતૂહલતાથી, કેટલાક મિત્રના આગ્રહથી, કેટલાક સ્વેચ્છાથી દર્શને આવ્યા હોય. લાવનાર યુવક સ્વામીશ્રીને પોતાના મિત્રનો પરિચય કરાવે. તુરત જ સ્વામીશ્રી એને હેતથી બોલાવી, ઓળખાણ પૂછી, વહાલથી ઉપવાસની આજ્ઞા કરે કે આપણે જોતા જ રહીએ અને તે યુવાન પ્રેમથી ઉપવાસ વધાવી લે. કેટલીક વાર તો નાનાં નાનાં બાળકો પણ યોગીજી મહારાજ પાસે ઉપવાસ લેવા દોડી આવે, ત્યારે આપણને લાગે કે આપણે મૃત્યુલોકમાં છીએ કે અક્ષરધામમાં?

એક વખત જળઝીલણી એકાદશીને દિવસે યોગીજી મહારાજની આજ્ઞાથી એકસો ને છવીસ યુવકો તથા બાળકોએ ઉપવાસ કરેલા. તેમાં એક બાળક (હરિકૃષ્ણ બળવંતરાય બ્રહ્મભટ્ટ, મુંબઈ) જેમને સ્વામીશ્રી વહાલથી 'સેમ્પલ' કહેતા, એણે પણ ઉપવાસ કરેલો. યોગીજી મહારાજે એમને સભામાં ઊભા કરી સૌને કહ્યું: 'આવા નાનાં છોકરાં એક ટંક પણ ભૂખ્યા રહે? દિવસમાં ચાર-પાંચ વાર ખાવા જોઈએ, તે નિર્જળ ઉપવાસ કરે. કેવો સત્યુગ કહેવાય!'

ખાસ કરીને હરિજયંતી-એકાદશી ને રામનવમી-જન્માષ્ટમી આદિક મોટા ઉત્સવોના દિવસે તો યોગીજી મહારાજ અગાઉથી ઉપવાસ માટે નોંધ કરાવે. દરેક યુવક સ્વેચ્છાથી પોતાનું નામ નોંધાવે. ઘણી વાર તો આ સંખ્યા સોનો આંકડો પણ વટાવી જાય. સ્વામીશ્રી ઉપવાસી યુવકોને ખૂબ આશીર્વાદ આપે. એમનાં પ્રેરણા-બળથી કોઈને ઉપવાસનો શ્રમ જણાય નહીં. યોગીજી મહારાજ સૌને પ્રેમથી પારણાં કરાવે.

પોતાનો જન્મજયંતી ઉત્સવ હોય ત્યારે પણ સ્વામીશ્રી સૌ યુવકોને એ જ આજ્ઞા કરે, 'તમે ઉપવાસ કરો તો હું રાજી થઉં.' ને સેંકડો યુવકો હોંશે હોંશે ઉપવાસ કરે. શ્રાવણ માસ, પુરુષોત્તમ માસ આદિક શુભ દિવસોમાં સંતોની સાથે કેટલાય યુવકો અને બાળકો પણ યોગીજી મહારાજ પાસે ધારણાં-પારણાં આદિક વ્રતો હોંશથી માગીને લે છે.

સ્વામીશ્રીને મન ઉપવાસનું કેટલું મહત્ત્વ છે એનો એક અવિસ્મરણીય પ્રસંગ અહીં ખાસ નોંધ માંગી લે છે. યોગીજી મહારાજ અમદાવાદથી બોચાસણ ગુરુપૂર્ણિમાને સમૈયે પધાર્યા. ડભાણ થઈને લગભગ રાત્રે ૧૧-૩૦ વાગે બોચાસણ પહોંચ્યા, હજારો હરિભક્તો દર્શનની રાહ જોઈ રહ્યા હતા. સ્વામીશ્રી ખૂબ જ શ્રમિત હતા છતાં સભામાં બિરાજી સૌને દર્શન ને આશીર્વાદ આપ્યા પછી પોતાના ઓરડામાં પધાર્યા. લગભગ ૧૨-૦૦ વાગ્યા હશે. બધા ઊંઘથી ઘેરાતા હતા. વિદ્યાનગર છાત્રાલયના સાઠ યુવકો યોગીજી મહારાજનાં દર્શને આવ્યા. સ્વામીશ્રી સૌને મળ્યા ને આશીર્વાદ આપતાં એકાએક કહ્યું: 'કાલે બધાએ ઉપવાસ કરવાનો છે. કાલે ગુરુપૂર્ણિમા છે, નિર્જળ ઉપવાસનું બહુ ફળ.' બધાએ સહર્ષ આજ્ઞા ઝીલી લીધી. આવી ખાસ પરિસ્થિતિમાં પણ જ્યારે સ્વામીશ્રીની વિશિષ્ટતા ઝબૂકી ઊઠે છે, ત્યારે આપણું હૃદય અવાચક બની જાય છે.

આજના પંચવિષય પ્રચૂર વાતાવરણમાં વ્રત-ઉપવાસ ને દેહદમનની ભાવના જ્યાં હાંસીપાત્ર ગણાય છે, ત્યાં યોગીજી મહારાજના વચને હજારો યુવાનો ને બાળકો નિર્જળ ઉપવાસો કરે એ વર્તમાન યુગનો એક અદ્‌ભુત ચમત્કાર છે. ભગવાન પ્રગટ છે એની પ્રતીતિ થયા વગર રહેતી નથી. ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં પણ કહ્યું, 'અહીં એક ઉપવાસ કરે, બદરિકાશ્રમમાં સો ઉપવાસ કરે તે બરાબર છે.'

પંચવિષય, જાતિ, સ્વભાવ અને દેહના ખંડનની વાતો તથા આત્મા-પરમાત્માના વિચારની વાતો તો સ્વામીશ્રી પાસે પ્રસંગોપાત્ત થતી જ હોય. દેહદમન ને આત્મવિચારના આ અભિનવ પ્રયોગથી, યોગીજી મહારાજે યુવાન સમાજમાં ક્રાંતિ આણી છે. ધર્મની જ્યાં છડેચોક લાજ લેવાય છે એવા સાંપ્રત સમાજમાં સ્વામીશ્રીએ હજારો યુવાનોમાં નીતિ ને સદાચારનું ઘડતર, મૂંગે મોઢે, નિષ્ઠાપૂર્વક કર્યું છે.

◆

## રસિયા સંગ રસબસ...

*'રસબસ હોઈ રહી રસિયા સંગ,*
*જ્યું મિસરી પયમાંહી ભળી...'*

– એમ શ્રીહરિની અખંડ સંનિધિ અનુભવતા સ્વામીશ્રી યોગીજી મહારાજના મસ્તી ભર્યા જીવનની કેટલીક નિરાવરણ પળો, તેમના અવ્યક્ત જીવનને કેવી રીતે વ્યક્ત કરે છે તે અહીં અનુભવાય છે.

સ્વામીશ્રી ગોંડલમાં બિરાજે ત્યારે, શ્રીહરિના ધામ સમા ગુણાતીતાનંદ સ્વામીના એ સમાધિસ્થાનમાં, તેમની પ્રભા કંઈક જુદી જ ભભકે - 'ઘન વરસે વન પાંગરે' એમ આ ગુણાતીત સ્થાનમાં ભક્તહૃદય વિશેષ કોળાય.

ભગવાન અને ભક્તોને પ્રસન્ન કરવાના એકમાત્ર આદેશથી, સદા સેવા-ભક્તિમાં ગૂંચવાયેલા સ્વામીશ્રી કર્તા થકા અકર્તા રહેતા નિષ્કામ કર્મયોગના ઉત્તમ પાઠો ભક્તોને શીખવે.

શીતલ અને શાંત પ્રાતઃકાળમાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...', એવો અસ્પષ્ટ પણ ઘેરા સાદનો મધુર ધ્વનિ સંભળાય. સ્વામીશ્રી સ્વસ્થ થઈ પથારીમાં બેસે છે. પછી અક્ષરપુરુષોત્તમની મનોરમ્ય મૂર્તિને કોમળ હથેળીઓમાં ટેકવી, ધ્યાનથી દર્શન કરે છે. યોગીજી મહારાજના વદનકમળ ઉપર પૂર્ણ સ્વસ્થતા પ્રકાશી રહી છે. એટલામાં ભક્તો દર્શને આવી પહોંચે છે, કંઈક સેવાના લોભથી, સ્વામીશ્રીના હાથપગ દાબે છે. ત્યાં તેઓ પ્રફુલ્લિત વદને એકાદ સેવકનો હાથ પોતા તરફ ખેંચતા કહે છે, 'ભગવાન ભજી લેવા.' ચેતનાને જાગ્રત કરતા આ શબ્દો સૌને નિર્મળ પ્રેમથી ભીંજવી દે છે.

પ્રાતઃકાળમાં યોગીજી મહારાજ મનનીય મંગળ-પ્રવચન કરે છે. કરુણાસદન સમા સ્વામીશ્રીના એક એક શબ્દો ભક્તોના અજ્ઞાનરૂપી અંધકારને ઊલેચી નાખે છે, અને અમૃતત્ત્વને પામવાનું પાથેય બંધાવે છે.

સ્વામીશ્રી શૌચાદિક ક્રિયા માટે પધારે છે. પ્રભુના એક એક નિયમનું સંપૂર્ણ પાલન, જેના મનનું એકમાત્ર કાર્ય છે તેવા યોગીજી મહારાજ સંપૂર્ણ સાવધાનીથી, શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી આદિ મોટા મોટા સદ્‌ગુરુઓને સંભારતા સર્વ ક્રિયા કરે છે. શૌચ, માટીથી હસ્ત પ્રક્ષાલન, દંતધાવન વગેરે શુદ્ધિઓ ક્રમસર થાય છે. દરમ્યાન સ્વામીશ્રી સેવકો પાસેથી સ્વામીની વાતું, વચનામૃતો, કીર્તનોનો મુખપાઠ લે છે. જે નિયમિત મુખપાઠ કરી લાવે તેને જ સેવામાં આવવાનો નિયમ છે. કૌપીન પણ જાતે જ ધોઈ સ્વામીશ્રી મહારાજ, સ્વામી, શાસ્ત્રીજી મહારાજને સંભારતા સ્નાનવિધિને અનુસરે છે. વસ્ત્રપરિધાન કરી અક્ષરદેરીમાં પૂજા કરવા પધારે છે.

'ટનનન...' મહાપૂજાની આરતીનો ઘંટ વાગે છે ને સ્વામીશ્રી દેરીમાં પગ મૂકે છે. મહાપૂજાની આરતી ઉતારી યોગીજી મહારાજ દેરીમાં તથા શાસ્ત્રીજી મહારાજની મૂર્તિની પણ આરતી ઉતારે છે. દેરીમાં દર્શન-પ્રદક્ષિણા કરી પૂજા કરવા બેસે છે. અર્ચનાદિક વિધિ કરી, સ્વામીશ્રી પૂજાની મૂર્તિઓ ભાવપૂર્વક દર્શન કરતા ગોઠવે છે. ફૂલદાનીમાંથી પુષ્પ લઈ મૂર્તિઓને તથા શિક્ષાપત્રીને ચઢાવે છે. ભક્તિપૂર્વક ગોઠવે છે. થોડાં પુષ્પો રહેવા દે છે.

ઠાકોરજીને પ્રસાદ ધરાવે છે. 'પ્રદક્ષિણાં કુરૂ'નો અવાજ સંભળાતાં માળા લઈ પ્રદક્ષિણામાં જોડાય છે. વધેલાં પુષ્પો સાથે લઈ દેરીમાં શ્રીહરિનાં ચરણારવિંદ તથા મૂર્તિઓ ઉપર ચઢાવે છે. મહાપૂજા, દેરી તથા પોતાની પૂજાને આવરી લેતી પ્રદક્ષિણા કરે છે. 'જયનાદ' થતાં પ્રદક્ષિણા પૂરી કરી, પોતે પૂજામાં બેસી માળા ફેરવે છે.

દરમ્યાન સેવકોને પ્રભાતિયાં બોલવાની આજ્ઞા કરે છે. પછી ઊભા થઈ માળા ફેરવે છે. વૃદ્ધ ઉંમરે પણ સ્વામીશ્રી ૩૭થી ૪૦ પ્રદક્ષિણાઓ કરે છે. પછી દંડવત્-પ્રણામ કરી, પ્રસાદી ધરી સૌને આપે છે. તે પ્રમાણે પ્રસાદીનાં પુષ્પો પણ સૌને વહેંચે છે. શિક્ષાપત્રી વાંચન કરે છે. તેમની પ્રત્યેક ક્રિયામાં એક જ હૃદય ધ્વનિ સંભળાય છેઃ

*'મનગમતું સર્વે મેલીને, એક તમને રિઝાવા રે;*
*બ્રહ્માનંદ કહે મન કર્મ, વચને ગુણ તમારા ગાવા રે...'*

બાદ સ્વામીશ્રી ઉપર મંદિરમાં શણગાર આરતી કરવા પધારે છે. આરતીને વાર હોય તેથી પોતે મૂર્તિઓનાં દર્શન કરે છે ને વસ્ત્રાલંકારો નિહાળે છે. તેમાં પણ કોઈ વખત પૂજારીને વિશિષ્ટ સૂચનો કરે. જરિયાન જામા વગેરે વસ્ત્રો જો મહારાજને પહેરાવ્યાં હોય, તો ચાંદીની છડી મહારાજના હાથમાં ધરવાનું સ્વામીશ્રી કહે, વળી, માળા તો હરેક પોશાક વખતે અચૂક હાથમાં મુકાવે. થાળમાં પણ ખારું, મીઠું, તીખું, સર્વ રસે યુક્ત વાનગીઓ ધરાવવાનો આગ્રહ રાખે છે. ફૂલહાર વગેરેની શોભા પણ જોઈ લઈને, પુષ્પ વધ્યાં હોય તો પોતે પણ, મૂર્તિઓનાં ચરણારવિંદ ઉપર પુષ્પો ધરાવવાનો લાભ ચૂકતા નથી. જેમ વિશેષ શોભા ને શણગાર સર્જાય છે, એમ પોતે વિશેષ પ્રસન્નતા અનુભવે છે. વળી, મૂર્તિઓ સાથે વાતો પણ કરે છે.


•

(અનુસંધાન પૃષ્ઠ ૨૩ ઉપર)

## પ્રેમલક્ષણા ભક્તિની અસ્ખલિત રસધારા

# યોગીજી મહારાજ

■ શ્રી ગુણવંત દાણી



ધારીનાં ચરણ પખાળતી ત્રિવેણીના પુનીત તીરે જીવન મુક્તેશ્વરની આમ્રવાટિકામાં શાળાના બાળકો ખેલી-કૂદી રહ્યા હતા. જુદાં જુદાં સુગંધીદાર પુષ્પો અને નિર્દોષ ભૂલકાંઓથી છવાયેલી આ આમ્રકુંજ અત્યંત રમણીય શોભા ધારણ કરતી હતી. વાતાવરણ ઠંડું અને ઉલ્લાસપૂર્ણ હતું. પણ એક ઘટના બની જેમાં ચપળ અને ચંચળ બાળકોનાં ચિત્તને ઝીણા નામના એક બાળકે અલૌકિક ચેતનાથી ભરપૂર બનાવી દીધું. ઝીણા પ્રત્યે સૌ બાળકો આકર્ષાયેલા તો હતા જ, પણ આજે એ આકર્ષણ સહસ્રગણું વધી ગયું.

ભોજનનો સમય થતાં ઝીણો એના ઠાકોરજીની છબી સમક્ષ પોતાના ઘરેથી લાવેલી વાનગી પીરસી બે હાથ જોડી પ્રેમપૂર્વક આ ભોજન આરોગવા થાળ ગાતો હતો. ઠાકોરજી તેમાંથી કાંઈ અંગીકાર કરે તે માટે આજીજી કરતો હતો. સૌ બાળકો પોતપોતાનું ભાતું લાવ્યા હતા. ઝીણા પાસે આવી ડાબરા ખોલીને ઝીણાના ભગવાન પોતાનું ભોજન જમે એવા ભાવથી એને વીંટળાઈ વળ્યા હતા. સૌ પોતાનું ભાતું પ્રથમ ધરાવવા ઝીણા તરફ પોતાનો હાથ લંબાવતા હતા.

બાળકોને એક સ્થળે એકઠા થયેલા જોઈને શિક્ષકો શું કારણ હશે એ જાણવા કુતૂહલવશ અધીરા બની ચાલવા લાગ્યા. કોઈ અદમ્ય આકર્ષણ તેમનાં હૃદયોને ખેંચી રહ્યું હતું: વીંટળાયેલા બાળકો વચ્ચે ઝીણો પોતાની ઇષ્ટ છબીને પ્રેમભીનાં નયને એક પછી એક બાળકનું ભાતું ધરાવી રહ્યો હતો. શિક્ષકો પ્રભુપ્રેમના પ્રવાહમાં નિમગ્ન આ બાળકને નીરખી જ રહ્યા.

એક સોહામણો બાળક! જ્યાં જ્યાં એની નજર મંડાઈ જતી ત્યાં ત્યાં પ્રેમની દિવ્યતા ઝરવા લાગતી. એને ભક્તિમાર્ગની કેટકેટલી કેડીઓ કંડારવાની હતી! કેવી કેવી સૃષ્ટિને આશ્લેષીને એને પ્રેમભક્તિની રસધારા પિવડાવવી હતી! એક ભરપૂર લાગણીભીના, પ્રેમભીના આ બાળપંખીને જોઈને શિક્ષકો પણ વિશાળ આધ્યાત્મિક દુનિયામાં વિહરવા લાગ્યા. ઝીણાના ઇષ્ટદેવ સાચે જ એ સર્વેનાં ભોજન જમી રહ્યા છે. જાણે આ બાળકના પ્રેમજળની છાલકનો અનુભવ એ સર્વેને પણ થઈ રહ્યો હતો!

એ બાળભક્ત ઝીણામાંથી મહાન સંતપુરુષ યોગીબાપા એટલે કે યોગીજી મહારાજની વિશ્વને ભેટ મળી. સાધુ બન્યા પહેલાં અને તે પછી પણ પ્રભુપ્રેમનો અગાધ મહાસાગર યોગીબાપાના સ્વરૂપમાં ઊછળતો રહેતો. શ્રીહરિ યોગીબાપાના રંગમાં રાચે અને તેઓ શ્રીહરિના રંગમાં રાચતા. બંને એકમેકમાં રમમાણ હતા. બંનેની પ્રીતિ સદા સર્વદા નિત્ય નવીન હતી કે જે વર્ણવી જ ન શકાય. નારદજી ભક્તિસૂત્રમાં પ્રેમના આ સ્વરૂપને અનિર્વચનીય કહે છે. આવા સ્નેહના સ્વરૂપને શબ્દોની વ્યાખ્યામાં બાંધવું મુશ્કેલ છે.

શુદ્ધ ઉપાસના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજની સાથે જૂનાગઢ છોડીને સંતમંડળી સાથે એમણે જ્યારે શાસ્ત્રીજી મહારાજ તરફ કદમ માંડ્યાં ત્યારે જેમની તેઓ નિત્ય પૂજા કરતા એ શ્રી હરિકૃષ્ણ મહારાજની નાની એવી ચલમૂર્તિને સાથે લીધા વિના તેઓ કેવી રીતે આગળ જઈ શકે? પ્રેમલક્ષણા ભક્તિના પ્યાસા યોગીજી મહારાજનાં ડગ અટકી ગયાં. અને સાક્ષાત્ શ્રીહરિને પણ એમની સાથે જ જવું હતું અને અખંડ ભેગા રહેવું હતું. એટલે વાત બની ગઈ.

કિશોરવયના યોગીજી મહારાજ આ મૂર્તિને અનેક પ્રકારનાં લાડ લડાવે, એમની પૂજા-અર્ચના કરે, ધૂપ-દીપ કરે, વાઘા પહેરાવે, મુગટ ધારણ કરાવે, કંઠમાં હાર પહેરાવે, ચરણસ્પર્શીને આંખે અડાડે, એમની પાસે ફળ ધરાવી કલાત્મક રીતે ગોઠવીને શોભા કરે, પકવાનો બનાવી મધુર કંઠે નંદ સંતોએ રચેલા થાળ બોલીને જમાડે. હરિકૃષ્ણ મહારાજની આ મૂર્તિ એ જ એમનું જીવન હતું તો ભલા આ મૂર્તિને એ કેવી રીતે વીસરી શકે? પેલા સાધુને દર્શન આપીને મીરાંને એના મોહનની મૂર્તિ મળી ગયાનો પ્રસંગ પ્રસિદ્ધ છે. એવી જ ઘટના અહીં બની.

એટલે જ, જૂનાગઢના બ્રહ્મચારી કૃષ્ણસ્વરૂપાનંદજીના અંતરમાં જાણે શ્રીહરિએ અંતઃપ્રવેશથી પ્રેરણા કરી. તેમણે ભંડાર ખોલીને આ મૂર્તિ કિશોરવયના યોગીજી મહારાજને આપી. પોતાના ઇષ્ટદેવ હરિકૃષ્ણ મહારાજ મળતાં યોગી હર્ષિત અને રોમાંચિત થઈ ગયા. એમના તનમાં સંજીવની વ્યાપી ગઈ.

અહીંથી એમની દિવ્ય ભક્તિની પ્રેમરસ ધારાનો એવો અધ્યાય શરૂ થયો, જેને નીરખીને અનેક લોકો ધન્ય થઈ ગયા. એ પ્રેમરસ ધારાનાં થોડાંક રસબિંદુઓ માણીએ:

❀

સારંગપુરમાં યોગીજી મહારાજની હરિકૃષ્ણ મહારાજની પેટી ગુમ થઈ. પૂજારીને થયું કે આ ખબર યોગીજી મહારાજને પડશે તો તેઓ આઘાત જીરવી શકશે નહીં, પણ એ ખબર પડી જ ગઈ. એમની વ્યથા-પીડાનો પાર ન રહ્યો. જાણે સર્વસ્વ હણાઈ ગયું હોય તેવો વલોપાત અંતરમાં થવા લાગ્યો. આંખોમાં અશ્રુધારા વહેવા લાગી. શાસ્ત્રીજી મહારાજે સોમા ભગત તથા મોહન ભગતને આજુબાજુ તપાસ કરવા મોકલ્યા અને યોગીજી મહારાજના માથે હાથ મૂકી કહ્યું: 'જોગી, તમારી પ્રેમલક્ષણા ભક્તિના પ્યાસા આ

ઠાકોરજી તમારી ભક્તિ વિના રહી શકશે નહીં.'

થોડા સમયમાં જ ઠાકોરજીની પેટી મોહન ભગતને જડી ગઈ. તેમણે તે ઉઘાડીને જોઈ તો અંદર હરિકૃષ્ણ મહારાજ પણ જાણે વિહ્વળ બની રહ્યા હતા! ઠાકોરજીને જોતાં જ યોગીજી મહારાજનું હૃદય નાચી ઊઠ્યું. એમના અંતરમાં તો એ મહારાજ સદા સર્વદા પ્રગટ હતા, પરંતુ અષ્ટ પ્રકારની મૂર્તિમાં ભગવાનનું પ્રગટપણું એમને મન એટલું જ દૃઢ હતું.

પ્રભુની મૂર્તિના પ્રત્યક્ષ મિલન માટેની યોગીજી મહારાજની અધીરાઈની મધુરતા તો કંઈ ઓર જ હતી. એ વખતે ગદ્‌ગદિત બની એમણે ઠાકોરજીની જે સંભાવના કરી એ પ્રેમલક્ષણા ભક્તિની પરાકાષ્ઠા હતી. ઉપાસ્ય મૂર્તિ મળતાં સૂર્યના ઉદયથી કમળ પ્રફુલ્લિત થઈ જાય, તેમ યોગીજી મહારાજ પ્રફુલ્લિત થઈ ગયા.

❀

ગોંડલમાં ઠાકોરજીના સિંહાસન સન્મુખ એક હરિભક્ત પગ રાખીને સૂતા હતા. યોગીજી મહારાજ કહે, 'આમ પગ ન રખાય. ઠાકોરજીની મર્યાદાભંગ થાય. આ તરફ સૂવો' એમ પ્રેમપૂર્વક હરિભક્તને સમજાવ્યું.

❀

એકવાર મંદિરમાંથી યોગીજી મહારાજ આરતી કરીને આવતા હતા, ત્યારે કેટલાક હરિભક્તો દંડવત્ કરવા લાગ્યા. યોગીજી મહારાજ અધીરા બનીને કહે, 'અહીંયાં ઠાકોરજી પાસે અમને દંડવત્ ન કરાય. મહારાજની મર્યાદા લોપાય. હમણાં ઠાકોરજીને દંડવત્ કરી લો.'

યોગીજી મહારાજ ભગવાનનાં દર્શન કરતા હોય ત્યારે કોઈ ભાવિક પ્રેમીભક્ત ભગવાનની મૂર્તિનાં દર્શન કરવાને બદલે પોતાનાં દર્શન કરે તો તેને ઈશારાથી સમજાવે કે ભગવાનનાં દર્શન કરો. ભગવાનના સંબંધ વિનાની કોઈ પણ ક્રિયાનું એમના જીવનમાં સ્થાન જ નહોતું.

❀

એકવાર યોગીજી મહારાજ બીમાર હતા. અશક્તિ હોવા છતાં પૂજામાં દરરોજના ક્રમ મુજબ દંડવત્ કરવા લાગ્યા. બે દંડવત્ કર્યા. ડૉક્ટર સ્વામી કહે, 'આવા સંજોગોમાં આપ દંડવત્ પ્રણામ ન કરો તો ચાલે.'

'ગુરુ, એમ પોલ ન હાલે! દંડવત્ તો કરવા જ પડે.'

એમની ભક્તિસભર વાણી હૃદયમાંથી આવતી. એમની રહેણીકરણી કે વાણી અન્યને આંજવાના ચળકાટ વગરની છતાં અન્યના હૃદયનાં કમાડ ઉઘાડતી. એ હૂંફાળી, પ્રેમાળ વાણી કોઈપણ વ્યક્તિના દિલમાં સોંસરી ઊતરી જતી. એમની સંનિધિમાં આવનારને ઠાકોરજીમાં અનુરાગ ઉત્પન્ન થઈ જતો.

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૮માં કહ્યા મુજબ સ્વામીશ્રી પથ્થરની પ્રતિષ્ઠિત મૂર્તિમાં સાક્ષાત્ ભગવાનનું પ્રત્યક્ષ દર્શન કરતાં, તે રીતે વર્તતા. તેઓ પૂજારીને ઘણીવાર કહે, 'આજે મહારાજ કહી ગયા છે. પગે ઠંડી લાગે છે. માટે મોજડી પહેરાવો.' એમ ગરમી તથા ઠંડીના વાતાવરણને અનુકૂળ મૂર્તિની સંભાવના કરવા માટે પૂજારીને સૂચના આપે. શ્રીહરિની મૂર્તિ સાથે એમને આવો ઘરોબો હતો.

❀

એકવાર યોગીજી મહારાજ પધરામણીમાં ગયા. એક સંતે ગરમગરમ ઉકાળો ધરાવ્યો. યોગીજી મહારાજ કહે, 'પહેલાં ઠારો પછી ઠાકોરજીને ધરાવો. જીભે દાઝી જાય. આપણે ઉતાવળ નથી, બેઠા છીએ.' એમ ઠાકોરજીની સેવાની રીત પ્રેમપૂર્વક શીખવતા.

એકવાર બપોરે ઠાકોરજીને દેરીમાં ભાત ધરાવવાનો રહી ગયો. તે જ દિવસે યોગીજી મહારાજે રસોયા સંતને પૂછ્યું, 'ભાત ધરાવ્યો હતો?' તેમણે કહ્યું, 'બાપા, બધું ધરાવ્યું પણ ભાત ભૂલી ગયા. અહીં મૂર્તિને ધરાવી લઈએ.'

યોગીજી મહારાજે ભાવવાહી શબ્દોમાં પણ દૃઢતાપૂર્વક કહ્યું, 'મહારાજને ભૂલી જમીએ તો ઉપવાસ કરવો પડે, તમારે ધરાવીને પછી જ મને આપવું. મહારાજ તો ઉપાસ્ય મૂર્તિ કહેવાય. એમને ભૂલીને કાંઈ ન થાય.'

❀

એકવાર યોગીજી મહારાજ ભાવનગરથી સારંગપુર જતા હતા. વચ્ચે જ સંધ્યા આરતીનો સમય થઈ ગયો. રસ્તાની એક બાજુ મોટર રોકવા કહ્યું અને પોતે ગાડીમાંથી ઊતર્યા. સાથેની બીજી ગાડીમાંથી સંતો-હરિભક્તો પણ આવ્યા. ગાડીની ડેકી ઉપર એક સુંદર આસન બિછાવી તે પર ઠાકોરજી પધરાવ્યા. સાથેના સંતો હરિભક્તો કહે, 'બાપા, સારંગપુર હમણાં પહોંચી જઈશું.' યોગીજી મહારાજ કહે, 'સમાની (યોગ્ય સમયની) સેવા જાય. માટે આરતી ઉતારી લઈએ.' આરતી પછી દંડવત્ કર્યા. સર્વે સંતો-હરિભક્તો યોગીજી મહારાજને અનુસર્યા.

એકવાર સાબરકાંઠાના વિચરણ દરમ્યાન યોગીજી મહારાજ ઈડર બિરાજતા હતા.

એક હરિભક્તને સગડી લાવવા કહ્યું. તેમણે સગડી લાવી એમની પાસે મૂકી. યોગીજી મહારાજ કહેઃ 'ગુરુ, અહીં નહીં! ઠાકોરજી આગળ મૂકો.' અન્ય હરિભક્તો ત્યાં હાજર હતા. તેમાંથી કોઈ બોલી ઊઠ્યા, 'બાપા! આપ ઠાકોરજીની બહુ ખબર રાખો છો?' યોગીજી મહારાજ કહે,

'આપણે શું ખબર રાખીએ? ઠાકોરજી આપણી ખબર રાખે છે.'

❀

ગોંડલમાં યોગીજી મહારાજ ઘનશ્યામ મહારાજને અત્યંત ગદ્ગદ કંઠે પ્રાર્થના કરતા અને બે હાથ જોડીને એકીટશે નીરખતા. એકવાર જાણે મહારાજ પ્રત્યક્ષ ઊભા હોય એવી રીતે યોગીજી મહારાજ શબ્દો ઉચ્ચારી રહ્યા હતા. મુખારવિંદ પરના ભાવ અને નેત્રોની ચમક આ પ્રત્યક્ષપણાનો અનુભવ કરાવતા હતા.

પૂજારી કહે, 'બાપા! મહારાજ પ્રાર્થના સાંભળે છે?'

'ગુરુ! મહારાજ પ્રાર્થના ન સાંભળે તો આપણું કેમ હાલે!'

યોગીજી મહારાજે દીનભાવે ઉચ્ચારેલી સ્તુતિ-પ્રાર્થના મહારાજ પ્રત્યેની તેમની દાસત્વભક્તિ પ્રગટ કરતી હતી. છતાં પરાર્થે-પરોપકારાર્થે જ એમની પ્રાર્થના થતી રહેતી.

❀

ભાવનગરમાં યોગીજી મહારાજની પ્રથમ જયંતી ઊજવાઈ. પીતાંબરભાઈ, ઠાકરશીભાઈ, કાનજીભાઈ સોની વગેરે હરિભક્તોને એમનો અપાર મહિમા. તેથી તેઓ સ્વામીના ચરણ પખાળીને ચરણામૃત લેવા માટે કેસર ઘોળેલું હૂંફાળું જળ લાવ્યા. યોગીજી મહારાજે તરત જ ચરણ ખેંચી લીધાં. બધા કરગરી અરજ કરવા લાગ્યા. આંખો અશ્રુભીની બની. ગદ્ગદ કંઠે નિવેદન કર્યું, 'બાપા, બીજા ગુરુ તો કેટલુંય કરે છે.' ત્યારે યોગીજી મહારાજ કહે, 'એનો અમારે વાદ નહીં. ઠાકોરજીનાં ચરણારવિંદ ધુઓ. આપણે પ્રથા હાલી આવે છે તેમ વર્તવું.'

❀

સન ૧૯૭૦માં યોગીજી મહારાજ લંડનમાં આધ્યાત્મિક આંદોલન જગાવી ભારત પરત પધાર્યા. એની અસર ઘણી મોટી પડી હતી અને એમનું યશસ્વી નામ દેશભરમાં ગુંજતું થયું હતું. જૂના મંદિરના એક હરિભક્તને યોગીજી મહારાજનો મહિમા સમજાયો. તેઓ દર્શને આવ્યા. તેમણે પ્રવચન કરતાં કહ્યું, 'સ્વામી! શ્રીજીમહારાજે પણ આવું કાર્ય કર્યું નથી એવું આપે કર્યું.' ત્યારે યોગીજી મહારાજ અત્યંત ગળગળા થઈ આર્દ્રસ્વરે કહેવા લાગ્યાઃ 'ગુરુ, શું બોલ્યા? આ જોગીથી શેકેલો પાપડ પણ ભાંગી શકાય તેમ નથી. આ તો શ્રીજીમહારાજની દૃષ્ટિથી થયું છે. ને અમે મહારાજની દૃષ્ટિથી જ ત્યાં ગયા હતા. અમે કંઈપણ કર્યું નથી.'

❀

એકવાર આણંદમાં એકાદશીના દિવસે સવારે કથા-વાર્તા ચાલતી હતી. એકાએક યોગીજી મહારાજ કહે, 'આપણે વરતાલ જવું છે.' રાવજીભાઈ તથા ઈશ્વરભાઈ મસાલાવાળા પાસે કાકડી, ચીભડાં, સાકર, ખજૂર, ફળો વગેરે બે મણ ફરાળી સામગ્રી મગાવી. તેઓ વરતાલ પહોંચ્યા ત્યારે ૧૦-૩૦ વાગ્યા હતા. પણ આજે કોઈક સંજોગવશાત્ ત્યાં ઠાકોરજીને થાળ થયો નહોતો. યોગીજી મહારાજે આ બધી સામગ્રી મુકાવી. ત્યાંના પૂજારીને અરજ કરી બ્રહ્મચારી મહારાજ, ઠાકોરજીને થાળ ધરાવો.

બ્રહ્મચારીની આંખમાં આંસુ વહેવાં લાગ્યાં, 'તમે આજે લાજ રાખી. ૧૫૦ વર્ષમાં પ્રથમવાર ઠાકોરજી થાળ વગર રહેવાના હતા.' યોગીજી મહારાજ પ્રેમભક્તિના માલમી હતા. એમની આંખોમાં ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિનો પરિતોષ ચમકી રહ્યો! સાથે આવેલા હરિભક્તોના અંતરમાં તકની સેવા મળ્યાનો આનંદ છલકાઈ રહ્યો.

❀

એકવાર શાસ્ત્રીજી મહારાજના સમયમાં નેનપુરમાં સંતોએ સત્સંગ પારાયણ યોજ્યું હતું. શાસ્ત્રીજી મહારાજને જવાનું હતું, પરંતુ માંદગીને લીધે તેઓ ન જઈ શક્યા. આથી તેમણે અમદાવાદના હરિભક્તો સાથે યોગીજી મહારાજને ત્યાં મોકલ્યા. યોગીજી મહારાજે પૂર્ણાહુતિના દિવસે દૂધપાક, પૂરી, પાતરાં, શાક, મગની દાળ, કઢી, ભાત વગેરે પ્રેમથી બનાવ્યાં અને ઠાકોરજી સમક્ષ 'અવિનાશી આવો રે' વગેરે પાંચ થાળ અડધો કલાક સુધી બોલ્યા. પછી હરિભક્તોને ખૂબ પીરસ્યું. સાંજે સૌ શાસ્ત્રીજી મહારાજ પાસે આવ્યા અને પૂર્ણાહુતિ ધામધૂમથી થઈ અને યોગીજી મહારાજે સર્વેને દૂધપાક ખૂબ પીરસ્યો ને બધાને તૃપ્ત કરી દીધા એ વાત કરી. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'તેમણે દૂધપાક કેટલો પીધો તે જાણ્યું?' પછી બોલાવ્યા અને પછી વાત જાણી. પૂર્ણાહુતિને દિવસે યોગીજી મહારાજે ઉપવાસ કર્યો હતો. ત્યારે શાસ્ત્રીજી મહારાજ કહે, 'યોગીજી મહારાજ કેવા તપસ્વી! પણ ઠાકોરજી પ્રત્યે તેમના પ્રેમમાં ખામી ન આવવા દે. ભક્તિભાવપૂર્વક ઠાકોરજીને થાળ જમાડે. ઠાકોરજી સાક્ષાત્ બની વાનગી જમે. થાળમાંથી બધું મહારાજ ચાખે, લાડુ, દૂધપાક જમી જાય. વલ્લભાચાર્ય જેવી એમની પ્રેમલક્ષણા ભક્તિ છે. અને ભક્તોને પણ એવા જ ભાવથી જમાડે. તેમણે સૌને જમાડ્યા, પણ એમણે નિર્જળ ઉપવાસ કર્યો છે એવી કોઈને ગંધ પણ ન આવી એ યોગીજી મહારાજની વિશેષતા.'

❀

એકવાર સાંકરદામાં યોગીજી મહારાજ ટપાલ લખતા

હતા. કોઈ હરિભક્ત પેંડા ને મમરા સવારે ઉકાળા-નાસ્તા માટે લાવેલા. અંતેવાસી સેવક ઠાકોરજીને પ્રથમ પેંડા ધરાવતા હતા તે પછી ઉકાળો. તે જોઈ યોગીજી મહારાજ કહે, 'પહેલા ઉકાળો ને પછી પેંડા ધરાવો. પાછળથી ઉકાળો ધરાવીએ તો ઠાકોરજીને ઉકાળો મોળો લાગે.' આવી સૂક્ષ્માતિસૂક્ષ્મ ભક્તિના કેટલાય પ્રસંગો તેમના જીવનમાં જોવા મળે છે.

❀

એકવાર યોગીજી મહારાજ ભાવનગર પધાર્યા હતા. આ દરમ્યાન, ભાવનગરમાં મુક્તરાજ પ્રભુદાસ શેઠના ભાણેજ જયંતીભાઈના પિતાના શ્રાદ્ધ પ્રસંગે શેઠે યોગીજી મહારાજને પ્રાર્થના કરી, 'આપને મહારાજ વશ છે તો આજે પ્રત્યક્ષ આવી થાળ જમે એવી સૌની અભિલાષા છે.'

યોગીજી મહારાજે મંદ મંદ હસતાં પ્રત્યુત્તર વાળ્યો, 'આપણે પ્રાર્થના કરીએ. મહારાજ થાળ જમવા સાક્ષાત્ પધારશે.'

સમય થતાં ઠાકોરજી સન્મુખ થાળ મૂકી થાળ બોલવાની શરૂઆત કરી.

થાળમાં ખાંડના દશ લાડુ, દાળ, ભાત, બે શાક, ભજિયાં વગેરે બનાવેલું. ચાંદીના બે લોટા પાણી ભરીને મૂક્યા હતા. અડધો કલાક થાળ બોલ્યા પછી પડદો ઊંચકતાં જ જોયું તો થાળમાં પાંચ લાડુ, દાળ, ભાત, શાક, ભજિયાં ઓછાં થયાં હતાં. શ્રીજીમહારાજ સાક્ષાત્ જમી ગયાની નિશાનીનાં આંગળાં પડી ગયાં હતાં. પાણીના બંને લોટા પણ ખાલી થયા હતા. સર્વે હરિભક્તોનાં મન નાચી ઊઠ્યાં. યોગીજી મહારાજની પ્રેમલક્ષણા ભક્તિ અનેરી હતી.

❀

એકવાર ગોંડલમાં સાંજના થાળમાં ગુવારનું શાક ધરાવેલું. યોગીજી મહારાજ કહે, 'ગુવારનું શાક રાત્રે ન ધરાવવું. તેમાં રેસા હોય તેથી ઠાકોરજીને જમતાં વાર લાગે.'

❀

એકવાર સારંગપુરમાં યોગીજી મહારાજે દેરીના પૂજારી મોહન ભગતને પૂછ્યું, 'કયું શાક જમાડો છો?'

મોહન ભગત કહેઃ 'હમણાં તો વાડીમાં રીંગણાં બહુ થયાં છે. તેથી દરરોજ રીંગણાંનું શાક બનાવીએ છીએ.'

યોગીજી મહારાજ કહે, 'ફરતું ફરતું શાક કરવું જોઈએ. આપણને કાયમ એકનું એક ભાવે છે?' યોગીજી મહારાજ વિના આવી સૂક્ષ્મ દૃષ્ટિ અન્ય કોનામાં સંભવી શકે?



એકવાર વિચરણ કરતાં કરતાં યોગીજી મહારાજ જૂનાગઢમાં જૂના સ્વામિનારાયણ મંદિરે ઠાકોરજીનાં દર્શને પધાર્યા હતા. અહીં દર્શન કરીને તેઓ જૂના પીઢ સંત અક્ષરપુરુષદાસ સ્વામીના આસને આવ્યા. યોગીજી મહારાજની બાજુમાં એક ખુરશી પર સેવકે ઠાકોરજી હરિકૃષ્ણ મહારાજને આસન બિછવાવીને રાખ્યા હતા. યોગીજી મહારાજે ઠાકોરજીના મુગટને મધ્યમાં સરખો ગોઠવ્યો. વાઘા ઠીકઠાક કર્યા. એટલીવારમાં અક્ષરપુરુષ સ્વામીના સેવક મેવો લાવ્યા. યોગીજી મહારાજ જાતે થાળી લઈને ઠાકોરજીને ધરવા લાગ્યા. સેવક સંતે થાળી લેવા માંડી તો ના કહી. સર્વે સંતો-હરિભક્તો અવાચક બનીને આ ભક્તિમય દૃશ્યને નીરખી રહ્યા. અક્ષરપુરુષદાસ સ્વામી બોલ્યા, 'સ્વામી! સેવક ધરાવશે. તમારે શું બાકી છે? તમારે મહારાજ સાથે અનાદિ મૂળ અક્ષર જેવી એકતા છે. કોઈને કહીએ તો કઠણ પડે, પણ તમે પોતે જ મૂળ અક્ષર છો. તમારે તો સૌને એકાંતિક ધર્મ પમાડવો ને સુખિયા કરવા. હરિકૃષ્ણ મહારાજ તમારાથી અળગા નથી.'

❀

ભાદરામાં ગુણાતીતાનંદ સ્વામીના જન્મસ્થાન પર મંદિર બાંધવાનું હતું. વચ્ચે રસ્તા માટે એક ખેડૂત ભાઈ પોતાની જમીન આપવા અંગે નનૈયો ભણતા હતા. યોગીજી મહારાજ કહેઃ 'આ હવાલો અમારે હરિકૃષ્ણ મહારાજને આપવો પડશે...' અને બીજે દિવસે પેલા ખેડૂતભાઈને અંતઃપ્રેરણા થઈ. તેમણે જમીન આપી.

હરિકૃષ્ણ મહારાજ સામે યોગીજી મહારાજ એકાગ્ર નજરે અડધો કલાક સુધી બિરાજ્યા હતા ને પ્રાર્થના કરી હતી. આના સાક્ષી શેઠ હરજીવનદાસ બારદાનવાલાએ પણ આશ્ચર્ય અનુભવ્યું. કારણ કે તેમણે પેલા ખેડૂતને સમજાવવામાં કંઈ બાકી રાખ્યું નહોતું. તેમણે કલેક્ટર સાહેબ દ્વારા પણ પ્રયત્ન કર્યા હતા, પરંતુ યોગીજી મહારાજે પ્રાર્થના કરી, હવાલો હરિકૃષ્ણ મહારાજને સોંપ્યો અને કાર્ય થઈ ગયું!

❀

મોટી ઉંમરે આંખોનું તેજ ઓજપાતાં યોગીજી મહારાજને આંખોમાં પિયા બહુ વળતા. એકવાર ટપાલ મંગાવી, વાંચવી શરૂ કરી પણ ઝાંખપ હોઈ ફાવ્યું નહીં. તેથી કહેઃ 'ચાલો દેરીમાં દર્શને જઈએ.' મેં કહ્યું, 'બાપા, આંખે ઝાંખપ છે તેથી દર્શન બરાબર નહીં થાય, માટે દેરીમાં અત્યારે ન જઈએ તો સારું.'

એમણે પ્રત્યુત્તર વાળ્યો, 'દેરીમાં મહારાજ-સ્વામી સાક્ષાત્ બિરાજે છે. એ પ્રકાશ આપે. એના પ્રકાશથી આપણને દેખાય. એ આપણી રક્ષા કરનારા છે. સ્વામી પ્રકાશ આપશે. શ્રીજીમહારાજ આપણા દાક્તર.'

આ એમની સહજ પરાભક્તિ હતી.

યોગીજી મહારાજ અક્ષરદેરીમાં ધ્યાનમાં બેસે ત્યારે એમની પ્રેમલક્ષણા ભક્તિનું સુરમ્ય દર્શન થતું. બે હાથ જોડી, આંખો મીંચી બેસે અને રૂંવે રૂંવે પ્રેમાવેગ એવો પ્રગટે જાણે સુરદાસ કહે છે તેમ –

*'સુર રોમ પ્રતિ લોચન દે તો દેખત બનૈ ગોપાલ...'*

દર્શન માટે રોમે રોમમાં નેત્રોની માગણી કરતા હોય એવી ગદ્ગદ ભાવે પ્રાર્થના કરતા રહે! અંગ-પ્રત્યંગમાં મહારાજનું કીર્તન ચાલતું હોય ને શ્વાસોચ્છ્વાસની આવન-જાવનમાં સ્વામિનારાયણ નામ ગુંજતું હોય એવું દિવ્ય અલૌકિક વાતાવરણ ઉત્પન્ન થઈ જાય. અક્ષરના આ આનંદની અનુભૂતિનું વર્ણન શબ્દોમાં ક્યારેય ન થઈ શકે!

ઠાકોરજી સાથેના એમના હાસ્યમાં, એમના કેફમાં, પ્રસન્નતાના પરિમલમાં, એમની ભાવભંગિમામાં, યોગીજી મહારાજને લાખોએ નિહાળ્યા છે અને અનહદ સુખ મેળવવા બડભાગી થયા છે. એમના પ્રેમભક્તિના અગાધ-અમાપ અમૃત કૃપાસાગરમાં ડૂબી જનારા એટલું જ કહી શકે, 'પ્રેમલક્ષણા ભક્તિની અસ્ખલિત-ચિરંતન રસધારાનું બીજું નામ છે – યોગીજી મહારાજ.' ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૭ ઉપરથી)


આવા એક પ્રસંગે યોગીજી મહારાજ નિજમંદિરના ઉત્તર દેરામાં પધાર્યા. શ્રીજીમહારાજ, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામીની મૂર્તિઓ છે. સ્વામીશ્રી બે હાથ જોડી મૂર્તિઓ સામે એક દૃષ્ટિએ આર્દ્રહૃદયે જોઈ રહ્યા હતા. દૃષ્ટિ પરોવતાં સ્વામીશ્રીએ મહારાજને કહ્યુંઃ 'જય સ્વામિનારાયણ.' આ દિવ્ય-મિલનના બિનઅનુભવી એક સેવકે અજાણતાથી કહ્યું, 'કોઈ સાંભળતું નથી.'

જાગ્રતમાં પણ નિર્વિકલ્પ સમાધિનું સુખ નિત્ય અનુભવતા યોગીજી મહારાજ તુરત કહે, 'મહારાજ સામે કહે છે, 'જય સ્વામિનારાયણ' પણ તમને એ સંભળાય નહીં.' સ્વામીશ્રીએ સ્મિત કરતાં મૃદુ અવાજે પણ દૃઢતાથી કહ્યું. સૌ સાશ્ચર્ય આનંદ પામ્યા. 'મહારાજ, ન કહે તો આપણું ગાડું કેમ હાલે?'

રસિયાજી સંગ રસબસ સ્વામીશ્રીની આ વચનમાધુરીએ સૌને કરુણામૃત પીરસ્યું! ◆

# લિંબતરુ નીચે બિરાજતા
# ભગવાન શ્રી સ્વામિનારાયણ

**એક પવિત્ર વૃક્ષની સ્મૃતિગાથા**



■ **ડૉ. વી. પી. રાવલ** (અમરેલી)
(ગતાંકથી ચાલુ)

લીંબડો એટલે ભારતીય સંસ્કૃતિનું એક પવિત્ર વૃક્ષ. ધર્મ અને સંસ્કૃતિનાં વિવિધ પાસાંઓ સાથે લીંબડાની અનેક વાતો તાણાવાણાની જેમ ગૂંથાયેલી છે. અનેક સંતો-મહાપુરુષો-ઋષિઓ સાથે લીંબડાની કથાઓ અને કંઈક બોધકથાઓ જોડાયેલી છે. આયુર્વેદની દૃષ્ટિએ લીંબડો જાણે સંજીવનીનું કામ કરે છે. તેમાંય ચૈત્ર મહિનામાં લીંબડાનાં પાનમાંથી બનાવેલા રસનું પાન કરવાનો આરોગ્ય શાસ્ત્રોમાં ખૂબ મહિમા છે.

તામિલનાડુમાં આરોગ્ય સારું રહે તે માટે આરોગ્યની દેવી 'મરીયમ્મન દેવી'ને લીંબડાનાં પર્ણો અને ફૂલોનો હાર ધરાવવામાં આવે છે. કર્ણાટકમાં લીંબડાનાં પાન અને માંજરમાંથી બનાવાતી 'બેવીના હુવી ગોઝુ' (એક પ્રકારની કઢી) બારે માસ સામાન્ય છે. તો વળી, તામિલનાડુ અને કર્ણાટકમાં 'ઉગડી પાછડી' નામનો અથાણાં જેવો સૂપ પ્રખ્યાત છે. ઘણી જગ્યાએ લીંબડાનાં ફૂલો અને 'બેલ'(ગોળ અથવા અશુદ્ધ એવી ખાંડ)નું મિશ્રણ તૈયાર કરીને વીતેલા વર્ષની કડવી અને મીઠી ઘટનાની સ્મૃતિ તરીકે મિત્રો અને પરિવારમાં આપવામાં આવે છે.

એવા પવિત્ર વૃક્ષની ઈતિહાસ કથાઓમાં પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનું નામ અમર થઈ ગયું છે. વર્ષો સુધી ગઢપુરમાં ભક્તરાજ દાદાખાચરના દરબારમાં લિંબતરુ નીચે આધ્યાત્મિક બોધ આપનાર ભગવાન શ્રી સ્વામિનારાયણનાં વચનામૃતો જાણે આધુનિક ઉપનિષદો છે. જ્ઞાન અને શાણપણનો એ દિવ્ય ખજાનો લીંબડાની નીચે બિરાજીને ભગવાન શ્રી સ્વામિનારાયણે સૌ સમક્ષ ખુલ્લો મૂક્યો છે. ભગવાનના આ દિવ્ય સંબંધને કારણે આ લીંબડો પોતે સ્વયં એક તીર્થરૂપ બની ગયો છે. ભક્તરાજ જીવાખાચરના દરબારમાં પણ એવો જ પ્રાસાદિક 'મુનિલીંબડો' ઊભો છે, જેની શીતળ છાયા નીચે બેસીને ભગવાન શ્રી સ્વામિનારાયણે અનેકવાર અધ્યાત્મ બોધ આપ્યો છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અને મહાપુરુષો-ઋષિઓ સાથે સાથે જોડાયેલી આવી કંઈક લીંબડા-કથાઓ આપણે ગયા અંકમાં માણી હતી. ભગવાન શ્રી સ્વામિનારાયણની જેમ એમના મહાન સંતો અને ગુણાતીત ગુરુપરંપરા સાથે પણ લીંબડાની એવી કંઈક સ્મૃતિ-કથાઓ સ્મરણીય છે. અહીં તેનો થોડો આસ્વાદ માણીએ:

•

કપડવંજ તાલુકાનું ચીખલોડ ગામ સંપ્રદાયના ઈતિહાસમાં 'સાત લીંબડાવાળા સાધુનું ગામ' તરીકે ઓળખાય છે. ભગવાન શ્રી સ્વામિનારાયણના સંતશિષ્ય સદ્‌ગુરુ શ્રી મહાનુભાવાનંદ સ્વામીના પ્રગટ પરચા રૂપે આ ગામ જાણીતું છે. કથા કંઈક આવી છે.

ગામડે ગામડે વિચરતા સ્વામિનારાયણીય સંતોમાં શ્રી મહાનુભાવાનંદ સ્વામીનું વિચરણ આ ક્ષેત્રમાં રહેતું. એમણે ત્યાં મંદિરનાં મંડાણ કર્યાં, પણ પીઢિયા માટે ઈમારતી લાકડાંની જરૂરિયાત ઊભી થઈ. એમણે એક ખેતરમાં ખૂબ સુંદર સંખ્યાબંધ ઘેઘૂર લીંબડાઓ ઊભેલા જોયા. એમણે એ ખેતરના માલિકને પૂછ્યું: 'પટેલ! લીંબડા આપશો?'

પટેલે કહ્યું: 'સ્વામી! મેં આ લીંબડાઓ મારા બાળકોની જેમ ઉછેર્યા છે, કેમ કાપવા દઉં!'

વાતચીતમાં સ્વામીને ખબર પડી કે પટેલ નિઃસંતાન છે. એટલે સ્વામી કહેઃ 'પટેલ! તમે જેટલા લીંબડા આપશો એટલા દીકરા હું તમને આપીશ.'

પેલો ખેડૂત સ્વામીના પ્રભાવથી પરિચિત હતો. ખૂબ સુખી એવા આ પટેલને થયું કે આમ ને આમ નિર્વંશ રહેવું તેના કરતાં ભલે સ્વામી રાજી થાય અને મારે ઘેર પારણું બંધાય!

પેલાએ હા પાડી પણ સ્વામીએ એક શરત મૂકી: 'પટેલ! તમે જેટલા લીંબડા આપશો, એટલા દીકરા થાય એવા આશીર્વાદ તમને આપીશું. પરંતુ તેમાંથી બધા તમારા દીકરા તરીકે નહીં રહે. અર્ધા તમારા અને અર્ધા અમારા.'

પેલાએ કબૂલ રાખ્યું અને સાત લીંબડા આપ્યા. થોડાં વર્ષોમાં આ પટેલને ઘરે સાત દીકરા થયા. પણ ખરેખર સ્વામીએ કહ્યું તેમ જ થયું. એ સાત દીકરાઓ પૈકી ત્રણ દીકરાઓએ ત્યાગાશ્રમ સ્વીકાર્યો અને સંત થઈ ગયા. ચાર દીકરાઓ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, પણ આ ચાર પૈકી એક દીકરાએ મોટી ઉંમરે ત્યાગાશ્રમ સ્વીકાર્યો, આમ, એમણે અરધો ગૃહસ્થાશ્રમ કર્યો અને અરધો ત્યાગાશ્રમ કર્યો. એટલે પટેલ અને સ્વામી વચ્ચે સાડા ત્રણ - સાડા ત્રણ દીકરાઓના બરાબર ભાગ પડી ગયા!

શ્રી મહાનુભાવાનંદ સ્વામીનો એ પ્રભાવ લીંબડા સાથે જોડાઈ ગયો. અને પરિણામે, ચીખલોડ માટે 'લીંબડાવાળા સાધુનું ગામ' એવી વાત સંપ્રદાયમાં આજેય ઉચ્ચારાય છે.

•

ભગવાન શ્રી સ્વામિનારાયણના એવા જ એક મહાન સંત હતા - સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી. ઐશ્વર્યસંપન્ન તેઓ અષ્ટાંગ યોગી પણ હતા, મહા વિદ્વાન પણ હતા, એક કુશળ વૈદ્યરાજ હતા. શારીરિક અને માનસિક રોગોની સારવાર

સારી કરતા. એકવખત તેમણે એક ભાવિક ભક્તને કહ્યું કે 'તારે તારા રોગ માટે લીંબડાનાં પાનનો ઉકાળો રોજ પીવો.' આ ભક્ત પણ શૂરવીર. સારા પ્રમાણમાં ખૂબ લાંબા સમય સુધી લીંબડો પીધે રાખ્યો! કેટલા સમય સુધી લેવો અને ચોખવટની એને પડી ન હતી.

સ્વામી ખૂબ જ લાંબા વિચરણ બાદ તેના ગામમાં પાછા આવ્યા. પેલા ભાવિક ભક્તે પૂછ્યું: 'સ્વામી! મારે લીંબડો ક્યાં સુધી પીવાનો છે?'

સ્વામી બોલ્યા: 'અરેરે! તે દિવસથી લઈને આજ સુધી તમે હજી લીંબડાનાં પાન ઉકાળીને પીઓ છો?'

પેલો કહે: 'હા સ્વામી! તમારી આજ્ઞા હતી, વચ્ચે છોડવાનો પ્રયત્ન કરતો તો શરીર ફગી જતું અને તાવ આવી જતો. હવે તો બંધાણ જેવું થઈ ગયું છે! હવે કાંઈક કરો.'

પછી ગોપાળાનંદ સ્વામીએ પેલાને પાવળું-પાવળું લીંબડો ઓછો કરી લીંબડો છોડાવ્યો.

આ વાતનો નિર્દેશ કરીને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતોમાં કહ્યું: 'એક હરિભક્તને રોગ મટાડવા સારુ ગોપાળાનંદ સ્વામીએ લીંબડો પાયો... તેથી રોગ તો મટી ગયો પણ લીંબડાનું બંધાણ થયું. તે ન પીએ તો તાવ આવે. પછી નિત્ય પાવળું ઓછું પીવા માંડ્યાથી ટળી ગયું. એમ આ લોક વળગ્યો છે તેને એમ ટાળવો જે, મંદિરમાં આવવું ને ઘેર જાવું ને ઘરનું કામ છોકરાને કરવા દેવું, એવો અભ્યાસ કર્યાથી ટળી જાય.' (સ્વા.વા. ૫/૧૧૯)

•

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની ઘણી વાતોમાં લીંબડાનો નિર્દેશ કર્યો છે. જેમ કે –

મોટા સંતના મહિમાનું વર્ણન કરતાં ગુણાતીતાનંદ સ્વામીએ પોતાની વાતમાં કહ્યું છે: 'મોટા સંતનો સમાગમ કરવાનો મહિમા કહ્યો જે, 'રોટલા ખાવા મળે છે પણ કદાચ તે ન મળે તો રાંધેલું અન્ન માગી ખાઈને પણ આ સાધુનો સમાગમ કરીએ, નીકર કાચા દાણા ખાઈને પણ સમાગમ કરીએ, નીકર ઉપવાસ કરીને પણ સમાગમ કરીએ, અથવા લીંબડો ખાઈને, નહીં તો વાયુ ભરખીને પણ આ સમાગમ કર્યા જેવો છે.' (સ્વામીની વાતો: ૨/૪૪)

એક અન્ય વાતમાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે:

'વાસનાવાળો અક્ષરધામમાં જાય કે ના જાય? એ પ્રશ્નનો ઉત્તર મહારાજે કર્યો જે, લીંબડે ઊંચી વસ્તુ બાંધી હોય તેને જે છોડવાનો દાખડો કરતો હોય, ને તેનાથી તે ન છૂટે તો તેને બીજો છોડી આપે; તેમ વાસના ટાળવાનો ઉપાય કરતો હોય તેને ભગવાન સહાય કરે છે.' (સ્વામીની વાતો: ૪/૧૨૪)

એક સવારે ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢમાં એક લીંબડા નીચે બેસી દાતણ કરતા હતા. સંતો-હરિભક્તો વીંટળાઈને બેઠા હતા. ત્યારે સ્વામીએ એ લીંબડા સામું ઊંચું જોઈને વાત કરી: 'જેમ આ લીંબડો છે, તે જે દિવસે અમે મંદિર કરતા હતા તે દિવસે બે વેંતનો હતો ને એક મનુષ્ય ઉપાડે એટલું જ બળ હતું. ને આજ તો બધા ગામના મનુષ્ય ભેગા થાય તોપણ ઊપડે નહીં. તેમ ઘણા દિવસ રહીને સત્સંગમાં જીવ બાંધ્યો હોય તો પંચવિષય કે કામાદિક દોષનો પાડ્યો સત્સંગમાંથી પડે નહીં.' એમ કહીને બોલ્યા જે,

પ્રસંગમજરં પાશમાત્મનઃ કવયો વિદુઃ।<br>
સ એવ સાધુષુ કૃતો મોક્ષદ્વારમપાવૃતમ્ ॥

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ દાતણ કરતાં કરતાં સત્પુરુષરૂપી મોક્ષનું દ્વાર જીવો માટે ખોલી નાંખ્યું! (સ્વામીની વાતો: ૩/૪૨)

•

બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજના જીવનમાં પણ લીંબડાનો નિર્દેશ ઘણાં સ્થળે મળે છે. તેમાંય ખાસ કરીને તેમના બાળપણમાં મહુવામાં માલણ નદીની વનરાજીઓ પૈકી ઘણા લીંબડાનાં વૃક્ષ નીચે તેમણે ઘણી બાળલીલાઓ કરી છે. લક્ષ્મીનારાયણના મંદિરના વૃક્ષ નીચે ભેરુઓ સાથે વૃક્ષ ઉપર ધજા ચડાવી છે, રામધૂન કરી છે અને હનુમાન ચાલીસા ગાયા છે.

•

બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજને પણ લીંબડાનાં વૃક્ષ ખૂબ પ્રિય હતાં. તેમણે જ્યાં જ્યાં મંદિર કર્યાં ત્યાં લીંબડાનાં વૃક્ષો વાવ્યાં અને ઉછેર્યાં. સારંગપુરમાં પુષ્કળ પ્રમાણમાં રળિયામણા ઘેઘૂર લીંબડાઓ હતા. તેમાંના કેટલાક વિશેષ નામોથી ઓળખાતા. જેમ કે, 'ઘંટીવાળો લીંબડો', 'ઉતારાવાળો લીંબડો', 'મંદિરવાળો લીંબડો', 'શાસ્ત્રીજી મહારાજવાળો લીંબડો' (જેની નીચે શાસ્ત્રીજી મહારાજ ઢોલિયો ઢળાવી પોઢતા) આ લીંબડાઓ શાસ્ત્રીજી મહારાજને ખૂબ પ્રિય, એટલે પ્રમુખસ્વામી મહારાજને પણ પ્રિય થઈ પડ્યા હતા.[1]

એકવાર મંદિરના બાંધકામ દરમ્યાન બાંધકામમાં બાધારૂપ બે લીંબડાઓ અનિચ્છાએ પણ કાપવાની ફરજ

૧. પ્રમુખસ્વામી મહારાજે ધામગમન પૂર્વે સંતોને પોતાના પાર્થિવદેહનો અગ્નિસંસ્કાર કયા સ્થળે કરવો એ સ્થળ બતાવ્યું હતું અને જણાવ્યું હતું કે અગ્નિસંસ્કારમાં ચંદનના કિંમતી કાષ્ઠને બદલે આ સુકાઈ ગયેલા લીંબડાઓનાં લાકડાંને વાપરજો!

પડી. તે સમયે શાસ્ત્રીજી મહારાજની આસપાસ કેટલાક હરિભક્તો અને સંતો વીંટળાઈને ઊભા હતા. તેમાં એક હરિભક્તને સ્વામીએ જોયા. તેમને સંતાન નહીં. તેમને જોઈ સ્વામી બોલ્યાઃ 'આ લીંબડાને તમારે ત્યાં સંતાન તરીકે મોકલીએ.'

ત્યારે પેલા હરિભક્ત લાડ કરતાં બોલ્યાઃ 'સ્વામી! મોકલવો હોય તો કેસર કેરી કે મીઠો આંબો મોકલો ને! આવા કડવા લીંબડાને શું કરવો?'

આ હરિભક્ત સ્વામીનો રાજીપો ન લઈ શક્યા. જોગાનુજોગ ગોવિંદભાઈ નામના બીજા એક નિઃસંતાન હરિભક્ત પણ ત્યાં ઊભા હતા. તેમને સ્વામીએ કહ્યું: 'ગોવિંદભાઈ! તમારી શું ઇચ્છા છે? આ લીંબડાને તમારે ત્યાં મોકલી આપીએ?'

ગોવિંદભાઈ બોલ્યાઃ 'સ્વામી! રાજી થયા હો તો મારે લીંબડાની કડવાશ સામે નથી જોવું. બેયને મોકલી આપો.'

શાસ્ત્રીજી મહારાજ ખૂબ પ્રસન્ન થયા. બંને લીંબડાને વર્તમાન ધરાવી છેદન કરાવતાં બોલ્યાઃ 'બંને ભાઈઓ થઈને ગોવિંદભાઈને ઘેર જાઓ.'

અને, વાત સત્ય ઠરી. આ બંને લીંબડાઓ જ ગોવિંદભાઈને ઘરે આવ્યા એવું સૌને અનુભવાયું. કેમ કે ગોવિંદભાઈના આ બંને સુપુત્રો ત્રણ-ત્રણ વરસના થયા ત્યાં સુધી એમના શરીરમાંથી કડવાશ ભરી વાસ આવતી! આ બંને ભાઈઓ હાલ પણ સુરતમાં સત્સંગ સેવાઓમાં પોતાનું યોગદાન આપી રહ્યા છે!

•

શાસ્ત્રીજી મહારાજના જીવન સાથે સંકળાયેલો લીંબડાનો બીજો સુપ્રસિદ્ધ કિસ્સો જોઈએ.

મોજીદડના એક હરિભક્ત શ્રી માધવજીભાઈને સખાભાવને લીધે શાસ્ત્રીજી મહારાજની ખૂબ ચિંતા થતી કે તેઓ મોટી ઉંમરે સારંગપુરનું મંદિર આદરીને બેઠા છે, પણ કેમ પૂરું કરશે?

એક રાત્રે શાસ્ત્રીજી મહારાજ પોઢવા જતા હતા, પણ કંઈક કામ પ્રસંગે સારંગપુર મંદિરના પ્રાંગણમાં બહાર આવ્યા અને જોગાનુજોગ માધવજીભાઈ પણ ત્યાંથી નીકળ્યા. શાસ્ત્રીજી મહારાજે પ્રાંગણમાં પડેલું લીંબડાનું ખૂબ વજનદાર, ૭૦ મણનું તોતિંગ થડિયું જોયું. એમણે માધવજીભાઈને હાથ લંબાવીને કહ્યું: 'માધાભાઈ! તમે આ થડિયું ત્યાં આઘે મૂકી દો.'

માધવજીભાઈ કહેઃ 'મારા એકલાથી આ થડિયું કેમ ફરે? આમાં આઠ-દસ માણસો જોઈએ. સવારે કરી નાંખશું.'

સ્વામી બોલ્યાઃ 'તમે જાઓ અને થડિયાને આંગળી અડાડીને કહો કે 'હાલ મારી સાથે,' એટલે થડિયું આપમેળે તમારી સાથે ચાલવા માંડશે.'

માધવજીભાઈએ એ પ્રમાણે કર્યું તો એમના આશ્ચર્ય વચ્ચે થડિયું કહ્યાગરું બાળક હોય તેમ, માધવજીભાઈની આંગળી ઝાલીને એમની સાથે ચાલવા માંડ્યું! અને સ્વામીએ જ્યાં ચીંધ્યું હતું ત્યાં ગોઠવાઈ ગયું! જાણે જડમાં ચેતનરૂપે બ્રહ્મ તત્ત્વનો પ્રવેશ થઈ ગયો.

માધવજીભાઈને[૨] સમજાઈ ગયું કે સ્વામી ચપટી વગાડતાં જ હમણાં મંદિર પૂરું કરી દેશે!

•

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજને બાળવયથી જ લીંબડા સાથે જાણે જોડાણ થઈ ગયું હતું. પૂર્વાશ્રમનું નામ ઝીણાભાઈ હતું. ઝીણાભાઈની શિશુઅવસ્થામાં એમનાં માતુશ્રી પૂરીબા એમને લીંબડાના વૃક્ષ નીચે એક આસન ઉપર સુવરાવી કોઈના ખેતરમાં કપાસનાં કાલાં વીણતાં.

બીજી માતાઓએ પણ પોતાનાં બાળકોને ત્યાં સુવરાવ્યાં હોય, પણ એ બાળકો પોતાની માતાઓને ન જોતાં ખૂબ રડવા લાગતાં ત્યારે ખેતરનો માલિક જરા ગુસ્સે થઈ કહેતોઃ 'જુઓ, આ ઝીણો પગનો અંગૂઠો મોઢામાં લઈને કેવો શાંતિથી રમે છે! અને તમારાં બધાનાં બાળકો રોતલ છે.'

પછી પૂરીબાને સંબોધીને કહેતાઃ 'જો જો પૂરીબા! તમારો છોકરો મોટો થઈને મહાન બનવાનો છે.''

ખેતરના માલિકના શબ્દો અક્ષરશઃ સાચા પડ્યા!

બાળક ઝીણાભાઈ જ્યારે નિશાળે જવા માંડ્યા ત્યારે ઝીણાભાઈ નિશાળના પ્રાંગણમાં ચહલ-પહલ વગરનો એકાદ લીંબડો પસંદ કરી તેની નીચે બેસીને સહજ રીતે ધ્યાનમાં સરી જતા.

ઝીણાભાઈ સાત વરસના થયા ત્યારે એક વખત અચાનક એક ઊંચા લીંબડાની છેક ઉપરની શાખા ઉપર ચડી ગયા અને ત્યાંથી ડોક ઊંચી કરી અને હાથનું નેજવું કરી દૂર-દૂર જોવા લાગ્યા.

એમના મોટાભાઈ કમળશીભાઈએ પૂછ્યું: 'ઝીણા! કેમ આમ અચાનક લીંબડા ઉપર ચડીને શું જુએ છે?

ત્યારે ઝીણાભાઈએ કહ્યું કે 'હું છપૈયાનાં દર્શન કરું છું. તમારે કરવાં હોય તો તમે પણ આવો.'

કમળશીભાઈને ઝીણાભાઈ ઉપર વિશ્વાસ હતો. ઝીણાભાઈ વાતચીતમાં કે મજાકમાં પણ કદી જૂઠું બોલતા

૨. સંસ્થામાં સેવા આપતા સંતસ્વરૂપદાસ સ્વામી અને મુકુંદજીવનદાસ સ્વામી અનુક્રમે ચોથી અને પાંચમી પેઢીએ તેમના વંશજો થાય.

નહીં. તેથી કુતૂહલવશ તેઓ ઝાડ ઉપર ચડ્યા અને એમને પણ છપૈયાનાં દર્શન થયાં.

વર્ષો પહેલાં છપૈયામાં ભગવાન સ્વામિનારાયણે બાળ વયે પીપળાના વૃક્ષ ઉપર ચડીને પશ્ચિમ દિશામાં જોયું હતું અને આજે ઝીણાભાઈએ લીંબડા ઉપર ચડીને પૂર્વ દિશામાં જોયું! બંને સ્વરૂપો જાણે તદાત્મક થઈને એક થઈ ગયાં.

•

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ જ્યારે પણ ગઢપુર કે વરતાલ દર્શન કરવા પધારતા, ત્યારે દાદાખાચરના દરબારમાં કે વડતાલના શ્રી ગણપતિના દરવાજાના પ્રાસાદિક લીંબડાનાં પણ અચૂક દર્શન કરતા. લીંબડાને દંડવત્ કરતા, માથું અડાડતા, ભેટતા, પ્રદક્ષિણા કરતા અને બોલતાઃ 'જય લીંબડાદેવ! જય સ્વામિનારાયણ!' એક વખત યોગીજી મહારાજ સાથે વડતાલ આવેલા એક સાધુને તીવ્ર આધાશીશીનો અસહ્ય દુખાવો શરૂ થયો. કોઈએ કહ્યું: 'સ્વામી! આને આધાશીશી ખૂબ ચડે છે, કંઈક કરો ને!'

યોગીજી મહારાજ કહેઃ 'એમને કહો કે આ લીંબડાને માથું અડાડે, હમણાં જ મટી જશે.' પેલા સાધુએ શ્રદ્ધાથી માથું અડાડ્યું અને બીજી ક્ષણે માથાનો દુખાવો (માયગ્રેન) કાયમ માટે ગાયબ થઈ ગયો!

એકવાર યોગીજી મહારાજ આ પ્રાસાદિક લીંબડાનાં દર્શને આવેલા. તે વખતે સાથે આવેલા બે યુવાનોને એકબીજા સાથે ભળતું નહીં. યોગીજી મહારાજે સાથે આવેલા બધાને આ લીંબડાનાં પાન આપ્યાં. બધા ચાવી ગયા. યોગીજી મહારાજે પૂછ્યું: 'ગુરુ! પાન કેવાં લાગ્યાં?'

બધા કહેઃ 'કડવાં.'

યોગીજી મહારાજ કહેઃ 'તોય ખાઈ ગયાં?'

બધા કહેઃ 'મહારાજની પ્રસાદીના લીંબડાનાં છે, એટલે ખાઈ ગયા!'

યોગીજી મહારાજ કહેઃ 'ગુરુ! આપણે બધા શાસ્ત્રીજી મહારાજના સંબંધવાળા છીએ, એટલે સ્વભાવની કડવાશ ભૂલી સંબંધનો મહિમા જાણવો અને સંપીને એક તાંતણે બંધાઈ રહેવું!'

•

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ એક વખત વડોદરામાં પધરામણીએ પધાર્યા હતા. તે સમયે એક યુવાન શ્રી મહેશભાઈ[૩] નવા સત્સંગી થયેલા. સન ૧૯૮૪માં પ્રમુખસ્વામી મહારાજ આ ભક્તના ઘરે પધરામણીએ જવા વિવેકસાગરદાસ સ્વામી, રાજેશ્વરદાસ સ્વામી તથા બ્રહ્મજીવનદાસ સ્વામી સાથે નીકળ્યા હતા. તે નવા સત્સંગી યુવાનની ગાડી આગળ અને સ્વામીશ્રીની ગાડી પાછળ. ગમે તેમ થયું, પણ સ્વામીશ્રીની ગાડી તે યુવાનની સોસાયટીમાં અન્ય માર્ગ ઉપર દોડવા માંડી. રસ્તામાં એક ખુલ્લા પ્લોટ આગળ આપણા એક જૂના હરિભક્ત એક લીંબડા નીચે ઊભા હતા. સ્વામી એમને ઓળખી ગયા અને બોલ્યાઃ 'કેમ જશભાઈ! અહીં?'

જશભાઈ બોલ્યાઃ 'આ પ્લોટ મારો છે અને મારે અહીં મકાન બનાવવું છે, પણ આ બે લીંબડાનું શું કરવું? તેની અવઢવ મનમાં ચાલે છે.'

સ્વામીશ્રી ગાડીમાંથી તરત નીચે ઊતર્યા અને બોલ્યાઃ 'લાવો પાણી, આ બેય લીંબડાને વર્તમાન ધરાવી બદરિકાશ્રમ તપ કરવા મોકલી આપીએ.'

વિવેકસાગરદાસ સ્વામી કહેઃ 'આ લીંબડાઓએ ખૂબ તપ કર્યું છે, હવે કેટલુંક તપ કરાવવું છે? આપણે જેને ઘરે જઈએ છીએ એ યુવાનને ત્યાં સંતાન નથી, એકને ત્યાં મોકલી દો અને બીજાને પ્રમોદને[૪] ઘરે દીકરો નથી એને ત્યાં મોકલી દો.' સ્વામીશ્રીએ તેવો સંકલ્પ કર્યો. અને નિઃસંતાન એવા મહેશભાઈને ઘરે બીજે વર્ષે ખુશીનું પારણું બંધાયું અને અમેરિકાથી પણ બીજે વર્ષે ખુશીના વાવડ આવ્યા!

વિવેકસાગરદાસ સ્વામી આ પ્રસંગના સાક્ષી છે.

•

આમ, લીંબડાની અનેક કથાઓ આપણી સંસ્કૃતિના પ્રાચીન દસ્તાવેજોથી લઈને આજ સુધીના ઇતિહાસમાં સંકળાઈ ગઈ છે. નવી પેઢીના યુવાનોને લીંબડાની એ ગાથાઓ વિશે કશી જાણ નથી. અમૃત સંજીવની સમા લીંબડાને નવી પેઢી વીસરી રહી છે, તેના પર કટાક્ષ કરતાં કવિ શ્રી કૃષ્ણ દવેએ લખેલું કાવ્ય અહીં પ્રસ્તુત કરું છું:

*લીંબડાને આવી ગ્યો તાવ, લીંબડાના દાદા કયે -*
*કહી કહીને થાકી ગ્યો, જાવ હજી ફાસ્ટફૂડ ખાવ.*
*ટી-શર્ટ જીન્સવાળી માંજરી બિલાડી કયે -*
*આપણને દૂધ નહીં ફાવે!*
*પિત્ઝા ને બર્ગરની આખી આ પેઢીને*
*રોટલી ને શાક ક્યાંથી ભાવે? વર્ષોથી*
*બોટલમાં કેદી થઈ સડતા એ પીણાને પીવો ને પાવ,*
*જાવ, હજી ફાસ્ટફૂડ ખાવ!*

સાચે જ, એ મંથન કરવાનો સમય આવ્યો છે કે લીંબડાની આવી અદ્ભુત રસગાથાઓને વિસારીને આપણે લીંબડાને તાવ લાવવો છે? કે આપણો તાવ ઉતારવો છે? ◆

૩. નામ બદલ્યું છે.

૪. નામ બદલ્યું છે.

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## અક્ષરધામના શિલ્પી, સૂર્યપુરના આંગણે...

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે અને સનાતન ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ધર્મજ્યોત લઈને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ અહોરાત્ર વિચરી રહ્યા છે. તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે આફ્રિકા અને ઓસ્ટ્રેલિયાનાં વિભિન્ન મહાનગરોનાં સત્સંગ-કેન્દ્રોમાં સતત પોણા ચાર મહિના સુધી આધ્યાત્મિક લાભ આપીને હજારો ભક્તો-ભાવિકોમાં સનાતન હિન્દુ ધર્મનાં સૈદ્ધાંતિક મૂલ્યોનું પ્રતિપાદન કર્યું હતું. જન જનના હિત કાજે અહોરાત્ર વિચરતા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વિખંડોની ધર્મયાત્રા પૂર્ણ કરીને ભારતમાં ગુજરાતના મહાનગર સુરત ખાતે પધાર્યા છે. સ્વામીશ્રીના આગમનથી અહીં હજારો હરિભક્તોમાં આનંદનું મોજું ફરી વળ્યું છે. સ્વામીશ્રીના સંકલ્પે સુરતના કણાદ ખાતે ભવ્ય સ્વામિનારાયણ અક્ષરધામ નિર્માણ પામી રહ્યું છે. આ અક્ષરધામના પરિસરમાં સ્વામીશ્રીના સાંનિધ્યમાં અહીં ભક્તિભર્યા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે, એ ભક્તિમય કાર્યક્રમોની એક અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત છે...



## સુરતમાં પરમ પૂજ્ય સ્વામીશ્રીનું આગમન

### ■ આગમન

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ઓસ્ટ્રેલિયાના સિડની ખાતેથી સંતો-ભક્તોની ભાવભીની વિદાય લઈને હવાઈ માર્ગે સુરત પધાર્યા હતા. તા. ૩-૪-૨૦૨૫ના રોજ વહેલી સવારે ભારતમાં સુરત ખાતે સંતમંડળ સાથે સ્વામીશ્રીનું આગમન થયું ત્યારે હજારો ભક્તો-ભાવિકો તેઓના સ્વાગત માટે ઊમટ્યા હતા. ગુરુહરિના આગમન નિમિત્તે પુષ્પોની સુંદર રંગોળીઓ બનાવી હતી. ગમનપથને લાલ જાજમથી આવૃત્ત કરવામાં આવ્યો હતો. સૌનાં હૈયાં આનંદ-ઉત્સાહથી થનગની રહ્યાં હતાં. યુવકોએ બૅન્ડની સુરાવલિઓ રેલાવી સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. ભક્તોએ પુષ્પવૃષ્ટિ કરીને ગુરુદેવને સત્કાર્યા. સુરતના વાય.પી.ડી. કન્વેન્શન સેન્ટર ખાતે પધારેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનું હજારો ભક્તો-ભાવિકો, સંતો, મહાનુભાવોએ ભક્તિભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. સ્વામીશ્રીએ સૌને દર્શનલાભ આપ્યો હતો.

એક વર્ષના અંતરાલ બાદ સુરત ખાતે પધારેલા પરમ પૂજ્ય સ્વામીશ્રીને સૌ સંતો-ભક્તો વતી સદ્‌ગુરુ પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી, કોઠારી ઉત્તમપ્રકાશદાસ સ્વામીએ પુષ્પહાર અર્પણ કરીને સત્કાર્યા હતા. સુરતના કામરેજ વિસ્તારના ધારાસભ્ય અને મંત્રીશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, સુરતના મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી અને ઉદ્યોગપતિ શ્રી લવજીભાઈ બાદશાહે પુષ્પહાર અર્પણ કરીને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું હતું. સૌનો ભક્તિભાવ સ્વીકારી સ્વામીશ્રીએ વિશિષ્ટ વ્રત-તપ-ઉપવાસ કરનાર ચાર હજારથી વધારે હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા.

૯૨ વર્ષની વયે આફ્રિકા અને ઓસ્ટ્રેલિયામાં સતત પોણા ચાર મહિના સુધી એકધારો સત્સંગલાભ આપ્યા બાદ સુરત પધારેલા પરમ પૂજ્ય સ્વામીશ્રીએ અહીં પ્રમુખસ્વામી હૉસ્પિટલમાં રૂટિન ચૅકઅપ બાદ સ્વામીશ્રીએ સંતોને નિત્ય પ્રાતઃપૂજા દર્શન અને શ્રીહરિ જયંતીએ સંતો-ભક્તોને અનેરો સ્મૃતિલાભ આપ્યો હતો.

### ■ શ્રી સ્વામિનારાયણ જયંતી

ચૈત્ર સુદ નવમી એટલે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણનો પ્રાગટ્યદિન. આ તિથિએ તા. ૬-૪-૨૦૨૫, આ પૃથ્વી પર અવતરેલા, સનાતન હિન્દુ ધર્મના જ્યોતિર્ધર ભગવાન શ્રી

સ્વામિનારાયણને એમના ૨૪૪મા પ્રાગટ્યદિને કોટિ કોટિ વંદના કરતો ઉત્સવભર્યો માહોલ સમગ્ર દિવસ દરમ્યાન છાઈ રહ્યો હતો.

પરમ પૂજ્ય સ્વામીશ્રીએ ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટ્યોત્સવે તેમની મૂર્તિનું પૂજન કરીને આરતી-અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મોત્સવને વધાવતી વિશિષ્ટ સભા રાત્રે અડાજણ સ્થિત બી.એ.પી.એસ. મંદિરની સમીપમાં આવેલા પ્રમુખસ્વામી મહારાજ સભાગૃહમાં યોજાઈ હતી. ભગવાનના જન્મોત્સવને વધાવવા માટે ઊમટેલા હજારો ભક્તો-ભાવિકોથી સભાગૃહ હકડેઠઠ ભરાઈ ચૂક્યો હતો. સૌનાં અંતરમાં ભક્તિની અનેરી ભરતી ચઢી હતી. સ્વામીશ્રી સભાગૃહના પરિસરમાં પ્રવેશ્યા ત્યારે યુવાનો અને હરિભક્તોએ બૅન્ડની સુરાવલિઓ, શંખનાદ વગેરે દ્વારા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને સત્કાર્યા. સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી મંચસ્થ થયા.

સંગીતજ્ઞ સંતોના સુમધુર કંઠે ગવાયેલાં ભક્તિપદોથી સભાનો શુભારંભ થઈ ચૂક્યો હતો. પૂજ્ય સંતોએ પ્રાસંગિક પ્રવચનોમાં આજના દિનનું મહિમાગાન કરતાં ભગવાન શ્રી રામચંદ્રજી અને ભગવાન શ્રી સ્વામિનારાયણના દિવ્ય અવતરણનો હેતુ સમજાવ્યો હતો. પ્રવચનો અને વીડિયો બાદ સંતોએ વિવિધ કલાત્મક હારતોરાથી સ્વામીશ્રીને વધાવ્યા.

આ પ્રસંગે સ્વામીશ્રીએ આશીર્વચનમાં ભગવાનના દિવ્ય મહિમાનું ગાન કરતાં જણાવ્યું, ‘‘આજે ચૈત્ર સુદ નોમની તિથિ છે. આ દિવસે શ્રીરામચંદ્ર ભગવાન અને ભગવાન સ્વામિનારાયણ પ્રગટ થયા. બંનેએ ધર્મ-નિયમના પાલન પર ખૂબ ભાર મૂક્યો છે. કારણ કે આજ્ઞામાં રહીએ તો જ સુખ-શાંતિ અનુભવાય. અને આજ્ઞા બહાર હોય તો - બહાર! મનધાર્યું કરવામાં અશાંતિ અનુભવાય.

શ્રીજીમહારાજે આજે અવતાર ધર્યો તે કેટલી મોટી કૃપા! ખરેખર, કૃપાનો પાર નહીં. જો સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા ન હોત, તો આપણે ચકરાવામાંથી નવરા જ ના પડત. ચક્કર ચક્કર ફર્યા જ કરત. પણ સ્વામિનારાયણ ભગવાને આ બ્રેક મારી અને આપણી શક્તિ બધી કલ્યાણને માટે, મોક્ષ માટે વપરાશમાં આવી... શ્રીજીમહારાજની કૃપાનું માપ જ નથી. આપણે બધા અત્યારે છીએ તે તેઓની કૃપાથી.

આ પ્રાપ્તિનો વિચાર કરીએ - તેઓ આપણા માટે આપણા જેવા થયા



અને નાનામાં નાનો હોય તેને પણ લાભ આપ્યો. આ પ્રાપ્તિનો વિચાર કરીએ તો આનંદ આનંદ થઈ જાય.''


આશીર્વચનની પૂર્ણાહુતિ બાદ સુવર્ણરંગી પારણામાં અક્ષરપુરુષોત્તમ મહારાજને પધરાવાયા. વિધવિધ થાળ ધરાવાયા. સ્વામીશ્રીએ જન્મોત્સવની ધૂન સાથે ઠાકોરજીને પ્રેમે ઝુલાવ્યા. બરાબર ૧૦:૧૦ વાગ્યે બાળપ્રભુના અવતરણને વધાવતાં આરતી ઉતારી. આનંદના વાતાવરણની વચ્ચે પ્રાગટ્યોત્સવનાં કીર્તનોની રમઝટ જામી. એ વખતે પણ સ્વામીશ્રીએ પુનઃ સ્વામી-શ્રીજીને પારણે ઝુલાવ્યા. બાળ-યુવાવૃંદે ઉત્સવિયાં પદોના તાલે ભક્તિનૃત્ય કરીને ભગવાનના અવતરણને વધાવતાં વંદના કરી હતી. સંતોએ પણ ઠાકોરજીને પારણે ઝુલાવીને ઈષ્ટભક્તિ અદા કરી હતી.

ગુરુહરિના સાંનિધ્યમાં ઈષ્ટદેવના જન્મને વધાવવા ઊમટેલા હજારો હરિભક્તોનાં હૈયાંમાં એક જ ભાવ ઊભરાતો હતોઃ *મોહે તો તુમ પ્રભુ એક આધારા...*

આજના પાવનકારી અવસરે દેશ-વિદેશનાં ૧૮૦૦થી વધુ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મોત્સવની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આબાલ-વૃદ્ધ સૌ કોઈએ આજે ભગવાનના જન્મોત્સવ નિમિત્તે નિર્જલ ઉપવાસ, તપ-વ્રત, વિશેષ દંડવત્ પ્રણામ-પ્રદક્ષિણા અને સદ્‌ગ્રંથોનું વાંચન ઉપરાંત મંદિરમાં અદ્‌ભુત સુશોભન, દીપમાળ, ભગવાનની સમક્ષ અન્નકૂટ, ભગવાનની શોભાયાત્રા, સમૂહ આરતી, સત્સંગ દીક્ષા હોમાત્મક પાઠ, શ્રીહરિ પર્વ વગેરે ભક્તિમય કાર્યક્રમો દ્વારા ભગવાનના જન્મોત્સવને હર્ષોલ્લાસ સાથે ઊજવ્યો હતો.

## ■ સ્વાગત સભા

તા. ૧૦-૪-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને સુરતના આંગણે સત્કારતી સ્વાગત -સભા યોજાઈ હતી. સુરતના અડાજણ ખાતેના બી.એ.પી.એસ. મંદિરેથી, કણાદ ખાતે નિર્માણ પામી રહેલા વિશાળ અક્ષરધામ પરિસરમાં પધારેલા પરમ પૂજ્ય સ્વામીશ્રીનું યુવકોએ બૅન્ડની સુરાવલિઓ સાથે સ્વાગત કર્યું હતું. સ્વાગત પથ પર ઊભેલા ભક્તોએ ધ્વજ લહેરાવી, પુષ્પવૃષ્ટિ દ્વારા ભવ્ય અક્ષરધામ પરિસરના સર્જકને સત્કાર્યા હતા. હજારો ભક્તો-ભાવિકોની ઉપસ્થિતિમાં સાયંકાળે યોજાયેલી સ્વાગત-સભામાં સંતો-યુવકોએ કીર્તન-ભજન અને બાળકો-યુવકોએ સ્વાગત-નૃત્યની પ્રસ્તુતિ કરીને ગુરુહરિને વધાવ્યા હતા. સદ્‌ગુરુ પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી, સુરત મંદિરના કોઠારી પૂજ્ય ઉત્તમ-પ્રકાશદાસ સ્વામી અને અન્ય સંતોએ પરમ પૂજ્ય સ્વામીશ્રીનું પુષ્પહાર અર્પણ કરીને સ્વાગત કર્યું હતું. અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સ્વાગત-સભામાં સૌ સંતો-ભક્તોને સ્વામીશ્રીએ આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા હતા.



કણાદ ખાતે નિર્માણાધીન અક્ષરધામની પવિત્ર ભૂમિ પર બિરાજીને પરમ પૂજ્ય સ્વામીશ્રી નિયત દિવસોએ હજારો ભક્તો-ભાવિકોને પૂજાદર્શન અને અમૃતવાણીનો લાભ આપી રહ્યા છે. વહેલી સવારે ૫:૦૦ વાગ્યાથી જ હજારો ભક્તો-ભાવિકોથી વિશાળ સભામંડપ ખીચોખીચ ભરાઈ જાય છે. પ્રાતઃપૂજા પૂર્વે ૫:૪૫ વાગ્યાથી સંસ્થાના વિદ્વાન સંતો 'મહંત ચરિતમ્' પર મનનીય પારાયણ અંતર્ગત કથા-વાર્તાનો લાભ આપી રહ્યા છે. પ્રાતઃપૂજામાં સંતો-યુવકો કીર્તન-ભક્તિ દ્વારા અને બાળકો મુખપાઠ દ્વારા સ્વામીશ્રીનો રાજીપો પ્રાપ્ત કરે છે.

સાયંકાળે યોજાતી વિશિષ્ટ સત્સંગ સભાઓમાં પણ સ્વામીશ્રી સૌને અલભ્ય દર્શન-આશિષથી કૃતાર્થ કરે છે. સ્વામીશ્રીની પાવન ઉપસ્થિતિથી સંતો-કાર્યકરો-હરિભક્તોનો આનંદ-ઉત્સાહ સાતમા આસમાને છે.

● તા. ૧૨-૪-૨૦૨૫, ચૈત્રી પૂર્ણિમાના રોજ શ્રી હનુમાન જયંતીના શુભદિને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ શ્રી હનુમાનજી મહારાજનું પૂજન કરીને આરતી-અર્ઘ્ય અર્પ્યું હતું. દેશ-વિદેશનાં બી.એ.પી.એસ. મંદિરોમાં પણ સંતો-ભક્તો-ભાવિકોએ શ્રી હનુમાનજી મહારાજનું પૂજન કર્યું હતું. સમગ્ર દિવસ દરમ્યાન વિવિધ ભક્તિમય કાર્યક્રમો દ્વારા ભક્તોએ શ્રી હનુમાનજી મહારાજની સ્તુતિ-વંદના, પૂજન-

અર્ચન અને હનુમાન-ચાલીસાના જાપ સાથે શ્રી હનુમાનજી મહારાજને ભક્તિ -અર્ઘ્ય અર્પણ કર્યું હતું.

## ■ રવિ સભા

તા. ૧૩-૪-૨૦૨૫ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં રવિ સત્સંગ-સભા યોજાઈ હતી. રવિવારનો દિવસ હોય અને સુરતમાં સ્વામીશ્રીની ઉપસ્થિતિ હોય પછી કોનું હૈયું ઝાલ્યું રહે!? હજારો હરિભક્તોનાં હૈયાં ગુરુહરિનાં દર્શનકાજે થનગની રહ્યાં હતાં. ચૈત્ર મહિનાના ધોમધખતા તાપમાં પણ સુરત તેમજ દક્ષિણ ગુજરાતનાં વિવિધ સત્સંગ કેન્દ્રોમાંથી હજારો હરિભક્તો-ભાવિકો અક્ષરધામની ભૂમિ પર ઊમટ્યા હતા. ગુરુહરિના સાંનિધ્યમાં પ્રથમ રવિસભાનો લાભ લેવા ઊમટેલા ભક્તસમુદાયથી વિશાળ સભામંડપ પણ નાનો પડ્યો હતો, આથી સંતો-કાર્યકરોના માર્ગદર્શન મુજબ અન્ય હજારો હરિભક્તો સભામંડપની બહાર ખુલ્લા મેદાનમાં બિરાજ્યા હતા. સૌ ભક્તો સહેલાઈથી સભાનો લાભ લઈ શકે તે માટે એલઈડી સ્ક્રિન મૂકવામાં આવ્યા હતા.

સાયંકાળે સંતો-યુવકોએ ધૂન-પ્રાર્થના-કીર્તનગાનથી સભાનો પ્રારંભ કરાવ્યો. ‘સંકલ્પ પૂર્તિનું મહાન તીર્થ...’ વિષય અંતર્ગત સંતોએ વક્તવ્યોનો લાભ આપ્યો હતો. વિવિધ પ્રેરક કાર્યક્રમોની પ્રસ્તુતિ બાદ યુવકોએ પ્રશ્નોત્તરી સ્વરૂપે પરમ પૂજ્ય સ્વામીશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. સૌ હરિભક્તો વતી સદ્‌ગુરુ પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજને પુષ્પહાર અર્પણ કર્યા હતા. સભાના અંતે પરમ પૂજ્ય સ્વામીશ્રી અને સંતો-ભક્તોએ શ્રી અક્ષર-પુરુષોત્તમ મહારાજને આરતી-અર્ઘ્ય અર્પ્યું હતું. પરમ પૂજ્ય સ્વામીશ્રીએ સૌ ભક્તો-ભાવિકોને આશીર્વાદ આપી કૃતાર્થ કર્યા હતા.

● તા. ૧૫ અને ૧૬ એપ્રિલના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ગોવિંદપુર (ધારી), નડા (ડભોઈ), ટાઢીવેડી (પોશીના), હફસાબાદ (મોડાસા), કિશોરપુરા (મોડાસા) અને મહેળાવના આમોદ (ગુરુપરંપરા) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

આમ, સુરત ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ કૃપાવર્ષા કરી રહ્યા છે. (બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆



# નવી દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાતે

## અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સ



ચાર દિવસની ભારતની મુલાકાતે આવેલા અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સ, તેમનાં પત્ની ઉષા અને ત્રણ બાળકો - ઈવાન, વિવેક અને મિરાબેલ સાથે તા. ૨૧-૪-૨૦૨૫ના રોજ દિલ્હી સ્થિત વિશ્વવિખ્યાત સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરની દર્શન-મુલાકાતે પધાર્યાં હતાં.

અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ પદે નિયુક્ત થયા બાદ, ભારતની પ્રથમ સત્તાવાર મુલાકાતે પધારેલા શ્રી જે. ડી. વાન્સ, ભારતમાં આગમન બાદ એરપોર્ટથી સીધા અક્ષરધામ મહામંદિરે પધાર્યા હતા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પૂજ્ય સંતોએ ઉપરાષ્ટ્રપ્રમુખશ્રી અને તેમના પુત્રોનું ભારતીય પરંપરા પ્રમાણે સ્વાગત કર્યું હતું. મહિલા અગ્રણીઓએ તેમનાં ધર્મપત્ની શ્રીમતી ઉષાજી અને તેમની સુપુત્રીનું સ્વાગત કર્યું હતું.

સનાતન હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિની અનેકવિધ શાશ્વત પ્રેરણાઓને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરતા વિશ્વના આ અતિપ્રસિદ્ધ કૉમ્પ્રિહેન્સિવ હિન્દુ મંદિર ખાતે ઉપરાષ્ટ્રપ્રમુખશ્રીએ શાંતિ અને ધન્યતાનો અનુભવ કર્યો હતો. ભગવાન શ્રી સ્વામિનારાયણને સમર્પિત તથા પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા નિર્મિત આ ભવ્ય મહામંદિરનાં અજોડ સ્થાપત્ય, બારીક કલાકોતરણીવાળા અનેક સ્તંભ, વિવિધ ડોમ અને સ્થાપત્યને નિહાળીને અભિભૂત થયા હતા. તેઓ અક્ષરધામના પ્રત્યેક પાસામાં છલકતી વિશ્વશાંતિની ઉદાત્ત ભાવનાથી તેઓ સવિશેષ પ્રેરિત થયા હતા.

ભારતનાં ભવ્ય સાંસ્કૃતિક વારસા તથા પારિવારિક મૂલ્યોની વિવિધ સમયાતીત રજૂઆતોને નિહાળી તેઓ અભિભૂત થયા. પોતાનાં બાળકો અને પત્ની સાથે ઉપરાષ્ટ્રપ્રમુખશ્રીએ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં દર્શન

કરી, એમનાં ચરણે ભાવાંજલિ અર્પણ કરી હતી. નજીકના ભવિષ્યમાં પોતાના પરિવાર સાથે અમેરિકામાં ન્યૂજર્સીના રોબિન્સવિલ સ્થિત ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામ મહામંદિરની મુલાકાતે પધારવાની પણ ઇચ્છા તેમણે વ્યક્ત કરી હતી. તેમનાં બાળકોએ તો ખૂબ મન ભરીને અક્ષરધામને માણ્યું અને વખાણ્યું.

ઉપરાષ્ટ્રપ્રમુખશ્રીની આ મુલાકાત એ ભારત અને અમેરિકાનાં શ્રદ્ધા, શાંતિ અને સંપનાં સહિયારાં મૂલ્યોને દર્શાવતાં, બન્ને રાષ્ટ્રોના પરસ્પર મજબૂત સંબંધોનું પ્રતીક બની રહી. આ વિશિષ્ટ યાદગાર મુલાકાતના અંતે તેઓશ્રીએ આ ભાવપૂર્ણ સ્વાગત બદલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા પ્રત્યે આભાર પ્રગટ કરતાં જણાવ્યું કે ‘મારા પરિવારને આ સુંદર સ્થાનમાં ઉષ્માપૂર્વક આવકારવા બદલ, આપના આતિથ્ય અને પ્રેમ માટે સૌનો ખૂબ આભાર. અત્યંત બારીકાઈ અને કાળજીપૂર્વક નિર્મિત આ સુંદર મંદિર ભારત માટે એક મહાન ઉપલબ્ધિ છે. ખાસ કરીને, અમારા બાળકોને તો ખૂબ ગમ્યું. ભગવાનને પ્રાર્થના સાથે શુભેચ્છાઓ.’


શ્રી જે. ડી. વાન્સ આ અભિપ્રાય લખી રહ્યા હતા તે દરમ્યાન, ત્યાં પ્રસ્તુત થયેલાં હાથી તથા અક્ષરધામનાં કલાત્મક મોડેલ્સ તેમનાં પુત્રી-પુત્રોને ખૂબ ગમ્યાં, તેથી પોતાની સાથે અક્ષરધામની કાયમી સ્મૃતિરૂપે લઈ ગયાં.

વિશ્વના આવા અનેક આંતરરાષ્ટ્રીય નેતાઓ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા રાજધાની દિલ્હીમાં નિર્મિત સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત લઈને, સનાતન ધર્મ અને ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોથી સુવાસિત થઈને જાય છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે નવેમ્બર ૨૦૦૫માં આ મહામંદિરનું લોકાર્પણ કર્યું ત્યારથી તેની મુલાકાતે આવેલા વિશ્વના ૧૯૧થી વધુ દેશોના કરોડો દર્શનાર્થીઓને સકારાત્મક પ્રેરણા આપી ચૂક્યું છે. અમેરિકન ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સની મુલાકાત તેનું એક વધુ ઉદાહરણ બની રહ્યું છે. ◆











# કેનેડાના વડાપ્રધાનશ્રી માર્ક કાર્ની ટોરન્ટો ખાતે પધાર્યા

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં દર્શન-મુલાકાતે

કેનેડામાં ટોરન્ટો ખાતેના વિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે તા. ૫-૪-૨૦૨૫ના રોજ કેનેડાના વડાપ્રધાન માનનીય શ્રી માર્ક કાર્ની દર્શને પધાર્યા હતા. ભગવાન શ્રીસ્વામિનારાયણ અને ભગવાન શ્રીરામની જન્મજયંતીના પવિત્ર દિવસે પધારેલા વડાપ્રધાનશ્રીનું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી પૂજ્ય સંતોએ અને અગ્રણી હરિભક્તોએ ભારતીય પરંપરા અનુસાર તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. તેમણે શ્રી નીલકંઠવર્ણી મહારાજનો અભિષેક કરીને કેનેડા અને વિશ્વભરમાં શાંતિ પ્રવર્તતી રહે તે માટે પ્રાર્થના કરી હતી.

મધ્યખંડમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને ફળફળાદિ તથા આરતી અર્ઘ્ય અર્પણ કરીને ભગવાન સ્વામિનારાયણને તેઓના પ્રાગટ્યોત્સવે વધાવ્યા હતા. મંદિરનું ભાવપૂર્વક નિરીક્ષણ કર્યા બાદ મંત્રમુગ્ધ થયેલા પ્રધાનમંત્રીએ સ્થાપત્ય અને જટિલ કોતરણીની ખૂબ પ્રશંસા કરી હતી. હિન્દુ ધર્મની આધ્યાત્મિક વિભાવના તથા સાંસ્કૃતિક મૂલ્યોની જાણકારી મેળવીને તેઓ પ્રભાવિત થયા હતા.

આ પ્રસંગે પ્રધાનમંત્રી કાર્નીને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા લખાયેલા અને સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી, ફ્રેન્ચ ભાષામાં અનુવાદિત સત્સંગદીક્ષા ગ્રંથ તેમજ તેમનો આશીર્વાદપત્ર અર્પણ કરાયો હતો. આશીર્વાદ પત્રમાં સ્વામીશ્રીએ લખ્યું હતું કે 'આજે કેનેડાના ટોરન્ટો સ્થિત બી.એ.પી.એસ. મંદિરમાં તમારું સ્વાગત કરતાં મને ખૂબ આનંદ અને ખુશી થાય છે... ભગવાન સ્વામિનારાયણને હું પ્રાર્થના કરું છું કે તમે કેનેડાને ખૂબ સક્ષમ રીતે દોરવણી આપતા રહો. તમે શક્તિ અને સ્ફૂર્તિથી કામ કરવાની ક્ષમતા ધરાવો છો. કેનેડા દરેક ક્ષેત્રમાં સફળતા મેળવતું રહે અને નાગરિકો સુખી રહે તેવી અમે પ્રાર્થના કરીએ છીએ.'

પ્રધાનમંત્રીએ પ્રતિભાવમાં મુલાકાતી નોંધપોથીમાં લખ્યું કે તમારી પ્રાર્થનાઓ અને આતિથ્ય માટે ખૂબ ખૂબ આભાર. અમે કેનેડા, ભારત અને તમામ રાષ્ટ્રો સાથે શાંતિ, એકતા, સંવાદિતા અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા સહયોગથી કામ કરવાની સંપૂર્ણ ખાતરી આપીએ છીએ.

કેનેડા અને વિશ્વભરમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થઈ રહેલાં વિવિધ સેવાકાર્યો બદલ તેઓશ્રીએ પરમ પૂજ્ય સ્વામીશ્રી અને સંસ્થાનો આભાર પ્રગટ કર્યો હતો. ◆

# ઓસ્ટ્રેલિયન સંસદભવનમાં રાજનેતા શ્રી જહોન ફુલબ્રુકે
# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં કાર્યોને બિરદાવ્યાં

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં કાર્યોને તા. ૨૦-૩-૨૦૨૫ના રોજ દક્ષિણ ઓસ્ટ્રેલિયાના સંસદભવનમાં રાજનેતા શ્રી જહોન ફુલબ્રુકે બિરદાવ્યાં હતાં. ઓસ્ટ્રેલિયાના સિડની મહાનગર ખાતે તાજેતરમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં થયેલા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ઊજવાયેલો પુષ્પદોલોત્સવ, રંગોત્સવનો ઉલ્લેખ કરી તેઓશ્રીએ બી.એ.પી.એસ. સંસ્થાનો આભાર માન્યો હતો.

ઓસ્ટ્રેલિયન સંસદના રેકર્ડ માટે તેઓશ્રીએ આધિકારિક નિવેદન તરીકે સ્વાનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે, 'મારા શબ્દો પુષ્પદોલોત્સવના અનુભવને યથાર્થ વર્ણવી નહીં શકે. રંગો સાથે સંકળાયેલો આ હિન્દુ તહેવાર તેના આધ્યાત્મિક મહત્ત્વ માટે જાણીતો છે. વિશ્વભરમાં ૧૩૦૦થી વધુ મંદિરોનું સર્જન કરનારી બી.એ.પી.એસ. સંસ્થા અહીં ઓસ્ટ્રેલિયામાં પણ અજાયબી સમાન મંદિરોનું નિર્માણ કરી રહી છે. મારા મતવિસ્તાર એડિલેડ ખાતેનું મંદિર પણ ખૂબ જ ભવ્ય છે. હું તો તેને ત્યાંની સાત અજાયબીઓમાંની એક અજાયબી ગણાવું છું. બી.એ.પી.એસ. સંસ્થાના ગુરુપદે બિરાજતા ૯૨ વર્ષના પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં દર્શનનો મને લાભ મળ્યો. તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણીની ૪૯ ફૂટ ઊંચી ધાતુની પ્રતિમા નિહાળી, સિડનીમાં ઉદ્‌ઘાટિત થયેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસરમાં ઉપસ્થિત રહેવાનો મને મોકો મળ્યો. ''બીજાના ભલામાં આપણું ભલું છે'' પરમ પવિત્ર મહંત સ્વામી મહારાજનો આ સંદેશ તમામ ઓસ્ટ્રેલિયનો માટે છે. આપણા બધા માટે ખૂબ જ સન્માનની વાત છે કે આ પુષ્પદોલોત્સવની ઉજવણી કરવા માટે તેમણે સિડનીને પસંદ કર્યું છે. શહેરથી દૂર આ વિસ્તારમાં હજારો મુલાકાતીઓને ભોજન આપવું, વાહન-વ્યવહાર અને ભીડનું નિયંત્રણ કરવું અને તે પણ કોઈ સમસ્યા વિના, આ બધું જ અસામાન્ય છે. મારા સહિત અનેક સાથી સાંસદોને આવકાર આપવા બદલ ખૂબ આભાર. પરમ પૂજ્ય સ્વામીશ્રી દ્વારા જે રંગોનો છંટકાવ થયો હતો, આજે એ જ પ્રસાદીભૂત સૂટ સાથે હું અહીં ઉપસ્થિત છું. એમનાં દર્શન કરીને અને પવિત્ર માળાની ભેટ સ્વીકારીને મેં ધન્યતા અનુભવી છે. આ સ્મૃતિ મને જીવનભર યાદ રહેશે. શાંતિ, સંવાદિતા અને નિઃસ્વાર્થ આનંદ સાથે, સૌને પ્રેમ આપવા બદલ બી.એ.પી.એસ. સંસ્થાનો આભાર.'

સંસદના ફ્લોર પર જાણીતા લોકનેતાનું આ સંબોધન અન્ય સૌ રાજનેતાઓએ વધાવ્યું હતું. ◆





# સિડનીમાં બી.એ.પી.એસ. સાંસ્કૃતિક પરિસર ખાતે યોજાઈ
# બી.એ.પી.એસ. રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આધ્યાત્મિક પરિષદ



પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે અધ્યાત્મ વિદ્યા અને સમાજના કલ્યાણની વિવિધ વિદ્યાઓનું સતત અનુશીલન-પરિશીલન થતું રહે તે હેતુથી એકેડેમિક પ્રવૃત્તિઓ માટે સન ૨૦૨૨માં સિડનીમાં 'બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરી હતી. આ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા સંસ્કૃતિ, સનાતન ધર્મ અને વૈદિક પરંપરાની સ્વામિનારાયણીય ઉપાસના પરંપરાનાં એકેડેમિક સંશોધનોથી લઈને વિવિધ સમાજ કલ્યાણની વિવિધ વિદ્યાઓ પર વિદ્વાનો દ્વારા કાર્યો થઈ રહ્યાં છે.

સિડનીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિર અને સાંસ્કૃતિક પરિસરમાં તા. ૨૮-૩-૨૦૨૫ના રોજ આ બી.એ.પી.એસ. રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા આધ્યાત્મિક પરિષદ યોજાઈ ગઈ. 'ટાઇમલેસ ટીચિંગ ફ્રોમ હિન્દુ મંદિર' શીર્ષક સાથે, હિન્દુ મંદિરોમાંથી પ્રાપ્ત થતા અમૂલ્ય બોધ વિષે યોજાયેલી આ કોન્ફરન્સમાં ઓસ્ટ્રેલિયામાં કાર્યરત ૨૧ સામાજિક સંગઠનોના ૭૦થી વધુ પ્રતિનિધિઓ પધાર્યા હતા. ઓસ્ટ્રેલિયાની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓમાંથી પધારેલા આ વિદ્વાનોનું પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી સંતોએ ભારતીય પરંપરા પ્રમાણે સ્વાગત કર્યું હતું.

કોન્ફરન્સમાં વિવિધ પ્રેરક રજૂઆતો બાદ પૂજ્ય સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો. આ પરિષદમાં મજબૂત અને સૌહાર્દપૂર્ણ સમાજના નિર્માણમાં હિન્દુ મંદિરોમાં શીખવવામાં આવતા સિદ્ધાંતો કેવી રીતે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, તેના પર ચર્ચાઓ થઈ હતી.

આ પ્રસંગે વિવિધ સામાજિક અને આધ્યાત્મિક સંગઠનોના પ્રતિનિધિઓએ પણ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થઈ રહેલા ઉચ્ચ નૈતિક સમાજના નિર્માણ અને ભારતીય સંસ્કૃતિના જતન બદલ બી.એ.પી.એસ. રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટને અભિવાદન પત્રો અર્પણ કર્યા હતા. આ પત્રોમાં બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા સમાજમાં આધ્યાત્મિક અને સામાજિક સંવાદિતાને જગાડવાની ઉચ્ચકોટિની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

પરિષદમાં ઉપસ્થિત રિવરસ્ટોનના રાજ્ય સાંસદ શ્રી વોરેન કિર્બીએ સમાજમાં પૂજાસ્થાનોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાથરીને કહ્યું, ''આગામી પેઢીમાં આવનાર નવા પ્રકારના પડકારોનો સામનો કરવા, તેઓમાં આધ્યાત્મિક મૂલ્યોનું સિંચન કરવા માટે મંદિરો અત્યંત આવશ્યક છે. મંદિરો હજારો વર્ષોથી ચાલતી ભાષા અને સંસ્કૃતિને જીવંત રાખીને તેનાં મૂલ્યોનું શિક્ષણ સમાજને આપે છે, આત્મગૌરવની ભાવના જગાડે છે.'' અંતે આ પરિષદમાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીના વક્તવ્ય દ્વારા સૌએ વિશેષ પ્રેરણા પ્રાપ્ત કરી હતી. ◆

# પશ્ચિમ આફ્રિકાના નાઈજીરીયા દેશમાં
# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સત્સંગનો શુભારંભ





પશ્ચિમ આફ્રિકામાં આવેલો નાઈજીરીયા દેશ તેની વિશાળ વસ્તી, ૨૫૦થી વધુ વસવાટ કરતી જાતિઓ, અનેક ભાષાઓ, વિપુલ ઓઈલ અને ગેસના જથ્થાને કારણે તેના 'જાયન્ટ ઑફ આફ્રિકા' નામને સાર્થક બનાવે છે.

સન ૧૯૬૦માં બ્રિટિશ સલ્તનતથી આઝાદી પ્રાપ્ત થયા પહેલાં અને પછીથી પણ ભારતીયો અહીં વસવાટ કરી રહ્યા છે. વર્ષો પહેલાં સિંધી સમાજના સભ્યો અહીં વેપાર અર્થે આવી વસ્યા હતા. સન ૧૯૯૦ના દાયકા પછીથી ગુજરાતી સમાજ પણ મોટા પ્રમાણમાં અહીં આવી વસ્યો છે. ભારતીયોએ અહીં આવીને પોતાનો હિન્દુ ધર્મ ખૂબ સારી રીતે સાચવ્યો છે. ૫૦થી પણ વધુ વર્ષોથી અહીં મંદિરોનું નિર્માણ થયું છે, જે આજે પણ ઉત્સવોની ઉજવણીથી મઘમઘતાં રહે છે.

વર્ષોથી અહીં આવી વસેલા સિંધી સમાજના પ્રમુખ શ્રી અનિલ ગોપવાણીજીને અમદાવાદથી જ બી.એ.પી.એસ સંસ્થાનો પરિચય હતો. સિંધી સમાજના અગ્રણી શ્રી લલિતભાઈ ગંગવાણીજી પણ ટોરન્ટો કેનેડાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગના યોગમાં આવ્યા હતા. આ બંને સિંધી મુરબ્બીઓએ બી.એ.પી.એસ. સંસ્થાના સંતોને નાઈજીરીયામાં આવી સત્સંગનો લાભ આપવા વિનંતી કરી હતી. વળી, વ્યવસાય અર્થે નિયમિત નાઈજીરીયા આવતા બી.એ.પી.એસ.ના કાર્યકર શ્રી હરિવદન જેઠવા તથા તેઓના યોગમાં આવેલા બી.એ.પી.એસ.ના સત્સંગી શ્રી જિજ્ઞેશભાઈ પટેલ, શ્રી મિલનભાઈ શાહ, શ્રી દિવ્યેશભાઈ પટેલ, શ્રી અશ્વિનભાઈ મકાણી તથા શ્રી જિગરભાઈ ઠક્કર વગેરેએ પણ સંતોના આગમન માટે વિનંતી કરી હતી. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સૌની એ ઇચ્છા સાકાર થઈ અને સંતોનું સૌપ્રથમ વિચરણ નાઈજીરીયાના લાગોસ શહેરમાં ગોઠવાયું.

તા. ૧૩-૩-૨૦૨૫ના રોજ ટોરન્ટોથી આવેલા ગુણસાગરદાસ સ્વામી, અક્ષરવંદનદાસ સ્વામી (અમેરિકા) તથા આફ્રિકા ખંડમાં વિચરણ કરતા બ્રહ્મકીર્તનદાસ સ્વામી તથા અમૃતસ્વરૂપદાસ સ્વામી-આ ચાર સંતોએ નાઈજીરીયા દેશમાં પધારીને સત્સંગનો શુભારંભ કર્યો હતો. સાથે નૈરોબીથી કાર્યકર શ્રી પુનિલભાઈ પટેલ તથા અર્પણભાઈ પટેલ પણ વિચરણ અર્થે જોડાયા હતા. લાગોસમાં રહેતા સ્થાનિક કાર્યકરોએ સંતોની વ્યવસ્થાઓ સંભાળી હતી.

નાઈજીરીયાના ઈકોનોમિક હબ તરીકે જાણીતા આ લાગોસ શહેરમાં પૂજ્ય સંતોની ભારતના કોન્સલ જનરલ શ્રી ચંદ્રમૌલી કુમારજી સાથે મુલાકાત યોજાઈ. આ

મુલાકાત દરમિયાન તેઓએ બી.એ.પી.એસ. સંસ્થા સાથેના તેઓના અનુભવો જણાવી સંસ્થા દ્વારા ચાલતી અનેકવિધ સેવા પ્રવૃત્તિને બિરદાવી હતી. સંતોએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા લિખિત સત્સંગદીક્ષા ગ્રંથ ભેટ સ્વરૂપે આપ્યો. તેઓએ જાહેર સત્સંગ સભામાં પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, 'માનવજીવનમાં જે પણ કંઈ પ્રાપ્ત કરવાનું છે તે તમામ બાબતો આ સત્સંગદીક્ષા ગ્રંથમાં સમાવિષ્ટ છે.'

સંતોએ અહીંના ઈસ્કોન મંદિર, ગીતામંદિર તથા ગીતા આશ્રમ વગેરે મંદિરોની દર્શન-મુલાકાત પણ લીધી હતી. અહીંના સ્થાનિક ટ્રસ્ટીઓ તથા પૂજારી-પંડિતોએ ખૂબ ભાવથી સંતોને વધાવ્યા હતા. તેઓએ કહ્યું કે આ અવસર અમારા માટે વિશિષ્ટ આનંદદાયક છે, કારણ કે હિન્દુ ધર્મના કોઈપણ સંતનું આ દેશમાં આ પ્રથમ આગમન થઈ રહ્યું છે.

તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ શનિવારે સાંજે અહીં યોજાતા સુંદરકાંડના પાઠમાં સંતો પધાર્યા હતા. પ્રતિ અઠવાડિયે યોજાતા આ સુંદરકાંડનો આ ૧૫૩મો પાઠ હતો. સંતોએ પણ સુંદરકાંડનો મર્મ સમજાવી ઉપસ્થિત ભક્તોને શ્રી હનુમાનજી જેવી ભક્તિ જીવનમાં દૃઢ કરવાની પ્રેરણા આપી હતી. આ ઉપરાંત હરિભક્તોનાં ઘરોમાં ગોષ્ઠિ સભાઓમાં એકત્રિત થયેલા ભક્તો-ભાવિકોને પણ સંતોએ સત્સંગ લાભ આપ્યો હતો.

તા. ૧૬-૩-૨૦૨૫ના રોજ ગીતા આશ્રમમાં જાહેર સત્સંગસભાનું આયોજન થયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા. સંપૂર્ણ આયોજન સિંધી સમાજના પ્રમુખ શ્રી અનિલભાઈ ગોપવાણીજીએ કર્યું હતું. સંતોની કીર્તન-ભક્તિ અને વ્યાખ્યાનોનો લાભ પ્રાપ્ત કરી ભાવિક ભક્તો આનંદિત થયા હતા. આ પ્રસંગે ખાસ ભારતના કોન્સલ જનરલ શ્રી ચંદ્રમૌલીજી, ગુજરાતી સમાજના ઉપપ્રમુખ શ્રી શૈલેશભાઈ તન્ના, ગુજરાતી સમાજના સેક્રેટરી શ્રી ચંદ્રેશભાઈ શાહ વગેરે અગ્રગણ્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. પૂજ્ય સંતોએ હરિભક્તોનાં ઘરો, દુકાનો અને ઉદ્યોગ સંકુલોમાં પધરામણી કરીને તેઓની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.




પધરામણીઓમાં અને ઘરસભામાં સંતો

કુલ પાંચ દિવસના વિચરણ દરમિયાન અનેક સત્સંગીઓ એકબીજાના પરિચયમાં આવ્યા, અનેક ભાવિકો વર્તમાન ધરાવી સત્સંગાભિમુખ થયા, અનેક વ્યક્તિઓએ વ્યસનથી મુક્ત થઈને પવિત્ર જીવન જીવવાના નિયમો ધારણ કર્યા અને અધ્યાત્મ માર્ગે આગળ વધવાની પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી.



આમ, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સંતોનું નાઈજીરીયા ખાતેનું પ્રથમ વિચરણ આફ્રિકાના સત્સંગ ઇતિહાસમાં એક નોંધપાત્ર સોપાન સમું બની રહ્યું. ◆

# ભારતીય સનાતન સંસ્કૃતિનો શંખનાદ કરતાં
# નૂતન બી.એ.પી.એસ. મંદિરોના મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો





આદિવાસી વિસ્તારમાં રાંધા ગામે નૂતન મંદિરના પ્રતિષ્ઠા પ્રસંગે યજ્ઞવિધિમાં વિશાળ ભક્ત સમુદાય

ભારતીય સનાતન સંસ્કૃતિનો શંખનાદ કરતાં મંદિરો દ્વારા હિન્દુ સંસ્કૃતિનો સૂર્ય ઝળહળતો રહ્યો છે. સનાતન હિન્દુ સંસ્કૃતિના જ્યોતિર્ધર ભગવાન શ્રી સ્વામિનારાયણના અખંડ ધારક ગુણાતીત ગુરુવર્યોએ નવખંડ ધરામાં, ૧૮૦૦થી વધુ બી.એ.પી.એસ. મંદિરોનું નિર્માણ કરીને સનાતન હિન્દુ સંસ્કૃતિની અસ્મિતાને જીવંત અને ઉન્નત રાખી છે. વૈદિક અક્ષરપુરુષોત્તમ ઉપાસનાની આહ્‌લેક પોકારતાં દેશ-વિદેશમાં ગૌરવ સમાન આ મંદિરો આધ્યાત્મિક મૂલ્યોનો શંખનાદ કરી રહ્યાં છે.

મંદિર-નિર્માણની આ અવિરત શૃંખલામાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી તાજેતરમાં કેટલાંક વધુ મંદિરો નિર્માણ પામ્યાં છે.

તેમાં શાનદાર રીતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો યોજાઈ ગયા. તેની એક અલ્પ ઝાંખી અહીં પ્રસ્તુત છે...

## રાંધા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે, છેલ્લાં ૫૦ કરતાં વધારે વર્ષોથી કેન્દ્રશાસિત આદિવાસી પ્રદેશ દાદરા-નગરહવેલીનાં અંતરિયાળ ગામોમાં ખૂબ વિચરણ કરીને, ઝૂંપડે ઝૂંપડે પધરામણીઓ કરીને આદિવાસી બંધુઓના જીવન-ઉદ્ધાર માટે અનેક કષ્ટો વેઠ્યાં છે. સ્વામીશ્રીએ અહીં વિવિધ દૂષણોમાં અટવાયેલા લોકોને સદાચારના માર્ગે વાળીને તેઓના જીવનનો યથાર્થ ઉત્કર્ષ કર્યો છે. આદિવાસી ભક્તોની લાગણીઓનું વારંવાર જતન કરનારા સ્વામીશ્રીની અનેક વાત્સલ્યસભર સ્મૃતિઓ આજેય સૌનાં હૈયાંમાં ચિરંતન બનીને જળવાઈ રહી છે.

પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા મુજબ, આ વિસ્તારનાં ૭૨ ગામોમાં સેલવાસ ખાતેના બી.એ.પી.એસ. મંદિરેથી નિયમિત રીતે વિચરણ કરતા ચિન્મયદાસ સ્વામી, આનંદમૂર્તિદાસ સ્વામી, કૃપાનિધિદાસ સ્વામી વગેરે સંતોના પ્રયાસોથી આદિવાસી ભક્તોના જીવનમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. સંતોના વિચરણથી અહીં વહેતી થયેલી સત્સંગ-ગંગાના ફળસ્વરૂપે હજારો પરિવારોનાં જીવનધોરણ અને ગુણવૈભવ ઉન્નત બન્યાં છે. પરિણામે અહીં તેમની ભક્તિની પ્રતીતિ રૂપે નૂતન મંદિરો સર્જાતાં રહ્યાં છે.

તાજેતરમાં આ વિસ્તારમાં રાંધા ગામે એવું એક વધુ મંદિર પ્રતિષ્ઠિત થયું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ચરણરજથી પાવન થયેલા આ રાંધા ગામમાં સત્સંગની શરૂઆત સન ૧૯૮૫થી થઈ હતી. તે સમયે ઉત્સાહી યુવકમંડળે રચેલા કુટિર મંદિરમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે તા. ૬-૬-૧૯૯૦ના રોજ વરસાદની વિકટ પરિસ્થિતિ વચ્ચે પણ અહીં પધારીને પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. રાંધામાં સંતો અને કાર્યકરોના વિચરણથી સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામ્યો. વર્ષોથી બાળ-બાલિકા, યુવક-યુવતી, મહિલામંડળ અને સંયુક્ત સત્સંગમંડળ ગતિમાન છે. સંનિષ્ઠ હરિભક્ત શ્રી ધવળુભાઈ રાજુ માહલા અને બાબનભાઈ રાજુ માહલાએ અર્પણ કરેલી ભૂમિ પર સૌના ભક્તિમય પુરુષાર્થથી નૂતન મંદિર નિર્માણ પામ્યું. તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તો-ભાવિકોના અનેરા ઉત્સાહ વચ્ચે ઊજવાઈ ગયો.





અંબાડા ગામે મૂર્તિ પ્રતિષ્ઠા વેળાએ સંતોનો સમુદાય

આ ઉત્સવના ઉપક્રમે તા. ૧૫-૩-૨૦૨૫ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયાગ યોજાયો, જેમાં ૧૫૦ યજમાન યુગલોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો. અપરાહ્ને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓ ગામમાં આશીર્વર્ષા કરે તે હેતુસર હર્ષોલ્લાસપૂર્વક શોભાયાત્રા યોજાઈ. કલાત્મક રથોમાં વિરાજમાન મૂર્તિઓ, તુરવાદ્ય મંડળી, પ્રાદેશિક નૃત્યમંડળી, વ્યસનમુક્તિ સંદેશ રથ, ભજનમંડળી, મસ્તક પર કળશ-પોથી ધારણ કરીને ભક્તિભાવ પ્રસરાવતાં બહેનો વગેરેથી શોભતી આ શોભાયાત્રાએ સૌમાં ભક્તિભાવનું મોજું પ્રસરાવી દીધું હતું.

ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે અમદાવાદ ખાતે તા. ૩-૧૨-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ, રાંધા મંદિરમાં તા. ૧૬-૩-૨૦૨૫ના રોજ અક્ષરચરણદાસ સ્વામી, ચિન્મયદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં થયો હતો. પ્રાસંગિક સભામાં સંતોએ સૌ ગામજનોને ભગવાનમાં શ્રદ્ધા રાખીને વ્યસનમુક્ત જીવનનો અનુરોધ કર્યો હતો.

શ્રી લક્ષીભાઈ માહલા, લક્ષ્મણભાઈ નિકુળિયા, શંકરભાઈ ગાવિત, ચેતનભાઈ કંજોડા, કેનીલભાઈ શાહ, જયેશભાઈ કાસોટ, કલ્પેશભાઈ બામરોલિયા, શૈલેશભાઈ (આફ્રિકા) વગેરે ભક્તો-ભાવિકોના સેવા-સહયોગથી ઉત્સવ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

## અંબાડા ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

વડોદરા જિલ્લાના પાદરા તાલુકામાં આવેલા અંબાડા ગામમાં સત્સંગની શરૂઆત સન ૧૯૯૮માં થઈ હતી. ગામમાં શિક્ષક તરીકે સેવારત શ્રી રાવજીભાઈ શિવાભાઈ પટેલ અને ઠાકોરભાઈ અંબાલાલ પટેલે અહીં સત્સંગની શરૂઆત કરી હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ અને અટલાદરા મંદિરથી સત્સંગ અર્થે પધારતા સંતોના ભક્તિમય પુરુષાર્થથી, ગામમાં સત્સંગ ઉત્તરોત્તર અભિવૃદ્ધિ પામતો રહ્યો. વિશેષતઃ સન ૨૦૦૦માં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ અહીં પધારીને સૌમાં સત્સંગ કરવાનું અનન્ય બળ પ્રેર્યું હતું. સંયુક્ત સત્સંગમંડળ, બાળમંડળ અને મહિલામંડળની શરૂઆત થતાં ગામમાં મંદિરની જરૂરિયાત જણાઈ. મંડળ સંચાલક શ્રી પ્રવીણભાઈ રાવજીભાઈ પટેલે સત્સંગકાર્ય માટે ભૂમિ અર્પણ કરી હતી, ત્યાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અને સંતોના માર્ગદર્શન અનુસાર હરિભક્તોનાં સમર્પણ, સેવા અને ભક્તિથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૫ માર્ચના રોજ યોજાયેલી નગરયાત્રામાં સમગ્ર ગામ અને આસપાસનાં ગામોના ભક્તો પણ જોડાયા. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૪-૧૧-૨૦૨૪ના રોજ પ્રતિષ્ઠિત મૂર્તિઓનો સ્થાપનવિધિ, અંબાડા મંદિરમાં તા. ૧૬-૩-૨૦૨૫ની પ્રભાતે વૈદિક મહાપૂજા સાથે પ્રતિષ્ઠાવિધિ ધર્મચરણદાસ સ્વામી, ભાગ્યસેતુદાસ સ્વામી અને સંતોએ કર્યો હતો. ત્યારબાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં સંતોએ પ્રેરક પ્રવચનોનો લાભ આપ્યો હતો.

## સીલી ખાતે યોજાયો મૂર્તિસ્થાપન ઉત્સવ

દાદરા-નગરહવેલી વિસ્તારના સીલી ગામમાં સંતોના વિચરણથી સન ૧૯૭૪માં બી.એ.પી.એસ. સ્વામિ-નારાયણીય સત્સંગની શરૂઆત થઈ હતી. થોડાંક વર્ષો બાદ શ્રી બાબુભાઈ ઢીંકર, તુળજીભાઈ વરઠા, રડકાભાઈ ઢીંકર, મંગલાભાઈ ઢીંકર, મંગલાભાઈ ડોડિયા, શામજીભાઈ વાળવી, દમુભાઈ ભંડારી, રવિયાભાઈ દયાતે ખૂબ દાખડો કરીને કુટિર મંદિર બનાવ્યું હતું. તેમાં તા. ૧૬-૩-૧૯૮૦ના રોજ પ્રમુખસ્વામી મહારાજે સૌ પ્રથમ આ કુટિર મંદિરમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિષ્ઠા કરી હતી, ત્યારથી આ વિસ્તારમાં સત્સંગ અને સંસ્કારનો સ્રોત વહેતો મુકાયો. કુટિર મંદિરનો પ્રભાવ ધીરે ધીરે વધતો ગયો. સંતોના વિચરણથી સત્સંગનો સૌને પારસસ્પર્શ થતાં ઝૂંપડે ઝૂંપડે ઘરમંદિરો થયાં અને સૌનું જીવન સત્સંગ, સદાચાર અને શિક્ષણથી મહેકવા લાગ્યું.

મહંત સ્વામી મહારાજ, ડૉક્ટર સ્વામી સહિત સદ્‌ગુરુ સંતોએ અનેકવખત અહીં પધારીને સત્સંગને પલ્લવિત કર્યો. ધીમે ધીમે વ્યસન અને અન્ય દૂષણોમાંથી પરિવારો મુક્ત થવાને લીધે સુખસમૃદ્ધિ દિનપ્રતિદિન વૃદ્ધિ પામી. સેલવાસ મંદિરથી પધારતા સંતો અને કાર્યકરોએ ગામજનોમાં સત્સંગ-નિષ્ઠા પ્રવર્તાવી. સીલીમાં વર્ષોથી સક્રિય સંયુક્તમંડળ, બાળ-બાલિકામંડળ, યુવામંડળ, મહિલામંડળના લીધે સત્સંગનો વ્યાપ અને વિકાસ થતાં અહીં સૌના ઉત્સાહથી સુંદર સભાગૃહ સાથેનું નૂતન મંદિર તૈયાર થયું છે.





સીલી મંદિરમાં મૂર્તિસ્થાપન બાદ દેવસ્વરૂપોને આરતીથી વધાવતા સંતો-ભક્તો, પ્રાસંગિક સભાનો લાભ લેતો ભક્ત સમુદાય

આ નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩-૪-૨૦૨૫ના રોજ શોભાયાત્રા યોજાઈ હતી. ભક્તમહેરામણ વચ્ચે કલાત્મક રથમાં વિરાજમાન મૂર્તિઓએ સર્વત્ર દૃષ્ટિ-આશિષ વરસાવીને સૌને ધન્ય કરી દીધા. શોભાયાત્રામાં વિવિધ પ્રેરણાત્મક સૂત્રો અને ફ્લોટ્સ દ્વારા જાહેર જનતાને વ્યસનમુક્તિની પ્રેરણા આપવામાં આવી હતી.

દ્વિતીય દિને સવારે સુશોભિત યજ્ઞશાળામાં, પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની સમક્ષ ૩૦૦ યજમાન યુગલોની ઉપસ્થિતિમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો હતો. તૃતીય દિને, ગુરુહરિ મહંત સ્વામી મહારાજના હસ્તે તા. ૩-૧૨-૨૦૨૪ના રોજ પૂજિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ સીલી મંદિરમાં રાજેશ્વરદાસ સ્વામી અને ચિન્મયદાસ સ્વામીએ કર્યો હતો. સાથે સાથે ભગવાન શ્રીરામ અને ભગવાન શ્રી સ્વામિનારાયણના જન્મોત્સવની ઉજવણી પણ શાનદાર રીતે થઈ હતી. જેમાં હજારો ભક્તો-ભાવિકોએ વિવિધ કાર્યક્રમો અને પૂજ્ય સંતોનાં પ્રેરક વક્તવ્યોનો લાભ પ્રાપ્ત કર્યો હતો.

આ વિસ્તારમાં સત્સંગને પલ્લવિત કરવામાં સેલવાસ

મંદિરથી વિચરણ કરનારા સંતોનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. મંડળ સંચાલક શ્રી મંગલભાઈ વરઠાની સાથે રવુભાઈ લોતડા, સુમાનભાઈ વરઠા વગેરે ભક્તોએ ઉત્સવમાં ખૂબ સેવા કરીને સફળ બનાવ્યો હતો. શૈલેશભાઈ ડી. પટેલ (આફ્રિકા), જિજ્ઞેશભાઈ શાહ, ચેતનભાઈ એસ. પટેલ (આફ્રિકા), દિલીપભાઈ પરમાર, રમણભાઈ કોલા વગેરે હરિભક્તોની વિશેષ સેવા રહી હતી.

સેવા-સહયોગથી નિર્માણ પામેલા મંદિરમાં સન ૨૦૦૮માં મૂર્તિપ્રતિષ્ઠાવિધિ યોજાયો હતો. આજેય સંયુક્તમંડળ બાળ-બાલિકામંડળ, યુવક-યુવતીમંડળ, મહિલામંડળ દ્વારા સત્સંગ પ્રતિદિન અભિવૃદ્ધિ પામી રહ્યો છે.

સ્થાનિક હરિભક્તોના ઉત્સાહથી આ વર્ષે મંદિર અને સિંહાસનનું નવીનીકરણ થતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તા. ૨૯-૧૧-૨૦૨૪ના રોજ પ્રાણપ્રતિષ્ઠિત





થાનગઢમાં મૂર્તિસ્થાપન વિધિ કરતા પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી, શોભાયાત્રામાં સંતો-ભક્તો

## થાનગઢ ખાતે યોજાયો પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સુરેન્દ્રનગર જિલ્લાના પૌરાણિક અને ઔદ્યોગિક નગર થાનગઢ ખાતેના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં તા. ૧-૩-૨૦૨૫ના રોજ પુનઃ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ ભક્તિભાવપૂર્વક ઊજવાયો હતો.

વર્ષો પૂર્વે થાનગઢમાં વીસનગરના શ્રી કાંતિભાઈ મોદીએ સત્સંગવૃદ્ધિમાં ખૂબ પુરુષાર્થ કર્યો હતો. શરૂઆતમાં હસમુખભાઈ સોનીને ત્યાં સત્સંગસભા થતી. ત્યારબાદ દયારામભાઈ જોશી, દેવેન્દ્રભાઈ આદેશરા, મગનભાઈ ખત્રી વગેરે હરિભક્તોની સત્સંગની સેવાથી સત્સંગ અભિવૃદ્ધિ પામતાં, સન ૧૯૭૬માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ હતી. સ્વામીશ્રીએ પ્રગટાવેલી સત્સંગની અમરવેલથી શહેરમાં સંસ્કૃતિ અને સંસ્કારની સોડમ પ્રસરવા લાગી. ગુણાતીત ગુરુવર્યો અને સદ્‌ગુરુ સંતોના સત્સંગ વિચરણ અને આશીર્વાદથી અનેકવાર પાવન થયેલા થાનગઢમાં સંતો અને કાર્યકરોની સેવાથી સત્સંગ દિનપ્રતિદિન અભ્યુદય પામતો રહ્યો. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી લાખામાચી રોડ ઉપર શ્રી કલ્પેશભાઈ દક્ષિણી સહિત અનેક નિષ્ઠાવાન હરિભક્તોના કરેલી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની મૂર્તિઓનો સ્થાપનવિધિ અક્ષરચરણદાસ સ્વામી અને સંતોના હસ્તે વેદોક્ત રીતે સંપન્ન થયો હતો. આ નિમિત્તે યોજાયેલી શોભાયાત્રા અને મહાપૂજાવિધિમાં ભક્તો-ભાવિકો જોડાયા હતા. મૂર્તિપ્રતિષ્ઠાવિધિ બાદ પ્રાસંગિક સભામાં આ ગામના પ્રખ્યાત સાહિત્યકાર અને લોકકલાકાર પદ્મશ્રી શાહબુદ્દીનભાઈ રાઠોડ અને જૂના સૂરજદેવળ મંદિરના મહંત પૂજ્ય દિલીપબાપુ પધાર્યા હતા. શહેરના નામાંકિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલી સત્સંગ-સભામાં પૂજ્ય સંતોએ પ્રેરક વક્તવ્યોનો લાભ આપ્યો હતો.

સુરેન્દ્રનગર મંદિરના કોઠારી ધર્મચિંતનદાસ સ્વામી તથા આ વિસ્તારમાં વિચરણ કરતા પૂર્ણચિંતનદાસ સ્વામી, ભક્તિતનુજદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ હરિભક્તોની સેવાથી આ ઉત્સવ સંપન્ન થયો હતો.

ગુણાતીત ગુરુવર્યોના આશીર્વાદ સાથે ઊજવાયેલા આ પ્રતિષ્ઠા ઉત્સવો દ્વારા હજારો લોકોને અધ્યાત્મ-ભક્તિની નૂતન પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. હરિભક્તોનાં સંપ, સુહૃદભાવ અને એકતાના પ્રતીક સમાન આ મંદિરો સૌના આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષ માટેનું અનુપમ કેન્દ્ર બની રહેશે. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં
# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## પેરિસ ખાતેનું નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિર પવિત્ર સ્થાપત્યોનાં પ્રદર્શનમાં સ્થાન પામ્યું



ફ્રાન્સની રાજધાની પેરિસ મહાનગર ખાતે નિર્માણ પામી રહેલું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર ફ્રાન્સમાં યોજાયેલા પવિત્ર સ્થાપત્યોનાં પ્રદર્શનમાં સ્થાન પામ્યું છે. શહેરી સ્થાપત્યકલાનાં પ્રદર્શનો માટે, પેરિસના વિખ્યાત સ્થાન, આર્સેનલ પેવિલિયન (The Pavilion de l'Arsenal) ખાતે 'સેક્રેડ પ્લેસિસઃ બિલ્ડિંગ, સેલિબ્રેટિંગ, કો-એક્ઝિસ્ટિંગ' થીમ સાથે પ્રદર્શનનું આયોજન થયું છે. સ્થાપત્યકલા, ધર્મો, પ્રકૃતિ અને આધુનિક સમાજમાં તેની સુસંગતતાના સંદર્ભમાં પવિત્રતાના મધ્યવર્તી વિચારને અહીં પ્રદર્શિત કરવામાં આવ્યો છે. અહીં પ્રસ્તુત થયેલી વિવિધ રજૂઆતોમાં પ્રાચીન અને પરંપરાગત ભારતીય સ્થાપત્ય કલાથી પેરિસમાં નિર્માણ પામનારું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ હિન્દુ મંદિર સ્થાન પામ્યું છે. તાજેતરમાં જ પુનઃનિર્માણ પામેલા વિખ્યાત નોટ્રે-ડેમ કેથેડ્રલ પાસે આયોજિત આ પ્રદર્શનમાં આ બી.એ.પી.એસ. મંદિર વિવિધ માધ્યમો દ્વારા રજૂ થયું હતું. પેરિસની અન્ય સીમાચિહ્ન સમાન ઇમારતોની સાથે આ પ્રદર્શનમાં સ્થાન પામનાર આ મંદિર દર્શાવે છે કે તે પેરિસના લોકો માટે કેટલું મહત્ત્વનું છે. આંતરધર્મ સંવાદિતાને પ્રોત્સાહન આપતું અને વિવિધતા, સર્વસમાવેશકતા અને પરસ્પર સહઅસ્તિત્વના સીમાચિહ્નરૂપ આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિર પેરિસનું નજરાણું બનશે. આ પ્રદર્શનમાં પધારનાર અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોએ આ પ્રદર્શનમાં આ મંદિરની રજૂઆતને બિરદાવી હતી. ◆

## અમદાવાદમાં સાહિત્ય અકાદમીની સહયોગિતા સાથે યોજાઈ અક્ષરપુરુષોત્તમ દર્શન પરિષદ




પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી અમદાવાદના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ ખાતે તા. ૨૩-૩-૨૦૨૫ના રોજ 'ભારતીય તત્ત્વજ્ઞાન પરંપરાઓમાં અક્ષરપુરુષોત્તમ દર્શન અને તેની સુસંગતતા' વિષયક આધ્યાત્મિક પરિષદ યોજાઈ હતી. ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત નવી દિલ્હી ખાતે કાર્યરત રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી તથા અક્ષરધામ ખાતે કાર્યરત બી.એ.પી.એસ. શોધ સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ પરિષદમાં મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીની ઉપસ્થિતિમાં આ કોન્ફરન્સ યોજાઈ હતી. વિવિધ વિદ્વાનોએ પ્રસંગોચિત શોધપત્રો અને વક્તવ્યોનો લાભ આપ્યો હતો.

આ પરિષદમાં કેન્દ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી પ્રો. શ્રીનિવાસ વરખેડીજી, રાષ્ટ્રીય સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી પ્રો. જી.એસ.આર. કૃષ્ણમૂર્તિ, શ્રી લાલબહાદુર શાસ્ત્રી વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી પ્રો. મુરલી મનોહર પાઠક, પ્રો. હરેકૃષ્ણ સત્પથી, સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી સુકાંતાકુમાર સેનાપતિ, સંસ્કૃત વિદ્વાન મહામહોપાધ્યાય શ્રી ગૌતમભાઈ પટેલ તથા વિવિધ વિશ્વવિદ્યાલયો અને સાહિત્ય અકાદમીના વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. આ દર્શન પરિષદમાં સૌ વિદ્વાનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વારા પ્રબોધિત મૌલિક તત્ત્વજ્ઞાનની આ પ્રસંગે સરાહના કરી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં

# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## થાઈલેન્ડમાં ભૂકંપ પીડિતો માટે બેંગકોક ખાતેના બી.એ.પી.એસ. મંદિર દ્વારા થયું રાહતકાર્ય



તા. ૨૮-૩-૨૦૨૫ના રોજ મ્યાનમાર અને બેંગકોક દેશોમાં આવેલા ૭.૭ની તીવ્રતાના વિનાશક ભૂકંપના લીધે ખૂબ મોટી સંખ્યામાં લોકોએ જીવ ગુમાવ્યા અને લાખો લોકો અસરગ્રસ્ત થયા હતા. પરિણામે ભય અને ગભરાટના કારણે અનિશ્ચિતતા અને તકલીફનું વાતાવરણ સર્જાયું હતું. આ દુઃખની વેળાએ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે અને સંતો-ભક્તોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ સમક્ષ આપત્તિગ્રસ્ત લોકો સત્વરે સાજા થાય તે માટે વિશેષ પ્રાર્થના કરી હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી થાઈલેન્ડના બેંગકોક શહેરમાં ગત વર્ષે પ્રતિષ્ઠિત થયેલા બી.એ.પી.એસ. હિન્દુ મંદિર દ્વારા, ભૂકંપ આવ્યાની સાંજથી જ રાહતકાર્યની શરૂઆત કરવામાં આવી હતી. સ્વયંસેવકો દ્વારા બી.એ.પી.એસ. મંદિરમાં અસરગ્રસ્ત લોકો માટે ગરમ ભોજન અને આશ્રયની જરૂરિયાત હોય તેવા નાગરિકો માટે કામચલાઉ રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવી હતી. અસરગ્રસ્તોના પરિવારજનોને શાંતિ પ્રાપ્ત થાય અને આ દેશોમાં ફરી સ્થિતિ પૂર્વવત્ થાય તે માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે ભૂકંપમાં અસરગ્રસ્ત થયેલા લોકો માટે ભગવાન સમક્ષ પ્રાર્થના કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ભૂકંપની આપદા પરિસ્થિતિ સામાન્ય ન બની રહે ત્યાં સુધી બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોએ ભૂકંપ પીડિતો માટે આ વિશેષ રાહતકાર્ય ચાલુ રાખ્યું હતું. ◆

## મણિપુરમાં યોજાયેલી સંગોષ્ઠિમાં યોજાયું અક્ષરપુરુષોત્તમ દર્શન વિષયક સત્ર



ઉત્તર-પૂર્વ ભારતમાં મણિપુર રાજ્યના બિશ્નુપુર જિલ્લામાં આવેલા શૈક્ષણિક નગર નાંબોલ ખાતેના રાધા માધવ આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલય તથા ભારતીય દાર્શનિક અનુસંધાન પરિષદ(ICPR)ના સંયુક્ત ઉપક્રમે તા. ૨૯ અને ૩૦ માર્ચના રોજ રાષ્ટ્રીય સંગોષ્ઠિનું આયોજન થયું હતું.

મણિપુરના પાટનગર ઈમ્ફાલના સિટી કન્વેન્શન સેન્ટરમાં 'ભક્તિ સિદ્ધાંત' પર સંગોષ્ઠિ યોજાઈ હતી, જેમાં મુખ્ય અતિથિ અને વક્તા તરીકે મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. આ રાષ્ટ્રીય સંગોષ્ઠિમાં મણિપુર વિદ્વત્ પરિષદ, રાધા માધવ આદર્શ સંસ્કૃત મહાવિદ્યાલય અને મૈતૈયી સેવા સભા, આ ત્રણેય સંસ્થાઓએ પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીને 'ભાષ્યમણિભાસ્વર' સન્માનથી સન્માનિત કર્યા હતા.

આ સંગોષ્ઠિમાં, વર્તમાન પડકારોના સમયમાં શાંતિ માટે અક્ષરપુરુષોત્તમ દર્શનના મહત્ત્વ પર એક ખાસ સત્રનું આયોજન થયું હતું, જેમાં મહામહોપાધ્યાય પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ વક્તવ્યનો લાભ આપ્યો હતો. ત્યારબાદ વિદ્વાનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રબોધિત શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શન પર પોતાનાં મંતવ્યો રજૂ કરીને આ વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનને વધાવ્યું હતું. આમ, ઉત્તર-પૂર્વ ભારતમાં મણિપુર રાજ્યમાં પણ વિદ્વત્ પરિષદના વિદ્વાનોએ શ્રી અક્ષરપુરુષોત્તમ દર્શનનાં વધામણાં કરીને ધન્યતા અનુભવી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં
# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## બાળપ્રવૃત્તિ દ્વારા યોજાઈ કાર્યકર શિબિરો



બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિ અને બાળ-બાલિકા કાર્યકરોના વિકાસ માટે દર વર્ષે કાર્યકર શિબિરનું આયોજન બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા કરવામાં આવે છે. આ વર્ષે વિશેષ રૂપે નિરીક્ષકો અને અગ્રેસરો માટે કાર્યકર શિબિરનું આયોજન તા. ૪ જાન્યુઆરી ૨૦૨૫ થી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન થયું હતું. સાંકરી, બોચાસણ, ગોંડલ, અમદાવાદ, નાશિક અને રાજસ્થાન મંદિર ખાતે યોજાયેલી ૯ શિબિરમાં બાળ-બાલિકા નિરીક્ષકો અને અગ્રેસર કાર્યકરોએ લાભ લીધો હતો. આ શિબિરનો મધ્યવર્તી વિચાર હતોઃ 'मम कर्तव्यम्'. ગુણાતીત ગુરુવર્યોના પગલે ચાલીને તમામ કાર્યકરો પોતાના કર્તવ્યને બરાબર સમજે અને તે પ્રમાણે વિશેષ સેવારત બને તે માટે યોજાયેલી આ શિબિરમાં કાર્યકરોએ પોતાનાં મુખ્ય ત્રણ કર્તવ્યોને ઘૂંટ્યાં હતાં. જેમ કે - મંડળ વિકાસ, કાર્યકર વિકાસ અને વાલી વિકાસ. ગુરુહરિ મહંત સ્વામી મહારાજે તેઓના આશીર્વાદમાં સૌ કાર્યકરોને સંપ, સુહૃદભાવ અને એકતાથી સેવા કરીને આ ત્રણેય કર્તવ્યો પર ભાર મૂક્યો હતો.

શિબિરના પ્રારંભમાં તમામ કાર્યકરોનું રજવાડી સાફા બાંધીને, પુષ્પ-કંકુ વડે વધાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આકર્ષક વીડિયો શો, સ્કીટ, એક્ટીવીટી, પૂજ્ય સંતો-કાર્યકરો દ્વારા થતાં વર્કશોપ અને પ્રવચનો વગેરે દ્વારા સૌ કાર્યકરોને પોતાના સેવાકીય કર્તવ્યનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. આ શિબિરનો લાભ ૪,૫૫૧ જેટલા બાળ-બાલિકા નિરીક્ષક-અગ્રેસર કાર્યકરોએ પ્રાપ્ત કરી પોતાના સેવાકીય કર્તવ્યની દૃઢતા કરી હતી. ◆

## હરિભક્તો માટે યોજાઈ ઠેર ઠેર સત્સંગ શિબિરો



પ્રતિસપ્તાહ સત્સંગ સભાઓમાં હરિભક્તો કથાવાર્તા દ્વારા આધ્યાત્મિક પોષણ મેળવે છે. એમાં વિશેષ પુષ્ટિ માટે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવે છે. આ આયોજનોની શૃંખલામાં તાજેતરમાં માર્ચ માસમાં સત્સંગ શિબિરો યોજાઈ હતી.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સત્સંગને સુવર્ણ સમાન ગણાવ્યો છે. વળી, પ્રત્યેક સત્સંગીએ પણ સુવર્ણ સમા સત્સંગની ચમક પોતાના વ્યક્તિગત જીવનમાં ઝાંખી ન પડે એ માટે સતત જાગ્રત રહેવાનું છે. ગુરુહરિના આ ઉપદેશને આધારે 'સુવર્ણ સત્સંગ' એ મધ્યવર્તી વિચાર સાથે આ સત્સંગ શિબિરનો કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો. જેમાં નિત્ય જીવનમાં ભક્તિ અને જ્ઞાન, નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન, વ્યક્તિગત શાસ્ત્રાભ્યાસ, પ્રાપ્તિનો વિચાર વગેરે વિષયો પર વિદ્વાન સંતોએ વ્યાખ્યાનો આપ્યાં હતાં. સાથે સાથે, વીડિયો દ્વારા સદ્‌ગુરુ સંતોનું માર્ગદર્શન પણ હરિભક્તોને પ્રાપ્ત થયું હતું. વિવિધ પ્રસંગોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજે આપેલા આશીર્વચન અને પત્ર-ઉપદેશ આધારિત વર્કશોપ દ્વારા હરિભક્તોને સત્સંગમય જીવનની વિશેષ પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. સમગ્ર ગુજરાત અને પરપ્રાંતનાં મંદિરોમાં કુલ 60 જેટલી એક દિવસીય સત્સંગ શિબિરોમાં 1,10,000થી વધુ ભક્તોએ લાભ લીધો હતો. શિબિરનાં આયોજન અને વ્યવસ્થામાં પૂજ્ય નિર્દેશક સંતો તથા અગ્રેસર કાર્યકરો જોડાયા હતા. ◆

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં

# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## સિંગાપોરમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ઊજવાયો મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ



પૃથ્વીના પૂર્વીય દેશોમાં ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, થાઈલૅન્ડ, હોંગકોંગ, સિંગાપોર વગેરે દેશોમાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી સત્સંગની અભિવૃદ્ધિ થઈ રહી છે. આ ગુણાતીત ગુરુવર્યોએ સિંગાપોરની ધરતી પર અનેક વખત પધારીને સત્સંગ-ભક્તિનાં આધ્યાત્મિક આંદોલનો પ્રસરાવ્યાં છે. તેઓના આશીર્વાદથી સિંગાપોરમાં તા. ૧૫-૫-૨૦૧૬ના રોજ નૂતન મંદિર પ્રતિષ્ઠિત થયું હતું. આ મંદિરમાં તા. ૨૩ થી ૨૫ માર્ચ દરમ્યાન પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની ઉપસ્થિતિમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિ અને શ્રી નીલકંઠવર્ણી મહારાજની અભિષેક મૂર્તિનો પ્રતિષ્ઠા ઉત્સવ ઊજવાયો હતો. આ ઉત્સવ નિમિત્તે નૂતન મૂર્તિઓની શોભાયાત્રા અને વૈદિક મહાપૂજાવિધિ યોજાયાં હતાં.

પ્રતિષ્ઠાવિધિ બાદ અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં પૂજ્ય સંતોનાં પ્રેરક વક્તવ્યો પછી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. આજે ઉપસ્થિત હરિભક્તોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ભક્તિભાવપૂર્વક ભક્તિતુલા કરીને, ભગવાન સમક્ષ અન્નકૂટ અર્પણ કરીને, આરતી અર્ઘ્ય અર્પણ કર્યું હતું. આ મંદિરમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની ચલમૂર્તિની પ્રતિષ્ઠા થતાં હરિભક્તોમાં આનંદ અને ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. ◆

## દુબઈમાં યોજાયેલ 'ગ્લોબલ જસ્ટિસ, લવ એન્ડ પીસ સમિટ'માં બી.એ.પી.એસ.નું પ્રતિનિધિત્વ



એક્સ્પો સિટી, દુબઈ ખાતે તા. ૧૨ અને ૧૩ એપ્રિલ, ૨૦૨૫ના રોજ 'ગ્લોબલ જસ્ટિસ, લવ એન્ડ પીસ સમિટ' યોજાઈ હતી, જેમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાને આમંત્રણ મળ્યું હતું. સમગ્ર વિશ્વમાંથી હજારો પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સમિટમાં યુ.એ.ઈ.ના ટોલરન્સ મિનિસ્ટર શેખ નહ્યાન બિન મુબારક અલ નહ્યાન તેમજ નોબેલ પારિતોષિક વિજેતાઓ, વૈશ્વિક નેતાઓ સહિત ૧૨૦૦ પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મંચસ્થ મહાનુભાવોએ સહિષ્ણુતા અને પ્રેમ દ્વારા વૈશ્વિક એકતાનું સર્જન કરવા માટે શાંતિ અને સંવાદિતાની ખૂબ જરૂરિયાત છે, તે વિષયક પોતાના વિચારો રજૂ કર્યા હતા. બી.એ.પી.એસ. સંસ્થા અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ વતી તેમજ અબુધાબીના વિશ્વવિખ્યાત બી.એ.પી.એસ. હિન્દુ મંદિરના પ્રતિનિધિ રૂપે પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ આ સમિટમાં ઉપસ્થિત રહી વક્તવ્ય રજૂ કર્યું હતું. શાંતિ અને સંવાદિતાના નિર્માણમાં ભગવાનમાં શ્રદ્ધા અને આધ્યાત્મિકતાના મહત્ત્વ વિષે વાત કરી એમણે જણાવ્યું કે કઈ રીતે અબુધાબીનું બી.એ.પી.એસ. હિન્દુ મંદિર શાંતિ, સહિષ્ણુતા અને સંવાદિતાનું પ્રતીક બની રહ્યું છે, જેણે અત્યાર સુધીમાં વિશ્વના ૨૫ લાખથી વધુ લોકોને આવકાર્યા છે. સનાતન ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને ઉજાગર કરતા આ બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું ઉદાહરણ વિશ્વ સમક્ષ પ્રસ્તુત કર્યું હતું. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં
# લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## યુવા તાલીમ કેન્દ્ર દ્વારા અંતર-જાગૃતિ પર્વ



પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ દ્વારા સ્થાપિત અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા પ્રેરિત સારંગપુર ખાતે કાર્યરત યુવા તાલીમ કેન્દ્ર દ્વારા અંતર જાગૃતિ પર્વ યોજાયું હતું. યુવાનોના સર્વાંગી ઘડતર માટે છ મહિના સુધી અનેકવિધ તાલીમનાં માધ્યમો પૈકીનો એક વિશિષ્ટ અનુભવ એટલે આ પર્વ. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજના વિચરણનો પરિચય થાય, હરિભક્તોના પ્રેરણાદાયી જીવનમાંથી સત્સંગનાં અનેક મૂલ્યોની પ્રેરણા મળે તે હેતુથી આ અંતર જાગૃતિ પર્વનું આયોજન થાય છે.

વર્ષ ૨૦૨૫ના પ્રથમ સત્રના તાલીમાર્થી યુવકોએ અંતર જાગૃતિ પર્વ અંતર્ગત તા. ૨ થી ૧૨ એપ્રિલ સુધી ગુજરાત, મહારાષ્ટ્ર અને રાજસ્થાનનાં વિવિધ ક્ષેત્રોમાં વિચરણ કર્યું હતું. આ ક્ષેત્રોના હજારો ભક્તો-ભાવિકોના ઘરે વ્યક્તિગત સંપર્ક દ્વારા યુવકોએ આધ્યાત્મિક ક્ષેત્રે અભિવૃદ્ધિ કરાવવા વિવિધ નિયમો ગ્રહણ કરાવ્યા અને વ્યસનીઓને વ્યસનમુક્તિનો સંકલ્પ ગ્રહણ કરાવ્યો હતો. આ ઉપરાંત જાહેર સત્સંગસભા, બાળસભા અને શાળાઓમાં વિદ્યાર્થી પ્રેરણા સભા દ્વારા હજારો શ્રોતાઓએ કથામૃતનો લાભ પ્રાપ્ત કર્યો હતો. યુવા તાલીમ કેન્દ્ર દ્વારા આયોજિત આ વિશિષ્ટ પ્રવૃત્તિ દ્વારા હજારો ભક્તો-ભાવિકોને ઉચ્ચ જીવનની પ્રેરણા પ્રાપ્ત થઈ હતી. સાથે સાથે તાલીમાર્થી યુવકોને સત્સંગની દૃઢતા સાથે મહિમાની વિશિષ્ટ દૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. ◆

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ કેસ સ્ટડીને શ્રેષ્ઠ કેસ સ્ટડી તરીકે બહુમાન



બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશનના અનુસ્નાતકો માટે અમદાવાદના જગવિખ્યાત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ મૅનેજમેન્ટ(IIM) દ્વારા 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ' કેસ સ્ટડીને વર્ષ ૨૦૨૪ના શ્રેષ્ઠ કેસ સ્ટડીનું સન્માન પ્રાપ્ત થયું છે.

ખૂબ જ આનંદની વાત છે કે આ વર્ષે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવઃ એક મેગા પ્રોજેક્ટની ડિઝાઇન' આ કેસ સ્ટડીને પ્રતિષ્ઠિત 'ફિલિપ થોમસ મેમોરિયલ કેસ ઍવૉર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યો છે અને વર્ષ ૨૦૨૪માં અમદાવાદ IIM કેસ સેન્ટરમાં નોંધાયેલા શ્રેષ્ઠ કેસ સ્ટડી તરીકે સન્માનિત કરવામાં આવ્યો છે. સનાતન ધર્મના મહાન સંતવિભૂતિ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનો શતાબ્દી મહોત્સવ અમદાવાદ ખાતે ડિસેમ્બર-જાન્યુઆરી ૨૦૨૨-૨૩માં ભવ્યતાથી ઊજવાયો હતો. આ મહોત્સવ પર IIM અમદાવાદના પ્રો. સરલ મુખર્જી, પ્રો. ચેતન સોમન અને સહયોગીઓ દ્વારા તૈયાર થયેલા આ કેસ સ્ટડીનું સન્માન એ આ મહોત્સવના પાયામાં રહેલા લાખો ભક્તો-સંતોનાં સેવા, સમર્પણ અને શ્રદ્ધાનું એક વિશિષ્ટ સન્માન છે. વૈશ્વિક સ્તરે વિદ્યાર્થીઓ, શિક્ષણવિદો અને ઉદ્યોગ વ્યાવસાયિકો માટે નેતૃત્વ અને પ્રોજેક્ટ મૅનેજમેન્ટના વિષયમાં આ કેસ સ્ટડીઝ દીર્ઘકાળ સુધી પ્રેરણાસ્રોત બની રહેશે. ◆

### ભક્તરાજ ઘનશ્યામભાઈ પુરુષોત્તમદાસ પટેલ, નકુરુ, ઉં.વ. ૮૩, અક્ષરવાસઃ તા. ૩-૪-૨૦૨૫



પૂર્વ આફ્રિકા સત્સંગમંડળના પાયાના ભક્તરાજ શ્રી હરમાનભાઈ પટેલના પરિવારમાં જન્મેલા શ્રી ઘનશ્યામભાઈનો જન્મ આફ્રિકામાં થયો હતો. શ્રી હરમાનભાઈના નાના બંધુ અને શ્રી ઘનશ્યામભાઈના પિતા એવા શ્રી પુરુષોત્તમદાસ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના અત્યંત રાજીપાવાળા હરિભક્ત હતા. સત્સંગમાં પિતા અને કાકાની તાલીમ પામેલા શ્રી ઘનશ્યામભાઈએ નાની ઉંમરમાં શાસ્ત્રીજી મહારાજનાં દર્શનનો લાભ લીધો હતો. શરૂઆતના તબક્કામાં મોમ્બાસામાં તેઓશ્રી યુવકમંડળમાં કાર્યકર તરીકે જોડાઈ યુવકોને ખૂબ જ ઉત્સાહથી સેવામાં જોડતા. ત્યારે યોગીજી મહારાજની ઇચ્છા મુજબ, સત્સંગી યુવકો દ્વારા સંચાલિત આફ્રિકા મ્યુઝિક બેન્ડ ગ્રૂપમાં તેઓએ વર્ષો સુધી બેન્ડ માસ્ટર તરીકે સેવા આપી અને ઘણા યુવકોને બેન્ડમાં મ્યુઝિકના વાદ્યોની તાલીમ આપી હતી. પ્રમુખસ્વામી મહારાજ જ્યારે પણ આફ્રિકા પધારે ત્યારે તેમને જોઈ ખૂબ જ રાજી થતા. સ્વામીશ્રી હંમેશા તેમને જી.પી.ના હુલામણા નામથી સંબોધન કરતા. શિસ્તપૂર્વક અહોરાત્ર સેવાના આગ્રહી શ્રી ઘનશ્યામભાઈએ મોમ્બાસામાં વિકટ પરિસ્થિતિમાં અને સંઘર્ષમય દિવસોમાં પણ સત્સંગની ખૂબ સેવા કરી હતી. ત્યારબાદ સ્વામીશ્રીની આજ્ઞાથી મોમ્બાસાથી નકુરુ સ્થાયી થયા. તેમણે પોતાના ત્રણ સુપુત્રોમાંથી પ્રમુખસ્વામી મહારાજે સામેથી પસંદ કરેલા પુત્ર(હાલ પૂજ્ય રાહુલદાસ સ્વામી, અમદાવાદ)ને સ્વામીશ્રીનાં ચરણે અર્પણ કરીને સત્સંગની વિશેષ સેવા કરી હતી. તેઓએ કેન્યા સત્સંગમંડળમાં વર્ષો સુધી ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. સન ૧૯૮૮માં સ્વામીશ્રી ૨૦૦ સંતો સાથે નકુરુ પધાર્યા ત્યારે ખૂબ જ મહિમાથી સંતોની સેવા કરી સત્સંગ લાભ લીધો હતો. સન ૧૯૯૩માં આંખની બીમારી થતાં તેઓ દૃષ્ટિહીન થયા હતા. આમ છતાં, તેઓના નિષ્ઠા અને સમર્પણના કેફમાં લેશમાત્ર ઊણપ આવી નહીં. શૂરવીરપણાનું અને પક્ષનું અંગ ધરાવતા ઘનશ્યામભાઈ હરિભક્તોની સેવામાં ખડેપગે ઊભા રહેતા. તેઓની વિદાયથી એક નિષ્ઠાવાન ભક્તરાજની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ.

### શ્રી હરિભાઈ ચોટલિયા, રાજુલા, ઉં.વ. ૭૨, તા. ૧૨-૯-૨૦૨૪



બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજના કૃપાપાત્ર ભક્તરાજ શ્રી હરિભાઈ ચોટલિયાએ ગોંડલ અક્ષરમંદિરમાં વર્ષો સુધી તેમજ વિવિધ મહોત્સવમાં ઇલેક્ટ્રિક વિભાગમાં સેવાઓ કરી હતી. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી રાજુલા મંદિરમાં પુજારી અને અગ્રણી કાર્યકર તરીકે સેવારત રહ્યા હતા. નિત્ય મંદિર સેવા અને નિયમ-ધર્મમાં દૃઢ રહીને તેઓએ ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓના અક્ષરવાસથી સેવાનિષ્ઠ હરિભક્તની ખોટ પડી છે. હાર્દિક શ્રદ્ધાંજલિ.

## વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અંગે...

**શિક્ષણ સેવા...**

પ્રતિવર્ષે આર્થિક સહાયની જરૂરિયાતવાળા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને ફંડની મર્યાદામાં રહીને શૈક્ષણિક સહાય આપવામાં આવે છે. જરૂરિયાતવાળી વ્યક્તિઓએ આ અંગે નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને અરજી કરવા વિનંતીઃ **૧.** સહાય માટેનું અરજીપત્ર મેળવવા માટે જે તે વિસ્તારમાં મંદિરના પૂજ્ય કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને રૂબરૂ મળી અરજીપત્ર મેળવી લેવું. **૨.** જૂનાં અરજીપત્રો સ્વીકારવામાં આવશે નહીં. **૩.** વિદ્યાર્થીઓએ તા. ૨૦-૭-૨૦૨૫ સુધીમાં માહિતી ભરી અરજીપત્ર તેમના વિસ્તારના પૂજ્ય કોઠારી સંત/અધિકૃત વ્યક્તિને મોકલી આપવું. **૪.** અરજીપત્રકો પ્રમાણિત કરનારે બધી વિગતો ચકાસ્યા બાદ જ ભલામણ કરવી. **૫.** રૂ. ૧૦/-ના સ્ટેમ્પવાળું પોતાનું નામ-સરનામું લખેલા કવર સાથે પણ અરજીપત્ર મંગાવી શકાશે. **૬.** તમામ અરજીપત્રો તા. ૨૬-૭-૨૦૨૫ સુધીમાં અમદાવાદ શિક્ષણ વિભાગમાં મોકલી આપવાનાં રહેશે.

**નોંધઃ પ્લે ગ્રૂપ, નર્સરી - કે. જી. માટે સહાય આપવામાં આવતી નથી, તેની નોંધ લેશો. કોઠારી સ્વામી/અધિકૃત વ્યક્તિને ખાસ વિનંતીથી જણાવવાનું કે વિગતો ભરીને આવેલા ફોર્મની ચકાસણી કરી પછી જ આપનો અભિપ્રાય જણાવવો. માર્કશીટ અને ફી ભરેલી પહોંચોની ઝેરોક્ષ સાથે બીડવી ફરજિયાત છે.**

**સંપર્કઃ શિક્ષણ વિભાગ, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, ધર્મસદન, શાહીબાગ, અમદાવાદ- ૩૮૦ ૦૦૪**













## આંતરરાષ્ટ્રીય મહાનુભાવો સાથે બી.એ.પી.એસ. સંસ્થાના સંતો-ભક્તોની સ્નેહ મુલાકાત

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ લોકસેવાઓ અને સંસ્કાર-પ્રવૃત્તિઓથી પ્રભાવિત થઈને દેશ-વિદેશના અનેક મહાનુભાવો સંસ્થા પ્રત્યે પોતાનો અહોભાવ પ્રગટ કરતા રહે છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ તથા વર્તમાન સમયે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની આધ્યાત્મિક છત્રછાયા નીચે ચાલતી આવી અનેકવિધ સેવાઓને તેઓ બિરદાવતા રહે છે. તાજેતરમાં થયેલી એવી કેટલીક આંતરરાષ્ટ્રીય મુલાકાતોનું એક છબી-સ્મરણઃ (૧) ટોરન્ટો ખાતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં દર્શને પધારેલા કેનેડાના વડાપ્રધાન શ્રી માર્ક કાર્ની. સાથે પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ગુણસાગરદાસ સ્વામી, પૂજ્ય નિત્યવિવેકદાસ સ્વામી વગેરે સંતો અને અગ્રણી હરિભક્તો, (તા. ૫-૪-૨૦૨૫). (૨) અબુધાબીના એક રાજવી, ડે. વડાપ્રધાન અને વિદેશમંત્રી શ્રી શેખ અબ્દુલ્લાહ બિન ઝાયેદ અલ નહ્યાન સાથે પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી, પૂજ્ય અક્ષરાતીતદાસ સ્વામી અને અબુધાબી મંદિરના ટ્રસ્ટીઓની સ્નેહ-મુલાકાત, (તા. ૧૪-૪-૨૦૨૫). (૩) દિલ્હીમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે તેમના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાતમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા વતી પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી. (૪) અબુધાબીના બી.એ.પી.એસ. હિન્દુ મંદિરે પધારેલા ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિન્દનું સ્વાગત અભિવાદન કરતા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામી અને અગ્રણીઓ, (તા. ૨૧-૪-૨૦૨૫).

Swaminarayan Prakash Gujarati, May 2025, Published on 1-5-2025. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.



૧



૨



૩

(૧) અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ શ્રી જે. ડી. વાન્સ અને તેમના પરિવારે તેમની પ્રથમ ભારતયાત્રામાં સૌ પ્રથમ દિલ્હી ખાતે સ્વામિનારાયણ અક્ષરધામની દર્શન-મુલાકાત લઈને પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને સનાતન ધર્મનાં આરાધ્ય સ્વરૂપોને અંજલિ અર્પી. (૨-૩) કેનેડાના વડાપ્રધાન શ્રી માર્ક કાર્નીએ ટોરન્ટોના વિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધારી ટ્રસ્ટીઓ, ભક્તો અને વિવિધ સમુદાયના લોકો સાથે સંવાદ સાધ્યો. પૂજ્ય સંતોએ મહંત સ્વામી મહારાજ વતી તેઓનું સ્વાગત કરી સત્સંગદીક્ષા ગ્રંથ, સ્મૃતિભેટ અર્પણ કર્યાં.



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas